Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૈલાસ-પદ્મ
# સ્વાધ્યાય સાગર




## દેવવંદન, જ્ઞાનપૂજા,
## મૌનએકાદશી ગણણું, દિવાળી ગણણું

૮

પ્રકાશક : શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રમણ ભગવંતોની શ્રુત ઉપાસના



For Private And Personal Use Only



શ્રી મહાવીર સ્વામી, કોબા
સૂર્યકિરણ તિલક
૨૨ મે. બપોરે ૨.૦૭ મિનિટ



યોગનિષ્ઠ આચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી



શ્રી ગૌતમસ્વામી, કોબા



ચારિત્રચૂડામણિ આચાર્ય
શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી



રાષ્ટ્રસંત આચાર્ય
શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી



શિલ્પશાસ્ત્રજ્ઞ આચાર્ય
શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી



સ્વાધ્યાય નિમગ્ન
ઉપાધ્યાય
શ્રીમદ્ ધરણેન્દ્રસાગરજી



સ્વાધ્યાય સાગર આદ્ય સંપાદક
મુનિ પ્રવર
શ્રી ત્રૈલોક્યસાગરજી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમર્પણ



જિનશાસનના મહાન પ્રભાવક
શ્રુતસમુદ્ધારક, યુગભાસ્કર
રાષ્ટ્રસંત આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી ના
સંયમજીવનના ૫૨ વર્ષના સુવર્ણ અવસર પર
તથા પૂજ્ય ગુરુભગવંતશ્રીના ૭૨માં વર્ષમાં
પદાર્પણના પુનીત મંગલ અવસરે
" કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર " ના
૯ ભાગ તેઓશ્રીના કરકમલમાં
સમર્પણ કરતા આત્મિક આનંદ
અનુભવીએ છીએ.

મુનિ પદ્મરત્નસાગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૈલાસ-પદ્મ

## ૮

# સ્વાધ્યાય સાગર

**દેવવંદન, જ્ઞાનપૂજા, મૌનએકાદશી ગણણું, દીવાળી ગણણું.**

વૃક્ષાકી શોભા ફલ ફુલોં સે હોતી હે
સરિતાકી શોભા પ્રવાહ સે હોતી હે,
સાગરકી શોભા મર્યાદા સે હોતી હે,
સોચો! સંયમ કી શોભા સ્વાધ્યાય સે હોતી હે.

: પ્રકાશક-પ્રાપ્તિસ્થાન :

શ્રુતસરિતા (બુકસ્ટોલ)

**શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,**

કોબા - ૩૮૨૦૦૯ (ગાંધીનગર)

ફોન નં. ૦૭૯-૨૩૨૭૬૨૦૪, ૨૦૫, ૨૫૨

ફેક્સ નં. ૦૭૯-૨૩૨૭૬૨૪૯

**શ્રી વિશ્વમૈત્રીધામ જૈન તીર્થ-બોરીજ, ગાંધીનગર**

ફોન નં. ૦૭૯-૫૫-૭૨૭૧૮૧, ૨૩૨૪૩૧૮૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**+ દિવ્ય આશિષ +**

**યો.આ.શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.**

**+ દિવ્યકૃપા +**

અજાતશત્રુ ગીતાર્થ ગચ્છાધિપતિ આચાર્યદેવ

**શ્રીમદ્ કૈલાસસાગરસૂરીશ્વરજી મ.**

**+ આશિષ +**

શિલ્પ મર્મજ્ઞ આચાર્યદેવ

**શ્રીમદ્ કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.**

**+ ગુરુકૃપા +**

શ્રુતસમુદ્ધારક આચાર્યદેવ

**શ્રીમદ્ પદ્મસાગરસૂરીશ્વરજી મ.**

**+ પ્રેરક +**

**મુનિશ્રી પ્રશાંતસાગરજી**

**+ સંપાદક +**

**મુનિશ્રી પદ્મરત્નસાગરજી**

**+ સહયોગી +**

**મુનિશ્રી પુનીતપદ્મસાગરજી**

**મુનિશ્રી પૂર્ણપદ્મસાગરજી**

**આવૃત્તિ :** દ્વિતીય - ૧૦૦૦ નકલ
વિ.સં. ૨૦૬૩, ઇ.સ.૨૦૦૬
**મૂલ્ય :** બાહ્યમૂલ્ય - ૧૫-૦૦
આભ્યંતર મૂલ્ય - આત્મરમણતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

-: अर्हम् नमः :-

-: मंगल कामना :-

मुझे यह जानकर प्रसन्नता हुई है कि- "कैलास-पद्म-स्वाध्याय-सागर" की द्वितीय आवृत्ति प्रकाशित होने जा रही है।
"स्वाध्याय" संयमी जीवन का परम साथी एवं कल्याण मित्र है।
सम्यक् ज्ञान के प्रकाश में व्यक्ति अपने कार्य के परिणाम को जान सकता है। अपनी विकृति को संस्कृति में बदल सकता है।
वासना को भावना में परिवर्तित करने की प्रक्रिया भी ज्ञान के द्वारा उपलब्ध होती है। स्वाध्याय के माध्यम से आत्म चिंतन के द्वारा मन के परिणाम का शुद्धिकरण होता है। परिणाम शुद्ध होने पर ही सिद्ध बना जाता है।
इस स्वाध्याय सागर का संकलन एवं संपादन विद्वान् मुनिश्री पद्मरत्न सागरजी म. ने किया है, यह प्रशंसनीय है।
मुझे आशा है कि इस पुस्तक के पठन-पाठन द्वारा अनेक आत्मा विकास के पथ पर अपनी जीवन यात्रा में स्वयं का पूर्ण विराम प्राप्त करने के योग्य बनेगी।

शुभेच्छुक :-
पद्मसागर सूरि
दि. २३-१०-०६
नूतन वर्ष

सादड़ी भवन धर्मशाला
पालीताणा (गुजरात)
सिद्धक्षेत्र

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકાશકીય...

પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોને તથા મુમુક્ષુ આત્માઓને અત્યંત ઉપયોગી થઈ શકે તેમજ વિહાર આદિમાં રાખવા માટે સુલભતા રહે તે હેતુથી અલગ-અલગ વિભાગમાં 'કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર' પ્રકાશિત થાય એ અમારી ઘણા સમયથી મહતી અભિલાષા હતી, જે પૂર્ણ થતા અમને આત્મિક પરમાનંદ પ્રગટ થાય છે.

સ્વાધ્યાય સાગર ને જ સંશોધિત પરિમાર્જીત કરી કૈલાસપદ્મ સ્વાધ્યાયસાગરની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરતાં અત્યંત હર્ષ થાય છે. નવ ભાગોમાં પ્રકાશિત થઈ રહેલ આ પ્રકાશન અનેક પ્રકારનાં સુધારા વધારા તથા ઉપયોગી માહિતીથી સમૃદ્ધ કરવામાં આવ્યું છે. જેની નોંધ લેવી ઘટે તેમ છે.

આ ગ્રંથનું પ્રકાશન કરતા અમોને એ બાબતની પણ વિશેષ ખુશી થાય છે કે આ સાથે અમો અમારી એક લાંબા ગાળાથી પ્રતિક્ષિત એક જવાબદારી પૂર્ણ કરવા સમર્થ થયા છીએ.

પૂજ્ય આચાર્યશ્રીના વરિષ્ઠ શિષ્ય **ઉપાધ્યાય પ્રવર શ્રી ધરણેન્દ્રસાગરજી**ની એમના કાલધર્મ પૂર્વે પ્રબલ ભાવના હતી કે સ્વાધ્યાય સાગરનું પુનઃ પ્રકાશન થાય... અને એ માટે તેઓશ્રીના સદ્ઉપદેશથી અમુક ધનરાશિની પણ વ્યવસ્થા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયેલ. એ દ્રવ્યનો ઉપયોગ પ્રસ્તુત પ્રકાશનમાં થયેલ છે. અમો તે સહુ નામી-અનામી દાતાશ્રીઓનો અત્રે આભાર માનીએ છીએ.

વિશુદ્ધ ક્રિયાપાત્ર **પૂજ્ય મુનિપ્રવર શ્રી ત્રૈલોક્યસાગરજીએ** સાધુ-સાધ્વીજી ભગવંતોમાં વ્યાપક પણે આદર પ્રાપ્ત થયેલ સ્વાધ્યાય સાગર ગ્રંથ અત્યંત પરિશ્રમ લઇને આદ્ય સંપાદનનું કાર્ય કરેલ. એ મુનિપ્રવરનું સ્મરણ કરીને હાર્દિક અનુમોદના કરીએ છીએ.

આ ગ્રંથના પાઠશુદ્ધિ સંશોધનમાં તથા ગ્રંથ માટે મહત્વનું માર્ગદર્શન દર્શાવ્યું, તેવા મુનિવરો મુનિશ્રી હેમચંદ્રસાગરજી, મુનિશ્રી નિર્વાણસાગરજી તથા મુનિશ્રી અજયસાગરજીને તેમના સ્તુત્ય કાર્ય બદલ સંપૂર્ણ સાધુવાદ ઘટે છે.

આ સમગ્ર ગ્રંથના સંપાદન કાર્ય માટે પૂ. મુનિશ્રી પદ્મરત્નસાગરજી આદિ એ ખૂબ શ્રમ કરેલો છે તેની અમે અનુમોદના કરીએ છીએ.

આ ગ્રંથના પ્રુફ સંશોધનમાં યો. આ. શ્રી બુદ્ધિસાગરસૂરિ સમુદાયવર્તિની સા. શ્રી રત્નત્રયાશ્રીજી, સા. શ્રી નલિનયશાશ્રીજી તથા સા. શ્રી જયનંદિતાશ્રીજી એ પણ અમૂલ્ય સહયોગ કર્યો છે. તેમનું પણ ઋણ સ્વીકાર કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા સ્થિત પં. શ્રી નવિનભાઈ જૈન, પં. શ્રી જિગરભાઈ ધામી, પં. શ્રી આશિષભાઈનો પણ ખૂબ જ સુંદર સહયોગ મળ્યો છે, અમો તેમને સાધુવાદ આપીએ છીએ.

આ ગ્રંથના મૂલ મેટર તથા તેનું સંપૂર્ણ કંપોઝ તથા બટર માટે (કોબા) આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર સ્થિત કમ્પ્યુટર વિભાગમાં કાર્યરત શ્રી કેતન શાહ તેમજ સંજય ગુર્જરે અથાગ શ્રમ લઈને પ્રસ્તુત ગ્રંથને સુંદર બનાવવામાં મહત્વનું યોગદાન કરેલ છે, તે બદલ તેઓને હાર્દિક અભિનંદન ઘટે છે.

પ્રસ્તુત ગ્રંથમાં પાઠશુદ્ધિને પ્રધાન મહત્વ આપ્યુ છે, છતાં અશુદ્ધિ તરફ ધ્યાન દોરાશે તો સહર્ષ સાભાર તે તરફ લક્ષ કેન્દ્રિત કરાશે.

ગ્રંથમાં નામી-અનામી દ્રવ્ય સહયોગી મહાનુભાવોના તથા મુદ્રણ માટે બિજલ ગ્રાફિક્સના મળેલ સહકાર સદૈવ સ્મરણમાં રહેશે.

પ્રાંતે આ ગ્રંથનો સદ્ઉપયોગ કરી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ પ્રાપ્ત થાય એજ મંગલ કામના.

**પ્રકાશક**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા

જ્ઞાનપદ પૂજા ........................................ ૧
શ્રી પદ્મવિજયજી ગણિવર વિરચિત શ્રી ચૌમાસી-દેવવંદન ૫
શ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજી કૃત જ્ઞાનપંચમી દેવવંદન ..... ૪૨
શ્રી રૂપવિજયજી વિરચિત મૌનએકાદશી-દેવવંદન ........ ૬૫
શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી કૃત દિવાળી દેવવંદન .......... ૮૯
દીવાળીનું ગણણું ........................................ ૯૯
મૌન એકાદશીનું ગણણું ........................................ ૯૯
પર્યુષણાનું ચૈત્યવંદન ........................................ ૧૦૪
પર્યુષણ પર્વનું ચૈત્યવંદન ........................................ ૧૦૫
પર્યુષણ પર્વનું ચૈત્યવંદન ........................................ ૧૦૫
પર્યુષણ પર્વ સ્તવન ........................................ ૧૦૬
પર્યુષણ પર્વ સ્તવન ........................................ ૧૦૭
પર્યુષણ પર્વ સ્તુતિ ........................................ ૧૦૮
અષ્ટમી તિથિનું ચૈત્યવંદન ........................................ ૧૦૯
અષ્ટમી તિથિ સ્તવન ........................................ ૧૧૦
વીરપ્રભુનું હાલરડું ........................................ ૧૧૧
વીરપ્રભુનું ૨૭ ભવનું સ્તવન (પાંચ ઢાળ) ............. ૧૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનપદ પૂજા

## સૂત્ર વાંચન પૂર્વે ભણાવવાની પૂજા

(દુહો)

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમ ભીતિ;
સત્યધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. .......... ૧

(ઢાળ : અરણિક મુનિવર ચાલ્યા ગોચરી...એ દેશી)

જ્ઞાનપદ ભજીએ રે જગત સુહંકરું, પાંચ એકાવન ભેદે રે;
સમ્યગ્જ્ઞાન જે જિનવરે ભાખિયું, જડતા જનની ઉચ્છેદે રે,
જ્ઞાનપદ ભજીએ રે જગત સુહંકરું. ...................... ૧

ભક્ષ્યાભક્ષ્ય વિવેચન પરગડો, ખીર નીર જેમ હંસો રે,
ભાગ અનંતમો રે અક્ષરનો સદા, અપ્રતિપાતી પ્રકાશ્યો રે.જ્ઞાન૦ ૨

મનથી ન જાણે કુંભકરણ વિધિ, તેહથી કુંભ કેમ થાશે રે,
જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા, સદસદ્ભાવ વિકાસે રે.જ્ઞાન૦ ૩

કંચન નાણું રે લોચનવંત લહે, અંધોઅંધ પુલાય રે,
એકાંતવાદી રે તત્વ પામે નહિ, સ્યાદ્વાદ રસ સમુદાય રે. જ્ઞાન૦ ૪

જ્ઞાનભર્યા ભરતાદિક ભવતર્યા, જ્ઞાન સકળ ગુણ મૂળ રે,
જ્ઞાની જ્ઞાનતણી પરીણતિ થકી, પામે ભવજલ કૂળ રે.જ્ઞાન૦ ૫

અલ્પાગમ જઈ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમવંત રે,
ઉપદેશ માળામાં કિરિયા તેહની, કાય ક્લેશ તસ હુંત રે. જ્ઞાન૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જયંત ભુપો રે જ્ઞાન આરાધતો તીર્થંકર પદ પામે રે,
રવિ શશિ મેહપરે જ્ઞાન અનંત ગુણી, સૌભાગ્ય લક્ષ્મી હિતકામેરે.
.......................................................... જ્ઞાન૦ ૭

(કાવ્ય ઈન્દ્રવ્રજાવૃત)

અન્નાણ સંમોહ તમોહરસ્સ નમો નમો નાણદિવાયરસ્સ
પંચપ્પયારસ્સુવગારગસ્સ, સુત્તાણ સવ્વત્થપયાસગસ્સ... .. ૧

(ભુજંગ પ્રયાતવૃત)

હોયે જેહથી જ્ઞાન શુદ્ધ પ્રબોધ યથાવર્ણ નાસે વિચિત્રાવબોધ
તેણે જાણિયે વસ્તુ ષડ્ દ્રવ્યભાવાનહુએ વિતત્થા નિજેચ્છા
સ્વભાવા હોય પંચ મત્યાદિ સુજ્ઞાનભેદે ગુરૂપાસ્તિથી
યોગ્યતા તેહ વેદે વળી જ્ઞેય હેય ઉપાદેય રૂપે લહે ચિતમાં
જેમ ધ્વાંત પ્રદીપે............................................ ૨

(ઢાળ : ઉલાલાની દેશી)

ભવ્ય નમો ગુણજ્ઞાનને સ્વપર પ્રકાશક ભાવેજી,
પરજાય ધર્મ અનંતતા ભેદાભેદ સ્વભાવેજી. .............. ૧

(ઉલાલો)

જો મુખ્ય પરિણતિ સકલજ્ઞાયક બોધ ભાવ વિલચ્છના
મતિ આદિ પાંચ પ્રકાર નિર્મળ સિદ્ધિ સાધન લચ્છના
સ્યાદ્વાદ સંગી તત્ત્વરંગી પ્રથમ ભેદા ભેદતા
સવિકલ્પને અવિકલ્પ વસ્તુ સકલ સંશય છેદતા........... ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(ઢાળ : શ્રીપાળના રાસની દેશી)

ભક્ષ્યાભક્ષ્ય ન જે વિણ લહિએ, પેય અપેય વિચાર
કૃત અકૃત ન જે વિણ લહીએ, જ્ઞાનતે સકલ આધાર રે
ભવિકા સિદ્ધચક્ર પદ વંદો... ૧

પ્રથમ જ્ઞાનને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું,
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો જ્ઞાનીએ શિવ સુખ ચાખ્યું રે ભવિકા.૨

સકલ ક્રિયાનું મૂળ તે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહીએ,
તેહ જ્ઞાન નિત નિત વંદિજે, તે વિણ કહો કેમ રહીયે રે ભવિકા.૩

પંચજ્ઞાનમાંહી જેહ સદાગમ, સ્વપર પ્રકાશ તેહ,
દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જેમ રવિ શશિ મેહરે ભવિકા.૪

લોક ઉર્ધ્વ અધો તિર્યગ જ્યોતિષ વૈમાનિક ને સિદ્ધ
લોકાલોક પ્રગટ સવિ જેહથી તેહ જ્ઞાન મુજ શુદ્ધરે ભવિકા.૫

(ઢાળ)

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાયરે
તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાયરે....... ૧

વીર જિનેશ્વર ઉપાદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇરે
વીર જિનેશ્વર ઉપદિશે.................................... ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રુતજ્ઞાન (આગમ)ની થોયો-સ્તુતિઓ

નિવાણ મગ્ગે વરજાણકપ્પં,
પણાસિયાસેસ કુવાઈદપ્પં,
મયં જિણાણ સરણં બુહાણં,
નમામિ નિચ્ચં તિજગપ્પહાણં. ............................ ૧

બોધગાધં સુપદપદવી નીરપૂરાભિરામ,
જીવાહિંસા વિરલલહરી સંગમાગાહદેહં.
ચુલાવેલં ગુરૂગમમણિ સંકુલં દૂરપારં,
સારં વિરાગમ જલનિધિં સાદરં સાધુસેવે. ................. ૧

અર્હદ્વકત્રપ્રસૂતં ગણધરરચિતં દ્વાદશાંગં વિશાલં,
ચિત્રં બહર્થયુક્તં મુનિગણવૃષભૈર્ધારિતં બુદ્ધિમદભિ;
મોક્ષાગ્રદ્વારભુતં વ્રતચરણ ફલં જ્ઞેય ભાવ પ્રદીપં,
ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુતમહમખિલં સર્વલૌકેકસારમ્. ..... ૧

જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર,
પ્રભુ અર્થે પ્રકાશે, રચના ગણધર સાર,
સો આગમ સુણતાં, છેદીજે ગતિ ચાર,
પ્રભુ વચન વખાણી, લહીએ ભવનો પાર. ................ ૧

**વિજય મુહૂર્ત**

મધ્યાહ્ન પહેલા ૨૪ મિનિટ અને મધ્યાહ્ન પછી ૨૪ મિનિટ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### પૂ. પંન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજી ગણિવર વિરચિત

# શ્રી ચૌમાસી-દેવવંદન

સ્થાપનાચાર્ય (આચાર્યજી) આગળ અથવા નવકાર, પંચિદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને ઈરિયાવહી૦ તસ્સઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી, પારી પ્રગટ લોગસ્સ કહી, ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી ઋષભનાથજિન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં? ઈચ્છં, કહી યોગમુદ્રાએ બેસી ચૈત્યવંદન કરવું.

## પ્રથમતીર્થપતિ શ્રી આદિજિન દેવવંદન

### પ્રથમ ચૈત્યવંદન

વિમલ કેવલજ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણપંકજ, નમો આદિ જિનેશ્વરં....... ૧

વિમલગિરિવર શૃંગમંડણ પ્રવર ગુણગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડિસેવિત.......................નમો૦ ૨

કરતી નાટક કિન્નરીગણ, ગાય જિનગુણ મનહરં;
નિર્જરાવલિ નમે અહોનિશ.........................નમો૦ ૩

પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધિત, કોડિ પણ મુનિ મનહરં;
શ્રી વિમલગિરિવર શૃંગ સિદ્ધા......................નમો૦ ૪

નિજ સાધ્ય સાધન, સુર મુનિવર, કોડિનંત એ ગિરિવરં;
મુક્તિ રમણી વર્યા રંગે............................નમો૦ ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાતાલ નર સુરલોક માંહે, વિમલગિરિવર તો પરં;
નહિં અધિક તીરથ તીર્થપતિ કહે. ..................નમો૦ ૬

ઈમ વિમલ ગિરિવર શિખરમંડણ, દુઃખ વિહંડણ ધ્યાઈએ;
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થ, પરમ જ્યોતિ નિપાઈએ. ...... ૭

જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમપદ સ્થિત જયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં. ...... ૮

(અહિંયાં જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી અર્ધા જયવિયરાય કહેવા પછી ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી ઋષભજિન આરાધનાર્થં ચૈત્યવંદન કરું? ઈચ્છં૦ કહી નીચે મુજબ ચૈત્યવંદન કહેવું.)

## દ્વિતીય ચૈત્યવંદન

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય;
નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય........................ ૧

પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ;
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાળ.

વૃષભ લંછન જિનવૃષ ધરૂએ, ઉત્તમ ગુણમણિ ખાણ;
તસ પદપદ્મ સેવન થકી, લહીએ અવિચલ ઠાણ. ......... ૩

(જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈયાણં૯ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોડર્હત્ કહી એક થોય કહેવી, પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરવો પછી પારી બીજી થોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેવી. પછી પુક્ખરવર૦ સુઅસ્સ ભગવઓ, કરેમિ કાઉસગ્ગં વંદણ૦ અન્નથ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોऽર્હત્ કહી ચોથી થોય કહેવી.

## શ્રી ઋષભજિન થોય

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા,
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;
કેવલ સિરિ રાયા, મોક્ષ નગરે સધાયા. .................. ૧

સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી,
દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી;
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી,
નમિયે નરનારી, જેહ વિશ્વોપકારી........................ ૨

સમોવસરણે બેઠા, લાગે જે જિનજી મીઠા,
કરે ગણપ પઈઠ્ઠા, ઈન્દ્ર ચન્દ્રાદિ દીઠ્ઠા;
દ્વાદશાંગી વરિઠ્ઠા, ગુંથતાં ટાળે રિઠ્ઠા,
ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુણ્યે ગરિઠ્ઠા.................. ૩

સુર સમકિતવંતા, જેહ ઋદ્ધે મહંતા,
જેહ સજ્જન સંતા, ટાલિયે મુજ ચિંતા;
જિનવર સેવંતા, વિઘ્ન વારો દૂરંતા,
જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા. .................... ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(નીચે બેસી નમુત્થુણંo જાવંતિ ચેઈઆઇંo ખમાo જાવંત કેવિસાહુo નમોઽર્હત્o કહી સ્તવન કહેવું.)

## શ્રી પ્રથમ જિન-સ્તવન

પ્રથમ જિનેસર પ્રણમીયે, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ, ઈન્દ્રાણી નયન જે,
ભૃંગ પરે લપટાય. ..... ૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ, માનું કોઈ નવિ કરે,
જગમાં તુમ શું રે વાદ. ૨

વગર ધોઈ તુજ નિરમલી, કાયા કંચનવાન;
નહિં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને,
જેહ ધરે તાહરું ધ્યાન. ૩

રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય;
રૂધિર આમિષથી, રાગ ગયો તુજ જન્મથી,
દૂધ સહોદર હોય. ...... ૪

શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહાર નિહાર, ચર્મ ચક્ષુ ધણી,
એહવા તુજ અવદાત... ૫

ચાર અતિશય મૂલથી, ઓગણીશ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા,
સમવાયાંગે પ્રસિદ્ધ. ..... ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ, સમય પ્રભુ પાલજો,
જિમ થાઉ અક્ષય અભંગ. . ૭

(પછી જયવિયરાય 'આભવમખંડા' સુધી કહેવા. પછી ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિહ ભગવન્! શ્રી અજિતનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં? ઈચ્છં, કહી ચૈત્યવંદન કરવું.)

# શ્રી અજિતનાથજિન દેવવંદન

## ચૈત્યવંદન

અજિતનાથ પ્રભુ અવતર્યો, વિનીતાનો સ્વામી;
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી. .................. ૧

બહોંત્તેર લાખ પૂરવ તણું, પાલ્યું જિણે આય;
ગજ લંછન લંછન નહિં, પ્રણમે સુરરાય. .................. ૨

સાડાચારશે ધનુષ્યની એ, જિનવર ઉત્તમ દેહ;
પાદપદ્મ તસ પ્રણમીયે, જિમ લહીયે શિવગેહ. ............ ૩

(જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી થોય કહેવી.)

## થોય

વિજય સુત વંદો, તેજથી જ્યું દિણંદો,
શિતલતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુખ જિમ અરવિંદો, જાસ સેવે-સુરીંદો,
લહો પરમાનંદો, સેવના સુખ કંદો. ........................ ૧

(આ થોય કહી ઊભા ઊભા જયવિયરાય 'આભવમખંડા' સુધી કહેવા. સોલમા, બાવીસમાં, ત્રેવીસમા અને ચોવીસમા તીર્થંકરપ્રભુના દેવવંદનનો વિધિ પ્રથમ પ્રભુના વિધિ પ્રમાણે જાણવો, અને બાકીના અઢાર પ્રભુનો વિધિ, બીજા શ્રી અજિતનાથ પ્રભુના વિધિ પ્રમાણે જાણવો.)

## શ્રી સંભવનાથ જિન દેવવંદન

### ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારી નૃપ નંદનો, ચલવે શિવ સાથ..................... ૧

સેના નંદન ચંદને, પૂજો નવ અંગે;
ચારશે ધનુષનું દેહમાન, પ્રણમો મન રંગે................. ૨

સાત લાખ પૂરવ તણુંએ, જિનવર ઉત્તમ આય;
તુરગ લંછન પદ પદ્મને, નમતાં શિવસુખ થાય........... ૩

### થોય

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા,
ષટ્ જીવના ત્રાતા, આપતા સુખશાતા;
માતાને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા,
દુઃખ દોહગ વ્રાતા, જાસ નામે પલાતા.................... ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અભિનંદન જિન દેવવંદન

## ચૈત્યવંદન

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન;
કપિ લંછન વંદન કરો, ભવ દુઃખ નિકંદન. ............... ૧
સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિન રાય;
સાડાત્રણશેં ધનુષમાન, સુંદર જસ કાય..................... ૨
વિનીતાવાસી વંદિયેં, આયુ લખ પચાસ;
પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ............... ૩

## થોય

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો,
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો;
પ્રભુ ગુણગણ માચો, એહને ધ્યાને રાચે,
જિનપદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો. ............... ૧

# શ્રી સુમતિનાથ જિન દેવવંદન

## ચૈત્યવંદન

સુમતિનાથ સુહંકરૂ, કોસલલ્લા જસ નયરી;
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી. ................... ૧
ક્રૌંચ લંછન જિન રાજિયો, ત્રણશેં ધનુષની દેહ;
ચાલીસ લાખ પૂર્વ તણું, આયુ અતિ ગુણગેહ. ............ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુમતિ ગુણે કસી જે ભર્યાએ, તર્યા સંસાર અગાધ;
તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ........... ૩

### થોય

સુમતિ સુમતિ દાઈ, મંગલા જાસ માઈ,
મેરૂને વલી રાઈ, ઓર એહને તુલાઈ;
ક્ષય કીધાં ધાઈ, કેવલજ્ઞાન પાઈ,
નહિં ઉણિમ કાંઈ, સેવિયે તે સદાઈ....................... ૧

## શ્રી પદ્મપ્રભ જિન દેવવંદન

### ચૈત્યવંદન

કોશંબીપુર રાજિયો, ઘર નરપતિ તાય;
પદ્મપ્રભ પ્રભુતા મયી, સુસીમા જસ માય. ................ ૧

ત્રીશ લાખ પૂરવ તણું, જિન આયુ પાલી;
ધનુષ અઢીસેં દેહડી, સવિ કર્મને ટાલી.................... ૨

પદ્મ લંછન પરમેશ્વરૂ એ, જિનપદ પદ્મની સેવ;
પદ્મવિજય કહે કીજિયે, ભવિજન સહુ નિતમેવ.......... ૩

### થોય

અઢીશેં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા,
સુસીમા જસ માયા, શુક્લ જે ધ્યાન ધ્યાયા;
કેવલવર પાયા, ચામરાદિ ધરાયા,
સેવે સુર રાયા, મોક્ષ નગરે સધાયા....................... ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સુપાસ જિન દેવવંદન

## ચૈત્યવંદન

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાલ્યો ભવ ફેરો;
પૃથ્વી માત ઉરે જયો, તે નાથ હમેરો.................... ૧

પ્રતિષ્ઠિત સુત સુંદરૂ, વાણારસી રાય;
વીશ લાખ પૂર્વ તણું, પ્રભુજીનું આય...................... ૨

ધનુષ બસેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર;
પાદપદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર. .............. ૩

## થોય

સુપાસ જિનવાણી, સાંભલે જેહ પ્રાણી,
હૃદયે પહેંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણખાણી, સૂત્રમાં જે ગુંથાણી,
ષડ્દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી. .................... ૧

# શ્રી ચંદ્રપ્રભ જિન દેવવંદન

## ચૈત્યવંદન

લક્ષ્મણામાતા જનમીયો, મહસેન જસ તાય;
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરિનો રાય.................... ૧

દશ લાખ પૂર્વ આઉખું, દોઢસો ધનુષની દેહ;
સુર નરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. ............ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંદ્રપ્રભ જિન આઠમાએ, ઉત્તમ પદ દાતાર;
પદ્મવિજય કહે પ્રણમીયે, મુજ પ્રભુ પાર ઉતાર. .......... ૩

### થોય

સેવે સુરવર વૃંદા, જાસ ચરણારવિંદા,
અટ્ઠમ જિનચંદા, ચંદ વર્ણે સોહંદા;
મહસેન નૃપનંદા, કાપતા દુઃખ દંદા,
લંછન મિષ ચંદા, પાય માનું સેવિંદા. ...................... ૧

## શ્રી સુવિધિનાથ જિન દેવવંદન

### ચૈત્યવંદન

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત;
મગરલંછન ચરણ નમું, રામા રૂડી માત. ................. ૧
આયુ બે લાખ પૂર્વતણું, શત ધનુષની કાય;
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ...................... ૨
ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ તેણે સુવિધિ જિન નામ;
નમતાં તસ પદ પદ્મને, લહીયે શાશ્વત ધામ. ............. ૩

### થોય

નરદેવ ભાવ દેવો, જેહની સારે સેવો,
જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવો;
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો.
સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો. ................... ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શીતલનાથ જિન દેવવંદન

## ચૈત્યવંદન

નંદા દેઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભદ્દિલપુર તણો, ચલવે શિવ સાથ. ................ ૧

લાખ પૂર્વનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ;
કાયા માયા ટાલીને, લહ્યા પંચમનાણ.................... ૨

શ્રીવત્સ લંછન સુંદરૂ એ, પદ પદ્મે રહે જાસ;
તે જિનની સેવા થકી, લહીયે લીલવિલાસ. ............... ૩

## થોય

શીતલ જિનસ્વામી, પુણ્યતી સેવ પામી,
પ્રભુ આતમ રામી, સર્વ પરભાવ વામી;
જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી,
ભવિ શિવસુખ કામી, પ્રણમીયે શીશનામી. ............... ૧

# શ્રી શ્રેયાંસનાથ જિન દેવવંદન

## ચૈત્યવંદન

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણ નૃપ તાય;
વિષ્ણુ માતા જેહની, એંસી ધનુષની કાય. ............... ૧

વરસ ચોરીસ લાખનું, પાલ્યું જેણે આય;
ખડ્ગી લંછન પદકજે, સિંહપુરીનો રાય................. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજ્ય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન;
પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ. ............ ૩

### થોય

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત,
પ્રભુના અવદાત, તીન ભુવનમેં વિખ્યાત;
સુરપતિ સંઘાત, જાસ નિકટ આયાત,
કરી ધર્મનો ઘાત, પામીયા મોક્ષ સાત....................... ૧

## શ્રી વાસુપૂજ્ય જિન દેવવંદન

### ચૈત્યવંદન

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ.................... ૧
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બહોંત્તેર લાખ વખાણ. .......... ૨
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ............. ૩

### થોય

વિશ્વના ઉપગારી, ધર્મના આદિકારી,
ધર્મના દાતારી, કામક્રોધાદિ વારી;
તાર્યાં નરનારી, દુઃખ દોહગ વારી,
વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી.................. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વિમલનાથ જિન દેવવંદન

## ચૈત્યવંદન

કંપિલપુર વિમલપ્રભુ, શ્યામા માત મલ્હાર;
કૃતવર્મા નૃપકુલ નભે, ઉગમીયો દિનકાર. ................ ૧
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય;
સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાય..................... ૨
વિમલ-વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ;
તુજ પદ પદ્મ વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ. ........... ૩

# શ્રી ધર્મનાથ જિન દેવવંદન

## ચૈત્યવંદન

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્ર લંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત. ............. ૧
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પિસ્તાલીશ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ. ................ ૨
ધર્મ મારગ જિનવર કહીએ, ઉત્તમ જન આધાર;
તેણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરૂં નિરધાર. ............. ૩

## થોય

ધરમ ધરમ ધોરી, કર્મના પાશ તોરી,
કેવલશ્રી જોરી, જેહ ચોરે ન ચોરી;
દર્શન મદ છોરી, જાય ભાગ્યા સટોરી,
નમે સુર નર કોરી, તે વરે સિદ્ધિ ગોરી. .................. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શાન્તિનાથ જિન દેવવંદન

## ચૈત્યવંદન

શાંતિ જિનેસર સોલમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન કુલ નભોમણિ, ભવિજન સુખ કંદો. ............. ૧

મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉપર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ...... ૨

ચાલીશ ધનુષની દેહડી એ, સમચઉરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ................ ૩

## થોય

વંદો જિન શાંતિ, જાસ સોવન્ન કાંતિ,
ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ;
દ્રવ્ય ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ,
ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ. ...................... ૧

દોય જિનવર નીલા, દોય ધોલા સુશીલા,
દોય રક્ત રંગીલા, કાઢતા કર્મ કીલા;
ન કરે કોઈ હીલા, દોય શ્યામ સલીલા.
સોળ સ્વામીજી પીલા, આપજો મોક્ષ લીલા. ................ ૨

જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી,
સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી;
અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી,
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી. ................. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાઘેસરી દેવી, હર્ષ હિયડે ધરેવી,
જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી;
જે નિત્ય સમરેવી, દુઃખ તેહનાં હરેવી,
પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી.....................૪

## શ્રી શાન્તિનાથ જિનસ્તવન

(રાગ : ગંરબો કોણને કોરાવ્યો કગે...)

સોલમાં શાંતિ જિનેશ્વર દેવ કે, અચિરાના નંદરે,
જેહની સારે સુરપતિ સેવ કે, અચિરાના નંદરે,
તિરિ નર સુર સમુદાય કે, અચિરાના નંદરે,
સહુ જીવના સંશય ભાંજે કે, અચિરાના નંદરે,
પ્રભુ મેઘ ધ્વનિ એમં ગાજે કે, અચિરાના નંદરે.......... ૨

જેહને જોયણ સવાસો માનકે, અચિરાના નંદરે,
જે પૂર્વનો રોંગ તેણે થાન કે અચિરાના નંદરે;
સવિ નાશ થાયે નવા નાવે કે, અચિરાના નંદરે,
ષટ્ માસ પ્રભુ પરભાવે કે, અચિરાના નંદરે.............. ૩

જિહાં જિનજી વિચરે રંગ કે, અચિરાના નંદરે,
નવિ મૂષક શલભં પતંગ કે, અચિરાના નંદરે;
નવિ કોઈને વૈર વિરોધ કે, અચિરાનાં નંદરે,
અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધકે, અચિરાના નંદરે. ........... ૪

નિજ પરચક્રનો ભય નાશે કે, અચિરાના નંદરે,
વળી મરકી નાવે પાસ કે, અચિરાના નંદરે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ વિચરે તિહાં ન દુકાલ કે, અચિરાના નંદરે,
જાયે ઉપદ્રવ સવિ તતકાલ કે, અચિરાના નંદરે........... ૫

જસ મસ્તક પૂંઠે રાજે કે, અચિરાના નંદરે,
ભામંડલ રવિ પરે છાજે કે, અચિરાના નંદરે;
કર્મક્ષય અતિશય અગ્યાર કે, અચિરાના નંદરે,
માનું યોગ સામ્રાજ્ય પરિવાર કે, અચિરાના નંદરે. ....... ૬

કબ દેખું ભાવ એ ભાવે કે, અચિરાના નંદરે,
એમ હોંશ ઘણી ચિત્ત આવે કે, અચિરાના નંદરે;
શ્રી જિન ઉત્તમ પર ભાવે કે અચિરાના નંદરે,
કહે પદ્મવિજય બની આવે કે, અચિરાના નંદરે. ......... ૭

## શ્રી કુંથુનાથ જિન દેવવંદન

### ચૈત્યવંદન

કુંથુનાથ કામિંત દીયે, ગજપુરનો રાય,
સિરિમાતા ઉર અવતર્યો, શૂર નરપતિ તાય.............. ૧

કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ;
કેવલજ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ. .................. ૨

સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય;
પદ્મવિજય કહે પ્રણમીયે, ભાવે શ્રી જિનરાય. ............ ૩

### થોય

કુંથુ જિનનાથ જે કરે છે સનાથ,
તારે ભવપાથ, જે ગ્રહી ભવ્ય હાથ;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એહનો તજે સાથ, બાવલ દીયે બાથ,
તરે સુર નરનાથ, જે સુણે એક ગાથ. ..................... ૧

## શ્રી અરનાથ જિન દેવવંદન

### ચૈત્યવંદન

નાગપુરે અર જિનવરૂ, સુદર્શનનૃપ નંદ;
દેવી માતા જનમીયો, ભવિજન સુખકંદ. .................. ૧

લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષ ત્રીશ;
સહસ ચોરાશી વર્ષનું, આયુ જાસ જગીશ. ................ ૨

અરૂજ અજર જિનવરૂ એ, પામ્યા ઉત્તમ ઠાણ;
તસ પદ પદ્મ આલંબતાં, લહીયે પદ નિર્વાણ. ............ ૩

### થોય

અર જિનવર રાયા, જેહની દેવી માયા,
સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા;
નંદાવર્ત્ત પાયા, દેશના શુદ્ધ દાયા,
સમવસરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા. ................ ૧

## શ્રી મલ્લિનાથ જિન દેવવંદન

### ચૈત્યવંદન

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી,
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વૈરી. ..................... ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચવીશની કાય;
લંછન કલશ મંગલતરૂ, નિર્મમ નિરમાય. ................. ૨
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય. ............ ૩

### થોય

મલ્લિજિન નમીયે, પૂરવલાં પાપ ગમીયે,
ઇંદ્રિય ગણ દમિયે, આણ જિનની ન ક્રમીયે;
ભવમાં નવિ ભમિયે, સર્વ પરભાવ વમીયે,
જિન ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ ધમીયે. ............... ૧

## શ્રી મુનિસુવ્રત જિન દેવવંદન

### ચૈત્યવંદન

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન,
પદ્માપમાતા જેહની, સુમિત્ર નૃપ નંદન. ..................... ૧
રાજગૃહી નયરી ધણી, વીશ ધનુષ શરીર;
કર્મ નિકાચિત રેણુ વ્રજ, ઉદ્દામ સમીર. .................. ૨
ત્રીશ હજાર વરસ તણું એ, પાલી આયુ ઉદાર;
પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર........ ૩

### થોય

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે,
સવિ સંપત્તિ પામે, સ્વર્ગના સુખ જામે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે;
સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે. .................. ૧

## શ્રી નમિનાથ જિન દેવવંદન

### ચૈત્યવંદન

મિથિલા નયરી રાજીયો, વપ્રા સુત સાચો;
વિજયરાય સુત છોડીને, અવર મત માચો. ............... ૧

નીલમમલ લંછન ભલું, પંદર ધનુષની દેહ,
નમિ જિનવરનું સોહતું, ગુણગણમણિ ગેહ. ............... ૨

દશ હજાર વરસ તણું એ, પાલ્યું પ્રગટ આય;
પદ્મવિજય કહે પુણ્યથી, નમીયે તે જિનરાય. ............. ૩

### થોય

નમિયે નમિગેહ, પુણ્ય થાયે જ્યું દેહ,
અઘ સમુદય જેહ, તે રહે નાંહી રેહ;
લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ,
લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ. .................... ૧

## શ્રી નેમિનાથ જિન દેવવંદન

### ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમાં, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. .................. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછન ધર સ્વામીજી, તજી રાજુલનાર................ ૨

સૌરીપુર નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદને, નમતાં અવિચલ ઠાણ. ................. ૩

## થોય

રાજુલ વર નારી, રૂપથી રતિહારી,
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી,
કેવલશ્રી સારી, પામીયા ગતિ વારી. ...................... ૧

ત્રણ જ્ઞાન સંયુત્તા, માતની કુખે હુંતા,
જનમે પુરહુંતા, આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા,
મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા. ........................ ૨

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે,
ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણગાવે,
તિહાં જિનવર આવે, તત્ત્વવાણી સુણાવે.................. ૩

શાસનસુરી સારી, અંબિકા નામ ધારી,
જે સમકિતિ નરનારી, પાપ સંતાપવારી;
પ્રભુ સેવા કારી, જાપ જપીયે સવારી,
સંઘ તુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી. ................... ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ : આવો જમાઈ પ્રાહુણા, જયવંતાજી...)

નિરખ્યો નેમિજિણંદને, અરિહંતાજી,
રાજિમતી કર્યો ત્યાગ; ભગવંતાજી.
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો, અરિહંતાજી.
અનુક્રમે થયા વીતરાગ. ..............................ભગ૦ ૧

ચામર ચક્ર સિંહાસન, અરિહંતાજી,
પાદપીઠ સંયુક્ત; ભગવંતાજી.
છત્ર ચાલે આકાશમાં, અરિહંતાજી.
દેવદુદુંભિ વર યુત્ત. ....................................ભગ૦ ૨

સહસ જોયણ ધ્વજ સોહતો, અરિહંતાજી.
પ્રભુ આગળ ચાલંત; ભગવંતાજી.
કનક કમલ નવ ઉપરે અરિહંતાજી.
વિચરે પાય ઠવંત. .......................................ભગ૦ ૩

ચાર મુખે દીયે દેશના, અરિહંતાજી.
ત્રણ ગઢ ઝાકઝમાલ; ભગવંતાજી.
કેશ રોમ શ્મશ્રુ નખા, અરિહંતાજી.
વાધે નહિં કોઈ કાલ....................................ભગ૦ ૪

કાંટા પણ ઉંધા હોય, અરિહંતાજી.
પંચવિષમ અનુકૂલ; ભગવંતાજી.
ષડ્ ઋતુ સમકાલે ફલે, અરિહંતાજી.
વાયુ નહિં પ્રતિકૂલ...................................ભગ૦ ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાણી સુગંધ સુર કુસુમની, અરિહંતાજી.
વૃષ્ટિ હોય સુરસાલ; ભગવંતાજી
પંખી દીયે સુપ્રદક્ષિણા, અરિહંતાજી.
વૃક્ષ નમે અસરાલ.................................ભગ૦ ૬

જિન ઉત્તમ પદ પદ્મની, અરિહંતાજી.
સેવા કરે સુર કોડિ; ભગવંતાજી.
ચાર નિકાયના જઘન્યથી, અરિહંતાજી.
ચૈત્યવૃક્ષ તેમ જોડી. ................................ભગ૦ ૭

## શ્રી પાર્શ્વનાથ જિન દેવવંદન

### ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, તોડે ભવ પાશ;
વામા માત જનમીયા, અહિ લંછન જાસ. ................. ૧

અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા;
કાશી દેશ વારાણસી, પુણ્યે પ્રભુ આયા. ................. ૨

એકસો વરસનું આઉખુંએ, પાલી પાસકુમાર;
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ............. ૩

### થોય

શ્રી પાસ જિણંદા, મુખ પૂનમ ચંદા,
પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઇંદા;
લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા,
સેવે ગુણી વૃંદા, જેહથી સુખ કંદા. ....................... ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જનમથી વર ચાર, કર્મ નાસે અગ્યાર,
ઓગણીસ નિરધાર, દેવે કીધા ઉદાર;
સવિ ચોત્રીસ ધાર, પુણ્યના એક પ્રકાર,
નમીયે નરનાર, જેમ સંસાર પાર. ........................ ૨

એકાદશ અંગા, તેમ બારે ઉવંગા;
ષટ્ છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા;
દશ પઈન્ન સુસંગા, સાંભળો થઈ એકંગા;
અનુયોગ બહુ ભંગા, નંદિ સૂત્ર પ્રસંગા. ................... ૩

પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો,
અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો;
સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો,
કહે પદ્મ નિકાસો, વિઘ્નના વૃંદ પાસો. .................... ૪

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ : માહરા પાસજી રેલો...)

જિનજી ત્રેવીશમો જિન પાસ,
આશ મુજ પૂરવે રે લો ..............માહરા નાથજી રે લો.
જિનજી ઈહભવ પરભવ દુઃખ,
દોહગ સવિ ચૂરવે રે લો માહરા.
જિનજી આઠ પ્રાતિહાર્યશું,
જગમાં તું જ્યો રે લો માહરા.
જિનજી તાહરા વૃક્ષ અશોકથી,
શોક દૂરે ગયો રે લો ............................. માહરા.૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનજી જાનુ, પ્રમાણ ગિર્વાણ,
કુસુમ વૃષ્ટિ કરે રે લો; માહરા.
જિનજી દિવ્ય ધ્વનિ સુર પૂરે કે,
વાંસલીયે સ્વરે રે લો; માહરા.
જિનજી ચામર કેરી હાર,
ચલંતી એમ કહે રે લો; માહરા.
જિનજી જે નમે અમ પરે,
તે ભવિ ઉર્ધ્વગતિ લહેરે લો. ....... માહરા.૨

જિનજી પાદપીઠ સિંહાસન,
વ્યંતર વિરચિયે રે લો, માહરા.
જિનજી તિહાં બેસી જિનરાજ,
ભવિક દેશના દીયે રે લો; માહરા.
જિનજી નિરખી હરખે જેહ,
તેહનાં પાતક ખપે રે લો. .......................... માહરા.૩

જિનજી દેવદુંદુભિનો નાદ,
ગંભીર ગાજે ઘણો રે લો. માહરા.
જિનજી ત્રણ છત્ર કહે તુજ કે,
ત્રિભુવનપતિપણો રે લો, માહરા.
જિનજી એ ઠકુરાઈ તુજ કે,
બીજે નવિ ઘટે રે લો; માહરા.
જિનજી રાગી દ્વેષી દેવ કે,
તે ભવમાં અટે રે લો. .............. માહરા.૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનજી પૂજક-નિંદક દોય કે,
તાહરે સમપણે રે લો. માહરા.
જિનજી કમઠ ધરણપતિ ઉપર,
સમચિત્ત ગણે રે લો; માહરા.
જિનજી પણ ઉત્તમ તુજ પાદ,
પદ્મ સેવા કરે રે લો, માહરા.
જિનજી તેહ સ્વભાવે ભવ્ય કે,
ભવ સાયર તરે રે લો, ............................ માહરા.૫

## શ્રી મહાવીરસ્વામી દેવવંદન

### ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો;
ક્ષત્રીયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો. ................. ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બહોંત્તેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાય. ............. ૨
ખીમા વિજય જિનરાયનો એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત. ................ ૩

### થોય

મહાવીર જિણંદા રાય સિદ્ધાર્થ નંદા,
લંછન મૃગેંદા, જાસ પાયે સોહંદા,
સુર નરવર ઇંદા, નિત્ય સેવા કરંદા,
ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા. ........................ ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા,
અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા;
અડ જિનપ જનેતા, નાક માહેન્દ્ર યાતા,
સવિ જિનવર નેતા, શાશ્વતા સુખ દેતા.................. ૨

મલ્લિ નેમિ પાસ, આદિ અઠ્ઠમ ખાસ;
કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ,
શેષ છઠ્ઠ સુવિલાસ, કેવલજ્ઞાન જાસ.
કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ. ..................... ૩

જિનવર જગદીશ, જાસ મહોટી જગીશ
નહીં રાગને રીશ, નમીયે તાસ શીશ;
માતંગ સુર ઈશ, સેવતો રાત દિસ,
ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાખે સુશિષ..................... ૪

### સ્તવન

શાસન નાયક, શિવ સુખ દાયક, જિનપતિ, મારા લાલ
પાયક જાસ સુરાસુર ચરણે, નરપતિ મારા લાલ
સાયક કંદર્પ કેરાં, જેણે નવિ ચિત્ત ધર્યાં, મારા લાલ
ઢાયક પાતક વૃંદ, ચરણ અંગી કર્યાં, મારા લાલ......... ૧

ક્ષાયિક ભાવે કેવલ-જ્ઞાન દર્શન ધરે, મારા લાલ
જ્ઞાયક લોકાલોકના, ભાવશું વિસ્તરે; મારા લાલ
ઘાયક ઘાતિ કર્મ, મર્મની આપદા, મારા લાલ
લાયક અતિશય પ્રાતિહાર્યની સંપદા, મારા લાલ ......... ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારક ષટ્ક થયાં તુજકે, આતમ તત્ત્વમાં, મારા લાલ
ધારક ગુણ સમુદાય, સયલ એકત્વમાં; મારા લાલ
નારક નર તિરિ દેવ, ભ્રમણથી હું થયો, મારા લાલ
કારક જેહ વિભાવ, તેણે વિપરિત ભયો, મારા લાલ..... ૩

તારક તું સવિ જીવને, સમરથ મેં લહ્યો, મારા લાલ
ઠારક કરૂણા રસથી, ક્રોધાનલ દહ્યો; મારા લાલ
વારક જેહ ઉપાધિ, અનાદીની સહચરી, મારા લાલ
કારક જિન ગુણ ઋદ્ધિ, સેવકને બરાબરી. મારા લાલ... ૪

વાણી એહવી સાંભળી, જિન આગમ તણી, મારા લાલ
જાણી ઉત્તમ આશ, ધરી મનમાં ઘણી; મારા લાલ
ખાણી ગુણની તુજ પદ, પદ્મની ચાકરી, મારા લાલ
આણી હૈયડે હેજ, કરૂં નિજ પદ કરી. મારા લાલ. ...... ૫

# શ્રી શાશ્વતા-અશાશ્વતા જિન દેવવંદન

## ચૈત્યવંદન

કોડી સાતને લાખ બહોંત્તેર વખાણું,
ભુવનપતિ ચૈત્ય સંખ્યા પ્રમાણું;
એંશી સો જિન બિંબ એક ચૈત્ય ઠામે,
નમો સાસય જિનવરા મોક્ષ કામો. ........................ ૧

કોડી તેરશેં ને નેવ્યાશી વખાણે,
સાઠ લાખ ઉપર સવિ બિંબ જાણે;
અસંખ્યાત વ્યંતર તણાં નગર નામે, નમો.. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસંખ્યાત તિહાં ચૈત્ય તેમ જ્યોતિષિયે,
બિંબ એકશત એંસી ભાખ્યાં ઋષિયે;
નમે તે મહા સિદ્ધિ નવનિધિ પામે. નમો.................. ૩

વલી બાર દેવલોકમાં ચૈત્ય સાર,
ગ્રૈવેયક નવમાંહિ દહેરાં ઉદાર;
તિમ અનુત્તરે દેખીને મ પડો ભામે, નમો.. ૪

ચોરાશી લખ તેમ સત્તાણું સહસ્સા,
ઉપર ત્રેવીશ ચૈત્ય શોભાયે સરસા;
હવે બિંબ સંખ્યા કહું તેમ ધામે, નમો. .................... ૫

સો કોડીને બાવન કોડી જાણો,
ચોરાણું લખ સહસ ચૌંઆલ આણો;
સય સાત ને સાઠ ઉપર પ્રકામે, નમો....... ૬

મેરૂ રાજધાની ગજદંત સાર,
જમક ચિત્ર વિચિત્ર કાંચન વખાર;
ઈક્ખુકાર ને વર્ષધર નામ ઠામે, નમો. .................... ૭

વળી દીર્ઘ વૈતાઢ્ય ને વૃત્ત જેહ,
જંબૂ આદિ વૃક્ષે દિશા ગજ છે તેહ;
કુંડ મહાનદી દ્રહ પ્રમુખ ચૈત્ય ગામે, નમો. ૮

માનુષોત્તર નગવરે જેહ ચૈત્ય,
નંદીસર રૂચક કુંડલ છે પવિત્ત;
તિર્ચ્છાલોકમાં ચૈત્ય નમિયે સુકામે, નમો.................. ૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુ ઋષભ ચંદ્રાનન વારિષેણ,
વલી વર્ધમાનાભિધે ચાર શ્રેણ;
એમ શાશ્વતા બિંબ સવિચાર નામે. નમો. ૧૦

સવિ કોડી સય પન્નર બાયાલ ધાર,
અઠ્ઠાવન લખ સહસ છત્રીશ સાર;
એંશી જોઈષ વર વિના સિદ્ધિ ધામે, નમો............... ૧૧

અશાશ્વત જિનવર નમો પ્રેમ આણી,
કેમ ભાખીયે તેહ જાણી અજાણી;
બહુ તીર્થને ઠામે, બહુ ગામ ગામે, નમો. ૧૨

એમ જિન પ્રણમીજે, મોહ નૃપને દમીજે,
ભવ ભવ ન ભમીજે, પાપ સર્વે ગમીજે;
પરભાવ વમીજે, જો પ્રભુ અઠ્ઠમીજે,
પદ્મવિજય નમીજે આત્મતત્ત્વે રમીજે. નમો. ........... ૧૩

(અહીં જંકિંચિ૦ નમુત્થુણં૦ કહીને એક લોગસ્સનો કાઉસ્સગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા સુધી કરવો. એક જણે કાઉસ્સગ્ગ પારી નમોઽર્હત્ કહી ચાર થોયો કહેવા સાથે મોટી શાન્તિ કહેવી.)

## થોય

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી,
વર્ધમાન જિનવર વલી પ્રણમો, શાશ્વત નામ એ ચારેજી;
ભરતાદિક ક્ષેત્રે મલી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી,
તેણે ચારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારેજી.... ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉર્ધ્વ અધો તિર્છા લોકે થઈ, કોડી પન્નરસે જાણોજી,
ઉપર કોડી બેંતાલીશ પ્રણમો, અડવન લખ મન આણોજી;
છત્રીશ સહસ એંસી તે ઉપરે, બિંબ તણો પરિમાણોજી,
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહામોજી.... ૨

રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખીજી,
જંબૂદ્વીપ પન્નત્તિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખીજી;
વલી અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી,
તે જિન પ્રતિમા, લોપે પાપી, જિહાં બહુસૂત્ર છે સાખીજી. ૩

એ જિનપૂજાથી આરાધક, ઈશાન ઇંદ્ર કહાયાજી;
તેમ સૂરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવી તણા સમુદાયાજી,
નંદીસર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી,
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્મવિજય નમે પાયાજી.... ૪

(કાઉસ્સગ્ગ પારીને, પ્રગટ એક લોગસ્સ પૂર્ણ કહે૦ પછી બેસીને સર્વ જણ તેર નવકાર ગણે. ત્યાર પછી એકેક ખમાસમણ પૂર્વક 'શ્રી સિદ્ધાચલ સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર, પુંડરિક ગણધરાય નમો નમઃ'॥ એ પાઠ તેર વખત સર્વ જનોએ કહેવો. પછી પાંચ તીર્થના પાંચ સ્તવન કહેવાં.)

## શ્રી તીર્થાધિરાજ શત્રુંજયગિરિ સ્તવન

(રાગ : જશોદા માવડી)

જાત્રા નવ્વાણું કરીયે, વિમલગિરિ, જાત્રા. ટેક
પૂર્વ નવ્વાણું, વાર શત્રુંજયગિરિ,
ઋષભ જિણંદ સમોસરિયે, વિ. જાત્રા. .................... ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોડી સહસ ભવ પાતિક ત્રુટે,
શત્રુંજય સામો ડગ ભરીયે વિ. ......................જાત્રા. ૨
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા,
કરી ચઢીયે ગિરિવરિયે. વિ. .........................જાત્રા. ૩
પુંડરિક પદ જપીયે મન હરખે,
અધ્યવસાય શુભ ધરીયે. વિ. ........................જાત્રા. ૪
પાપી અભવ્ય નજરે ન દેખે,
હિંસક પણ ઉદ્ધરિયે. વિ. ............................જાત્રા. ૫
ભૂમિ સંથારો ને નારી તણો સંગ,
દૂર થકી પરિહરિએ. વિ. ............................જાત્રા. ૬
સચિત્ત પરિહારી ને એકલ આહારી,
ગુરૂ સાથે પદ ચરીયે. વિ. ...........................જાત્રા. ૭
પડિક્કમણાં દોય વિધિશું કરીએ,
પાપ પડલ વિખરીયે. વિ. ............................જાત્રા. ૮
કલિકાલે એ તીરથ મહોટું,
પ્રવહણ જિમ ભરદરિયે. વિ. ........................જાત્રા. ૯
ઉત્તમ એ ગિરિવર સેવંતા,
પદ્મ કહે ભવ તરીયે. વિ. ...........................જાત્રા. ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ગિરનારગિરિવર સ્તવન

(રાગ : માહરા વાલાજી)

તોરણથી રથ ફેરી ચાલ્યા કંતરે, પ્રીતમજી.
આઠ ભવની પ્રીતડી તોડી તંત, માહરા પ્રીતમજી.
નવમે ભવ પણ નેહ ન આણો મુઝ રે. પ્રીતમજી.
તો શેં કારણ એટલે આવવું તુજ. માહરા પ્રીતમજી....... ૧
એક પોકાર સુણી તિર્યંચનો એમ રે, પ્રીતમજી.
મૂકો અબલા રોતી પ્રભુજી કેમ; માહરા પ્રીતમજી.
ષડ્ જીવના રખવાલમાં શિરદાર રે, પ્રીતમજી.
તો કિમ વિલવતી સ્વામી મૂકો નારી, માહરા પ્રીતમજી. . ૨
શિવવધૂ કેરૂં એહવું કહેવું રૂપ રે પ્રીતમજી.
મુજ મૂકીને ચિત્તમાં ધરી જિનભૂપ; માહરા પ્રીતમજી.
જિનજી લીયે સહસા વનમાં રે વ્રત ભાર રે, પ્રીતમજી.
ઘાતિ કરમ ખપાવીને નિરધાર. માહરા પ્રીતમજી. ........ ૩
કેવલ ઋદ્ધિ અનંત પ્રગટ કીધ પ્રીતમજી.
જાણી રાજુલ એમ પ્રતિજ્ઞા લીધ; માહરા પ્રીતમજી.
જે પ્રભુજીએ કીધું કરવું તેહ રે પ્રીતમજી.
એમ કહી વ્રતધર થઈ પ્રભુ પાસે જેહ, માહરા પ્રીતમજી. ૪
પ્રભુ પહેલાં નિજ શોક્યનું જોવા રૂપ રે, પ્રીતમજી.
કેવલજ્ઞાન લહી થઈ સિદ્ધ સ્વરૂપ માહરા પ્રીતમજી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિવવધૂ વરીયા જિનવર ઉત્તમ નેમ રે, પ્રીતમજી.
પદ્મ કહે પ્રભુ રાખ્યો અવિચલ પ્રેમ; માહરા પ્રીતમજી. .. ૫

## શ્રી અર્બુજ ગિરિવર (આબુ) સ્તવન

(રાગ : કોયલો પર્વત ધૂધલો રે લો...)

આબુ અચલ રળિયામણો રે લો,
દેલવાડે મનોહર, સુખ૦ રે,
વાદલીયે સ્વર્ગશું રે લો. ટેક.
બાર પાદશાહ વશ કીયા રે લો,
વિમલમંત્રીશ્વર સાર, સુખ૦ રે,
તેણે પ્રાસાદ નિપાઈયો હે લો,
ઋષભજી જગદાધાર બલિહારી રે. ...............આબુ૦ ૧

તેહ ચૈત્યમાં જિનવરૂ રે લો,
આઠસેં ને છોંતેર, સુખ૦ રે,
જેહ દીઠે પ્રભુ સાંભરે રે લો,
મોહ કર્યો જેણે જેટ, બલિહારી રે. આબુ૦ ૨

દ્રવ્ય ભરી ધરતી માપી (મવી) રે લો,
લીધી દેઉલ કાજ; સુખ૦
ચૈત્ય તિહાં મંડાવીયો રે લો,
લેવા શિવપુર રાજ; બલિહારી રે. ................આબુ૦ ૩

પન્નરશેં કારીગરા રે લો, દીવી ધરા પ્રત્યેક,
સુખ.તેમ મર્દનકારક વલી રે લો,
વસ્તુપાલ એ વિવેક. બલિહારી રે..આબુ૦ ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોરણી ઘોરણી તિહાં કરી રે લો,
દીઠે બને તે વાત, સુખ૦
પણ નવિ જાયે મુખ કહી રે લો,
સુરગુરૂ સમ વિખ્યાત, બલિહારી રે. ............આબુ૦ ૫

ત્રણ વરસેં નીપન્યો રે લો,
તે પ્રાસાદ ઉત્તુંગ; સુખ૦
બાર કોડી ત્રેપન લક્ષ ને રે લો,
ખર્ચ્યા દ્રવ્ય ઉછરંગ, બલિહારી રે..આબુ૦ ૬

દેરાણી જેઠાણીના ગોખલા રે લો,
દેખતાં હરખ તે થાય; સુખ૦
લાખ અઢાર ખરચીયા રે લો,
ધન્ય ધન્ય એહની માય. બલિહારી રે...........આબુ૦ ૭

મૂલનાયક નેમીશ્વરૂ લો,
જન્મથકી બ્રહ્મચારી; સુખ૦
નિજ સત્તા રમણ થયો રે લો,
ગુણ અનંત આધાર, બલિહારી રે. આબુ૦ ૮

ચારશેં ને અડસઠ ભલા રે લો,
જિનવર બિંબ વિશાલ; સુખ૦
આજ ભલે રે ભેટીયા રે લો,
પાપ ગયાં પાયાલ, બલિહારી રે. ................આબુ૦ ૯

ઋષભ ધાતુમેયી દેહ રે લો,
એકસો પિસ્તાલીસ બિંબ; સુખ૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચૌમુખ ચૈત્ય જુહારીયે રે લો,
મરૂધરમાં જેમ અંબ, બલિહારી રે.આબુ૦ ૧૦
બાણું કાઉસ્સગ્ગીઆ તેહમાં રે લો,
અગન્યાસી જિનરાય, સુખ૦
અચલગઢે બહુ જિનવરા રે લો,
બંદુ તેહના પાય. બલિહારી રે. .................આબુ૦ ૧૧
ધાતુમયી પરમેશ્વરા રે લો,
અદ્‌ભૂત જાસ સ્વરૂપ; સુખ૦
ચૌમુખ મુખ્ય જિન વંદતાં રે લો,
થાયે નિજ ગુણ ભૂપ. બલિહારી રે.આબુ૦ ૧૨
અઢારશેં ને અઢારમાં લો (૧૮૧૮)
ચૈત્ર વદી ત્રીજ દિન; સુખ૦
પાલણપુરના સંઘશું રે લો,
પ્રણમી થયો ધન ધન્ય, બલિહારી રે. ..........આબુ૦ ૧૩
તિમ શાન્તિ જગદીશરૂ રે લો,
યાત્રા કરી અદ્‌ભૂત; સુખ૦
જે દેખી જિન સાંભરે રે લો,
સેવા કરે પુરૂહૂત. (ઈંદ્ર) બલિહારી રે.આબુ૦ ૧૪
એમ જાણી આબુ તણી રે લો,
જાત્રા કરશે જેહ; સુખ૦
જિન ઉત્તમ પદ પામશે રે લો,
પદ્મવિજય કહે તેહ. બલિહારી રે..............આબુ૦ ૧૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી અષ્ટાપદ ગિરિવર સ્તવન

અષ્ટાપદ અરિહંતજી, મ્હારા વ્હાલાજી રે;
આદીશ્વર અવધાર નમીયે નેહશું, મ્હારા વ્હાલાજી રે,
દશ હજાર મુણીંદશું, મ્હારા વ્હાલાજી રે,
વરીયા શિવવધૂ સાર, નમીયે, નેહશું. ...................... ૧

ભરત ભૂપે ભાવે કર્યો, મ્હારા વ્હાલાજી રે,
ચૌમુખ ચૈત્ય ઉદાર; નમીયે નેહશું,
જિનવર ચોવીશે જિહાં, મ્હારા વ્હાલાજી રે,
થાપ્યા અતિ મનોહાર, નમીયે નેહશું. ...................... ૨

વર્ણ પ્રમાણે બીરાજતા, મ્હારા વ્હાલાજી રે,
લંછન ને અલંકાર, નમીયે નેહશું.
સમ નાસા એ શોભતા, મ્હારા વ્હાલાજી રે.
ચિંહુ દિશે ચાર પ્રકાર, નમીયે નેહશું. ...................... ૩

મંદોદરી રાવણ તિહાં, મ્હારા વ્હાલાજી રે
નાટક કરતાં વિશાલ, નમીયે નહેશું,
ત્રુટી તંત તવ રાવણે, મ્હારા વ્હાલાજી રે,
નિજ કર વીણા, તત્કાલ, નમીયે નેહશું. ................... ૪

કરી બજાવી તિણે સમે, મ્હારા વ્હાલાજી રે,
પણ નવિ તોડ્યું તે તાન; નમીયે નેહશું.
તીર્થંકર પદ બાંધીયું, મ્હારા વ્હાલાજી રે,
અદ્‌ભુત ભાવસું ગાન, નમીયે નેહશું. ...................... ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિજ લબ્ધે ગૌતમગુરૂ, મ્હારા વ્હાલાજી રે,
કરવા આવ્યા તે જાત્ર; નમીયે નેહશું.
જગચિંતામણિ તિહાં કર્યું, મ્હારા વ્હાલાજી રે,
તાપસ બોધ વિખ્યાત, નમીયે નેહશું. ...................... ૬

એ ગિરિ મહિમા મોટકો, મ્હારા વ્હાલાજી રે,
તેણે પામે જે સિદ્ધિ; નમીયે નેહશું.
જે નિજ લબ્ધે જિન નમે, મ્હારા વ્હાલાજી રે.
પામે શાશ્વત ઋદ્ધિ, નમીયે નેહશું. ......................... ૭

પદ્મવિજય કહે એહના, મ્હારા વ્હાલાજી રે
કેતાં કરું રે વખાણ, નમીયે નેહશું
વીરે સ્વમુખે વર્ણવ્યો, મ્હારા વ્હાલાજી રે
નમતાં કોડી કલ્યાણ, નમીયે નેહશું. ...................... ૮

## શ્રી સમેતશિખર ગિરિવર સ્તવન

(રાગ : ક્રીડા કરી આવીયો)

સમેતશિખર જિન વંદિયે, મોટું તીરથ એહ રે;
પાર પમાડે ભવ તણો, તીરથ કહીયે તેહ રે. .........સ૦ ૧

અજિતથી સુમતિ જિણંદ લગે, સહસ મુનિ પરિવાર રે;
પદ્મપ્રભ શિવસુખવર્યા, ત્રણશેં અડ અણગાર રે. .....સ૦ ૨

પાંચશે મુનિ પરિવારશું, શ્રી સુપાસ જિણંદ રે;
ચંદ્રપ્રભ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણીંદ રે. ..........સ૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છ હજાર મુનિરાજશું, વિમલ જિનેશ્વર સિદ્ધા રે;
સાત સહસશું ચૌદમા, નિજ કાર્ય વર કીધા રે.......સ૦ ૪
એકસો આઠશું ધર્મજી, નવશેશું શાન્તિનાથ રે;
કુંથુ-અર એક સહસશું, સાચો શિવપુર સાથ રે. ......સ૦ ૫
મલ્લિનાથ શત પાંચશું, નમી મુનિ એક હજાર રે,
તેત્રીશ મુનિયુત પાસજી, વરિયા શિવસુખ સાર રે....સ૦ ૬
સત્તાવીશ સહસ ત્રણશેં, ઉપર ઓગણપચાશ રે;
જિન પરિકર બીજા કેઈ, પામ્યા શિવપુરવાસ રે. ....સ૦ ૭
એ વિશે જિન એણે ગિરે, સિદ્ધ્યા અણસણ લેઈ રે;
પદ્મવિજય કહે પ્રણમીયે, પાસ શામલનું ચેઈ રે. .....સ૦ ૮

શ્રી ચૌમાસી-વંદન સમાપ્ત

**પૂ. આચાર્યદેવ વિજયલક્ષ્મીસૂરીશ્વરજી મહારાજ કૃત**

# જ્ઞાનપંચમી દેવવંદન

## (વિધિ)

પ્રથમ બાજોઠ અથવા ઠવણી ઉપર રૂમાલ ઢાંકી પાંચ પુસ્તકો મૂકીને વાસક્ષેપથી જ્ઞાનની પૂજા કરીએષ વળી પાંચ દીવેટનો દીવો કરીએ, તે દીવો જયણા પૂર્વક પુસ્તકની જમણી બાજુ સ્થાપીએ અને ધૂપધાણું ડાબી બાજુ મૂકીએ, પુસ્તક આગળ પાંચ અથવા એકાવન સાથિયા કરી ઉપર શ્રીફળ તથા સોપારી મૂકીએ, યથાશક્તિ જ્ઞાનની દ્રવ્યપૂજા કરીએ, પછી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવ વાંદિએ અને સામાયિક તથા પોસહ મધ્યે વાસપૂજાએ પુસ્તક પૂજીને દેવ વાંદીએ અથવા દેરાસર મધ્યે બાજોઠ ત્રણ ઉપરાઉપર માંડી, તે ઉપર પાંચ શ્રીફળ, જિનમૂર્તિ સ્થાપીએ તથા મહોત્સવથી પોતાને ઠામે સ્નાત્ર ભણાવીએ, અને આગળ જમણી તરફ પુસ્તક માંડ્યું હોય, તેની પણ વાસક્ષેપ પૂજા કરીએ, તથા ઉજમણું માંડ્યું હોય ત્યાં પણ યથાશક્તિ જિનબિંબ આગળ લઘુ સ્નાત્ર ભણાવીને અથવા સત્તરભેદી પૂજા ભણાવીને પછી શ્રીસૌભાગ્યપંચમીના દેવ વાંદીએ.॥

### દેવવંદન વિધિ

પ્રથમ પ્રકટ નવકાર કહી, ઈરિયાવહી૦ પડિકમ્મી એક લોગસ્સ કાઉસગ્ગ ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી, લોગસ્સ કહી, ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! મતિજ્ઞાન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં૦ એમ કહી યોગમુદ્રાએ (ડાબો ઢીંચણ ઉભો કરી) ચૈત્યવંદન કરીએ.

## પ્રથમ શ્રી મતિજ્ઞાન

### શ્રી મતિજ્ઞાન ચૈત્યવંદન

શ્રી સૌભાગ્ય પંચમી તણો, સમયલ દિવસ શણગાર;
પાંચ જ્ઞાનને પૂજીયે, થાય સફળ અવતાર. ................ ૧

સામાયિક પોસહ વિષે, નિરવદ્યે પૂજા વિચાર;
સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાનધ્યાન મનોહાર. ............... ૨

પૂર્વ દિશે, ઉત્તર દિશે, પીઠ રચી ત્રણસાર;
પંચ વરણ જિનબિંબને, સ્થાપીજે સુખકાર. ............... ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચ પંચ વસ્તુ મેલવી, પૂજા સામગ્રી જોગ;
પંચ વરણ કલશા ભરી, હરિયે દુઃખ ઉપભોગ. ........... ૪

યથાશક્તિ પૂજા કરો, મતિજ્ઞાનને કાજે;
પંચજ્ઞાનમાં ધૂરે કહ્યું, શ્રી જિનશાસન રાજે. ............... ૫

મતિશ્રુત વિણ હોવે નહિ, એ અવધિ પ્રમુખ મહાજ્ઞાન;
તે માટે મતિ ધૂરે કહ્યું, મતિ શ્રુતમાં મતિમાન. ............ ૬

ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોયે સમકાલે;
સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાલે. ....... ૭

લક્ષણ ભેદે ભેદ છે, કારમ કારજ યોગે;
મતિ સાધન શ્રુત સાધ્ય છે, કંચન કલશ સંયોગે. .......... ૮

પરમાત્મ પરમેસરૂ એ, સિદ્ધ સયલ ભગવાન;
મતિજ્ઞાન પામી કરી, કેવલ લક્ષ્મી નિધાન. ................ ૯

(જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોર્હત્૦ કહી સ્તવન કહેવું.)

## શ્રી મતિજ્ઞાન સ્તવન

(રાગ : રસિયાની દેશી)

પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને,
ગાજે જગમાં રે જેહ, સુજ્ઞાની.
શુભ ઉપયોગે ક્ષણમાં નિર્જરે,
મિથ્યા સંચિત એહ. ........................... સુજ્ઞાની પ્ર૦ ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંતપદાદિક નવદ્વારે કરી,
મતિ અનુયોગ પ્રકાશ, સુજ્ઞાની.
નય વ્યવહારે આવરણ ક્ષય કરી,
અજ્ઞાની જ્ઞાન ઉલ્લાસ. ........સુજ્ઞાની પ્ર૦ ૨

જ્ઞાની જ્ઞાન લહે નિશ્ચય કહે,
દો નય પ્રભુજીને સત્ય, સુજ્ઞાની
અંતર મુહૂર્ત રહે ઉપયોગથી,
એ સર્વપ્રાણીને નિત્ય. ........................સુજ્ઞાની પ્ર૦ ૩

લબ્ધિ અંતરમુહૂર્ત લઘુપમે,
છાસઠ સાગર જિઠ્ઠ, સુજ્ઞાની
અધિકો નરભવ બહુવિધ જીવને,
અંતર કદીયે ન દિઠ્ઠ. ..........સુજ્ઞાની પ્ર૦ ૪

સંપ્રતિ સમયે એક બે પામતા
હોય અથવા નવિ હોય, સુજ્ઞાની
ક્ષેત્ર પલ્યોપમ ભાગ અસંખ્યમાં,
પ્રદેશ માને બહુ જોય. .......................સુજ્ઞાની પ્ર૦ ૫

મતિજ્ઞાન પામ્યા જીવ અસંખ્ય છે,
કહ્યા પડિવાઈ અનંત, સુજ્ઞાની
સર્વ આશાતન વરજો જ્ઞાનની,
વિજયલક્ષ્મી લહો સંત........સુજ્ઞાની પ્ર૦ ૬

(જયવીરાય સંપૂર્ણ કહી, ખમાસમણ દેઈ, ઈચ્છાકારેણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંદિસહ ભગવન! શ્રી મતિજ્ઞાન આરાધનાર્થે કાઉસગ્ગ કરૂં? ઈચ્છં! શ્રી મતિજ્ઞાન આરાધનાર્થે કરેમિ કાઉસગ્ગં વંદણવત્તિઆએ, અન્નત્થ ઉસસિએણં૦ કહી એક લોગસ્સનો ચંદેસુનિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી, કાઉસગ્ગ પારી નમોઽર્હત્૦ કહી થોય કહેવી.)

## શ્રી મતિજ્ઞાન થોય

(રાગ : શ્રી શંખેશ્વર પાસ જિનેશ્વર)

શ્રી મતિજ્ઞાનની તત્ત્વ ભેદથી, પર્યાયે કરી વ્યાખ્યાજી,
ચઉવિહ દ્રવ્યાદિકને જાણે, આદેશે કરી દાખ્યાજી;
માને વસ્તુ ધર્મ, અનંતા, નહી અજ્ઞાન વિવક્ષાજી,
તે મતિજ્ઞાનને વંદો પૂજો, વિજયલક્ષ્મી ગુણકાંક્ષાજી. ...... ૧

(પછી ખમાસમણ દેઈ એક ગુણનો દુહો કહી, પછી બીજું ખમાસમણ દેઈ બીજો ગુણ વરણવવો।। એ રીતે મતિજ્ઞાન સંબંધી અઠ્ઠાવીશ ખમાસમણ દેવાં.)

## દુહા

શ્રી શ્રુતદેવી ભગવતી, જે બ્રાહ્મી લીપી રૂપ;
પ્રણમે જેહને ગોયમા, હું વંદુ સુખરૂપ. .................... ૧

જ્ઞેય અનંતે જ્ઞાનના, ભેદ અનેક વિલાસ;
તેહમાં એકાવન કહું, આતમ ધર્મ પ્રકાશ. ................ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખમાસમણ એક એકથી, સ્તવિયે જ્ઞાન ગુણ એક;
એમ એકાવન દીજીએ, ખમાસમણ સુવિવેક. ............. ૩

શ્રી સૌભાગ્યપંચમી દિને, આરાધો મતિજ્ઞાન;
ભેદ અઢ્ઢાવીશ એહના, સ્તવીયે કરી બહુમાન. ........... ૪

ઇન્દ્રિય વસ્તુ પુગ્ગલા, મેલવે અવત્તવ નાણ;
લોચન મન વિણુ અક્ષતે, વ્યંજનાવગ્રહ જાણ. ............ ૫

ભાગ અસંખ્ય આવલિ લઘુ, સાસપહુત્ત ઠિઈ જિટ્ઠ;
પ્રાપ્યકારી ચઉ ઇંદ્રિયા, અપ્રાપ્યકારી દુગ દિટ્ઠ. .......... ૬

## ખમાસમણાનો દુહો

સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાનપ્રકાશ;
પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ. ................ ૧

(અહીં પહેલું ખમાસમણ દેવું ને એ પ્રમાણે એ દુહો દરેક ગુણ દીઠ કહેવો અને કહ્યા પછી ખમાસમણ આપવું.)

નહીં વર્ણાદિક યોજના, અર્થાવગ્રહ હોય;
તો ઇન્દ્રિય પંચઇન્દ્રિયે, વસ્તુગ્રહ કાંઈ જોય. ..........સ૦ ૨

અન્વય વ્યતિરેકે કરી, અંતરમુહૂર્ત પ્રમાણ;
પંચેન્દ્રિય મનથી હોયે, ઇહા વિચારણા જ્ઞાન. ........સ૦ ૩

વર્ણાદિક નિશ્ચય વસે, સુરનર એહિજ વસ્ત;
પંચેન્દ્રિય મનથી હોયે, ભેદ અપાય પ્રશસ્ત. ..........સ૦ ૪

નિર્ણીત વસ્તુ, સ્થિર ગ્રહે, કાલાંતર પણ સાચ;
પંચેન્દ્રિય મનથી હોયે, ધારણા અર્થ ઉવાચ. .........સ૦ ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિશ્ચય વસ્તુ ગ્રહે છતે, સતત ધ્યાન પ્રકામ;
અપાયથી અધિકે ગુણે, અવિચ્યુતિ ધારણા ઠામ. .....સ૦ ૬
અવિચ્યુતિ સ્મૃતિ તણું, કારજ કારણ જેહ;
સંખ્ય અસંખ્ય કાલજ સુધી, વાસના ધારણા તેહ. ....સ૦ ૭
પૂર્વોત્તર દર્શન દ્વય, વસ્તુ અપ્રાપ્ય એકત્વ;
અસંખ્ય કાલે એ તેહ છે, જાતિ સ્મરણે તત્ત્વ. ........સ૦ ૮
વાજિંત્ર નાદ લહી ગ્રહે, એ તો દુદુંભિ નાદ;
અવગ્રહાદિક જાણે બહુ, ભેદ એ મતિ આલ્હાદ......સ૦ ૯
દેશ સામાન્યે વસ્તુ છે, ગ્રહે તદપિ સામાન્ય;
શબ્દ એ, નવ નવ જાતિનો, એ બહુ મતિમાન. ....સ૦ ૧૦
એક જ તુરિયના નાદમાં, મધુર તરૂણાદિક જાતિ,
જાણે બહુવિધ ધર્મશું, ક્ષય ઉપશમની ભાતિ. .......સ૦ ૧૧
મધુરતાદિક ધર્મમાં, ગ્રહવો અલ્પ સુવિચાર;
અબહુવિધ મતિ ભેદનો, કીધો અર્થ વિસ્તાર. ......સ૦ ૧૨
શિઘ્રમેવ જાણે સહી, નવિ હોય બહુ વિલંબ;
ક્ષિપ્ર ભેદ એ જ્ઞાનનો, જાણો મતિ અવલંબ.........સ૦ ૧૩
બહુ વિચાર કરી જાણીએ, એ અક્ષિપ્રહ ભેદ;
ક્ષયોપશમ વિચિત્રતા, કહે મહાજ્ઞાની સંવેદ. ........સ૦ ૧૪
અનુમાને કરી કો ગ્રહે, ધ્વજથી જિનવર ચૈત્ય,
પૂર્વ પ્રબંધ સંભારીને, નિશ્ચિત ભેદ સંકેત. .........સ૦ ૧૫
બાહિર ચિન્હ ગ્રહે નહીં, જાણે વસ્તુ વિવેક;
અનિશ્ચિત ભેદ એ ધારીએ, આભિનિબોધિક તેહ. સ૦ ૧૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિઃસંદેહ નિશ્ચયપણે, જાણે વસ્તુ અધિકાર;
નિશ્ચિત અર્થ એ ચિંતવો, મતિજ્ઞાન પ્રકાર. ........સ૦ ૧૭

એમ હોયે વા અન્યથા, એમ સંદેહે જુત્ત;
ધરે અનિશ્ચિત ભાવથી, વસ્તુ ગ્રહણ ઉપયુત્ત.......સ૦ ૧૮

બહુ પ્રમુખ ભેદે ગ્રહ્યું, જિમ એકદા તિમ નિત્ય;
બુદ્ધિ થાયે જેહને, એ ધ્રુવ ભેદનું ચિત્ત. ............સ૦ ૧૯

બહુ પ્રમુખ રૂપે કદા, કદા અબહ્વાદિક રૂપ;
એ રીતે જાણે તદા, ભેદ અધ્રુવ સ્વરૂપ. ............સ૦ ૨૦

અવગ્રહાદિક ચઉભેદમાં, જાણવા યોગ્ય તે જ્ઞેય;
તે ચઉ ભેદે ભાખીયો, દ્રવ્યાદિકથી ગણેય.
જાણે આદેશે કરી, કેટલા પર્યાય વિશેષ;
ધર્માદિક સવિ દ્રવ્યને, સામાન્ય વિશેષ ગરિઠ્ઠ. .....સ૦ ૨૧

સામાન્યાદેશે કરી, લોકાલોક સ્વરૂપ;
ક્ષેત્રથી જાણે સર્વને, તત્ત્વ પ્રતીત અનુરૂપ. ..........સ૦ ૨૨

અતીત અનાગત વર્ત્તના, અદ્ધા સમય વિશેષ,
આદેશે જાણે સહુ, વિતથ નહી લવલેશ. ...........સ૦ ૨૩

ભાવથી સવિ હું ભાવનો, જાણે ભાગ અનંત;
ઉદયિકાદિક ભાવ જે, પંચ સામાન્યે લહંત.........સ૦ ૨૪

અશ્રુત નિશ્રિત માનીયે, મતિના ચાર પ્રકાર;
શિઘ્ર સમય રોહા પરે, અકલ ઔત્પાતિકી સાર. ...સ૦ ૨૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિનય કરંતાં ગુરૂ તણો, પામે મતિ વિસ્તાર;
તે વિનયીકી મતિ કહી, સઘલા ગુણ શિરદાર. .....સ૦ ૨૬
કરતાં કાર્ય અભ્યાસથી, ઉપજે મતિ સુવિચાર;
તે બુદ્ધિ કહી કાર્મિકી, નંદિસૂત્ર મઝાર. ............સ૦ ૨૭
જે વયના પરિપાકથી, લહે બુદ્ધિ ભરપુર;
કમલવને મહાહંસને, પારિણામિકી એ સનૂર.
અડવીશ બત્રીસ દુગ ચઉ, ત્રણશેં ચાલીશ જેહ;
દર્શનથી મતિ ભેદ તે, વિજયલક્ષ્મી ગુણગેહ. .......સ૦ ૨૮

# દ્વિતીય શ્રી શ્રુતજ્ઞાન

(ખમાસમણ દેઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રુતજ્ઞાન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં? ઈચ્છં! કહી ચૈત્યવંદન કહેવું.)

## શ્રી શ્રુતજ્ઞાન ચૈત્યવંદન

શ્રી શ્રુતજ્ઞાનને નિત્ય નમો, સ્વપર પ્રકાશક જેહ,
જાણે દેખે જ્ઞાનથી, શ્રુતથી ટલે સંદેહ;
અનભિલાપ્ય અનંત ભાવ, વચન અગોચર દાખ્યા,
તેહનો ભાગ અનંમો, વચન પર્યાયે આખ્યા;
વલી કથનીય પદાર્થનો એ, ભાગ અનંતમો જેહ,
ચઉદે પૂર્વમાં રચ્યો, ગણધર ગુણ સસનેહ................. ૧
માંહોમાંહે પૂરવ ધરા, અક્ષર લાભે સરિખા,
છઠાણ વડિયા ભાવથી, તે શ્રુત મતિય વિશેષા;
તેહિ જ માટે અનંત મે, ભાગ નિબદ્ધા વાચા,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમકિત શ્રુતના માનીયે, સર્વ પદાર્થ સાચા;
દ્રવ્ય ગુણ પર્યાયે કરી જાણે એક પ્રદેશ,
જાણે તે સવિ વસ્તુને, નંદિસૂત્ર ઉપદેશ. ................... ૨

ચોવીશ જિનના જાણીએ, ચૌદ પૂર્વધર સાધ,
નવશત તેત્રીશ સહસ છે, અઠ્ઠાણું નિરૂપાધ;
પરમત એકાંતવાદીના, શાસ્ત્ર સકલ સમુદાય,
તે સમકિતવંતે ગ્રહ્યાં, અર્થ યથારથ થાય;
અરિહંત શ્રુત કેવલી કહે, એ જ્ઞાનાચાર ચરિત્ત,
શ્રુતપંચમી આરાધવા, વિજયલક્ષ્મીસૂરિ ચિત્ત. ............. ૩

(જંકિંચિ૦ નમુત્થુણં; જાવંતિ. ખમા. જાવંત, નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું.)

## શ્રી શ્રુતજ્ઞાન-સ્તવન

(રાગ : હરીયા મન લાગ્યો)

શ્રી શ્રુત ચૌદ ભેદે કરી, વરણવે શ્રી જિનરાજ રે,
ઉપધાનાદિ આચારથી, સેવિયે શ્રુત મહારાજ રે;
શ્રુતશું દિલ માન્યો, દિલ માન્યો રે, મન માન્યો,
પ્રભુ આગમ સુખકાર રે..............................શ્રુત૦ ૧

એકાદિ અક્ષર સંયોગથી, અસંયોગી અનંત રે;
સ્વપર પર્યાયે એક અક્ષરો, ગુણ પર્યાય અનંત રે. .શ્રુત૦ ૨

અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો છે નિત્ય રે;
તે તો અવરાયે નહીં, જીવ સૂક્ષ્મનું એ ચિત્ત રે. ....શ્રુત૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઈચ્છા સાંભળવા ફરી પૂછે, નિસુણી ગ્રહે વિચારંત રે;
નિશ્ચય ધારણા તિમ કરે, ઘી ગુણ આઠ એ ગણંત રે.શ્રુત૦ ૪
વાદી ચોવીશ જિન તણા, એક લાખ છત્રીશ હજાર રે;
બેસે સયલ સભામાંહે, પ્રવચન મહિમા અપાર રે. .શ્રુત૦ ૫
ભણે ભણાવે સિદ્ધાંતને, લખે લખાવે જેહ રે;
તસ અવતાર વખાણીયે, વિજયલક્ષ્મી ગુણગેહ રે. .શ્રુત૦ ૬

(જયવીયરાય કહી, ખમાસમણ દેઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી શ્રુતજ્ઞાનઆરાધનાર્થં કાઉસગ્ગ કરૂં? ઇચ્છં કરેમિ કાઉસ્સગ્ગં૦ વંદણ વત્તિઓએ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો, અથવા ચાર નવકારનો કાઉસગ્ગ પારીને થોય કહેવી.)

## શ્રી શ્રુતજ્ઞાન-થોય

(રાગ : ગોયમ બોલે ગ્રંથ સાંભાળી)

ત્રિગડે બેસી શ્રી જિન ભાણ,
બોલે ભાષા અમીય સમાણ,
મત અનેકાંત પ્રમાણ;
અરિહંત શાસન સફરી સુખાણ,
ચઉ અનુયોગ જિહાં ગુણખાણ,
આતમ અનુભવ ઠામ;
સકલ પદારથ ત્રિપદી જાણ,
જોજન ભૂમિ પ્રસરે વખાણ,
દોષ બત્રીશ પરિહાણ;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેવલી ભાષિત તે શ્રુતનાણ,
વિજયલક્ષ્મીસરિ કહે બહુમાન,
ચિત્ત ધરજો તે સયાણ. ........................................ ૧

(ખમાસમણ દેઈ શ્રુતજ્ઞાનના ચૌદ ગુણ વર્ણવવાને અર્થે દુહા કહેવા.)

### શ્રી શ્રુતજ્ઞાન - ખમાસમણના દુહા

વંદો શ્રી શ્રુતજ્ઞાનને, ભેદ ચતુર્દશ વીશ,
તેહમાં ચઉદશ વર્ણવું, શ્રુત કેવલી ઇશ.
ભેદ અઢાર પ્રકારના, એમ સવિ અક્ષરમાન;
લબ્ધિ સંજ્ઞા વ્યંજન વિધિ, અક્ષર શ્રુત અવધાન.
પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણ;
પૂજો બહુવિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણ. ...પવ૦ ૧

(આ દુહો દરેક ગુણ-ના ખમા૦ દીઠ કહેવો.)

કરપલ્લવ ચેષ્ટાદિકે, લખે અંતર્ગત વાચ;
એહ અનક્ષર શ્રુત તણો, અર્થ પ્રકાશક સાચ.......પવ૦ ૨

સંજ્ઞા જે દીહકાલિકી, તેણે સન્નિયા જાણ;
મન ઇન્દ્રિય થકી, નિપન્યું જેહને જ્ઞાન;
ક્ષય ઉપશમ આવરણથી, શ્રુત અસંજ્ઞી વખાણ. .....પવ૦ ૪

જે દર્શન દર્શન વિના, દર્શન તે પ્રતિપક્ષ;
દર્શન દર્શન હોય જિહાં, તે દર્શન પ્રત્યક્ષ.
લલિત ત્રિભંગી ભંગભર, નૈગમાદિ નય ભૂર;
શુદ્ધ શુદ્ધતર વચનથી, સમકિત શ્રુત વડનૂર........પવ૦ ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભંગજાલ નર બાલમતિ, રચે વિવિધ આયાસ;
તિહાં દર્શન દર્શન તણો, નહી નિદર્શન ભાસ
સદ્ અસદ્ વહેંચણ વિના, ગ્રહે એકાંતે પક્ષ,
જ્ઞાન ફલ પામે નહી, એ મિથ્યા શ્રુત લક્ષ. .........પવ૦ ૬
ભરતાદિક દશ ક્ષેત્રમાં, આદિ સહિત શ્રુતધાર;
નિજ નિજ ગણધર વિરચિયો, પામી પ્રભુ આધાર. પવ૦ ૭
દુપ્પસહસૂરીશ્વર સુધી, વર્તશે શ્રુત આચાર;
એક જીવને આશરી, સાદિ સંત સુવિચાર. ..........પવ૦ ૮
શ્રુત અનાદિ દ્રવ્યનય થકી, શાશ્વત ભાવ છે એહ;
મહાવિદેહમાં તે સદા, આગમ રયણ અછેહ........પવ૦ ૯
અનેક જીવને આશરી, શ્રુત છે અનાદિ અનંત;
દ્રવ્યાદિક ચઉ ભેદમાં, આદિ અનાદિ વિરતંત. ...પવ૦ ૧૦
સરિખા પાઠ છે સૂત્રમાં, તે શ્રુત ગમિક સિદ્ધાંત;
પ્રાયેઃ દ્રષ્ટિવાદમાં, શોભિત ગુણ અનેકાંત. .......પવ૦ ૧૧
સરિખા આલાવા નહીં, તે કાલિક શ્રુતવંત;
આગમિક શ્રુત એ પૂજીયે, ત્રિકરણ યોગ હસંત. .પવ૦ ૧૨
અઢાર હજાર પદે કરી, આચારાંગ વખાણ;
તે આગલ દુગુણા પદે, અંગપ્રવિષ્ટ સુઅનાણ. ...પવ૦ ૧૩
બાર ઉપાંગ જેહ છે, અંગ બાહિર શ્રુત તેહ;
અંગપ્રવિષ્ટ વખાણીયે, શ્રુત લક્ષ્મીસૂરી ગેહ......પવ૦ ૧૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તૃતીય શ્રી અવધિજ્ઞાન

(ખમા૦ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી અવધિજ્ઞાન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી ચૈત્યવંદન કહેવું.)

## શ્રી અવધિજ્ઞાન ચૈત્યવંદન

અવધિજ્ઞાન ત્રીજું કહ્યું, પ્રગટે આત્મ પ્રત્યક્ષ,
ક્ષય ઉપશય આવરણનો, નવિ ઇન્દ્રિય અપેક્ષ;
દેવ નિરય ભવ પામતાં, હોય તને અવશ્ય,
શ્રદ્ધાવંત સમય લહે, મિથ્યાત વિભંગવશ્ય;
નર તિરિય ગુણથી લહે, શુભ પરિણામ સંયોગ,
કાઉસગ્ગમાં મુનિ હાસ્યથી, વિઘટચો તે ઉપયોગ. ......... ૧

જઘન્યથી જાણે જુએ, રૂપી દ્રવ્ય અનંતા,
ઉત્કૃષ્ટા સવિ પુદ્ગલા, મૂર્ત્ત વસ્તુ મુણંતા;
ક્ષેત્રથી લઘુ અંગુલ તણો, ભાગ અસંખિત દેખે,
તેહમાં પુદ્ગલ બંધ જો, તેહને જાણે પેખે;
લોક પ્રમાણે અલોકમાં એ, ખંડ અસંખ્ય ઉક્કિઠ્ઠ,
ભાગ અસંખ્ય આવલિ તણો, અદ્ધા લઘુપણે દિઠ્ઠ. ........ ૨

ઉત્સર્પિણી અવસર્પિણીએ, અતીત અનાગત અદ્ધા,
અતિશય સંખ્યાતા પણે, સાંભળો ભાવ પબંધા;
એક એક દ્રવ્યમાં ચારભાવ, જઘન્યથી તે નિરખે,
અસંખ્યાતા દ્રવ્ય દીઠ, પર્યવ ગુરૂથી પરખે;
ચાર ભેદ સંક્ષેપથી એ, નંદિસૂત્ર પ્રકાશે,
વિજયલક્ષ્મીસૂરિ તે લહે, જ્ઞાન ભક્તિ સુવિલાસે. ......... ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(જંકિંચિં. નમુત્થુણં. જાવંતિ ખમા૦ જાવંત, નમોડર્હત્ કહી સ્તવન કહેવું.)

### શ્રી અવધિજ્ઞાન - સ્તવન

(રાગ : કુમાર ગભારો નજરે દેખતાં જી...)

પૂજો પૂજો અવધિજ્ઞાનને પ્રાણિયા રે,
સમકિતવંતને એ ગુણ હોય રે;
સવિ જિનવર એ જ્ઞાને અવતરી રે,
માનવ મહોદય જોય રે. ............................ પૂજો૦ ૧

શિવરાજ ઋષિ વિપર્યય દેખતો રે,
દ્વિપ સાગર સાત-સાતરે,
વીર પસાયે દોષ વિભંગ ગયો રે,
પ્રગટ્યો અવધિ ગુણ વિખ્યાત રે.... પૂજો૦ ૨

ગુરૂ સ્થિતિ સાધિક છાસઠ સાગરૂ રે,
કોઈને એક સમય લઘુ જાણ રે;
ભેદ અસંખ્ય છે તરતમ યોગથી રે,
વિશેષાવશ્યકમાં એહ વખાણ રે. .................. પૂજો૦ ૩

ચારશેં એક લાખ તેત્રીશ સહસ છે રે,
ઓહી નાણી મુણીંદ રે;
ઋષભાદિક ચઉવીશ જિણંદના રે,
નમે પ્રભુ પદ અરવિંદ રે. .......... પૂજો૦ ૪

અવધિજ્ઞાની આણંદને દીએ રે,
મિચ્છામિ દુક્કડં ગોયમ સ્વામ રે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વરજો આશાતન જ્ઞાન-જ્ઞાની તણી રે,
વિજયલક્ષ્મી સુખધામ રે............................પૂજો૦ ૫

(જયવીયરાય કહી, ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી અવધિજ્ઞાન આરાધનાર્થે કાઉસગ્ગ કરૂં? ઇચ્છં? કરેમિ કાઉસગ્ગં. વંદણ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો, કાઉ. ન આવડે તો ચાર નવકારનો, કાઉસગ્ગ કરીને, પારી થોય કહેવી.)

## શ્રી અવધિજ્ઞાન-થોય

(રાગ : શંખેશ્વર સાહિબ જે સમયે)

ઓહીનાણ સહિત સવિ જિનવરૂં,
ચ્યવી જનની કૂખે અવતરૂં;
જસ નામે લહીયે, સુખતરૂ,
સવિ ઇતિ ઉપદ્રવ સંહરૂ;
હરિ પાઠક સંશય સંહરૂ,
વીર મહિમા જ્ઞાન ગુણાયરૂ;
તે માટે પ્રભુજી વિશ્વંભરૂ,
વિજયાંકિત લક્ષ્મી સુહંકરૂ................................. ૧

(પછી ખમા૦ દેઈ ઊભા થઈને અવધિજ્ઞાનના ગુણ પ્રમાણે એકેક ખમા૦ આપવું.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી અવધિજ્ઞાનના દુહા

અસંખ્ય ભેદ અવધિ તણા, ષટ્ તેહમાં સામાન્ય;
ક્ષેત્રપનક લઘુથી ગુરૂ, લોક અસંખ્ય પ્રમાણ.
લોચન પરે સાથે રહે, તે અનુગામિક ધામ;
છાસઠ સાગર અધિક છે, એક જીવ આશરી ધામ.
ઉપન્યો અવધિ જ્ઞાનનો, ગુણ જેહને અવિકાર;
વંદના તેહને માહરી, શ્વાસમાંહે સો વાર.................. ૧

(ઉપરનો દુહો સર્વ ખમાસમણે કહેવો.)

જે ક્ષેત્રે ઓહી ઉપન્યું, તિહાં રહ્યો વસ્તુ દેખંત;
થિર દીપકની ઉપમા, અનનુગામી લહંત...........ઉ૫૦ ૨

અંગુલ અસંખ્યેય ભાગથી, વધતું લોક અસંખ્ય;
લોકાવધિ પરમાવધિ, વર્ધણાન ગુણકંખ્ય. ..........ઉ૫૦ ૩

યોગ્ય સામગ્રી અભાવથી, હીયમાન પરિણામ;
અધ અધ પૂરવ યોગથી, એહવો મનનો કામ. .....ઉ૫૦ ૪

સંખ્ય અસંખ્ય જોજન સુધી, ઉત્કૃષ્ટો લોકાંત;
દેખી પ્રતિપાતિ હોય, પુદ્ગલ દ્રવ્ય એકાંત. ........ઉ૫૦ ૫

એક પ્રદેશ અલોકનો, પેખે જે અવધિનાણ;
અપડિવાઈ અનુક્રમે, આપે કેવલ નાણ. ............ઉ૫૦ ૬

## ચતુર્થ શ્રી મનઃપર્યવજ્ઞાન

(ખમાસમણ દેઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રીમનઃપર્યવજ્ઞાન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં? ઇચ્છં, કહી ચૈત્યવંદન કરવું.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મનઃપર્યવજ્ઞાન ચૈત્યવંદન

શ્રી મનઃપર્યવ જ્ઞાન છે, ગુણ પ્રત્યયી એ જાણો,
અપ્રમાદી ઋદ્ધિવંતને, હોયે, સંયમ ગુણઠાણો;
કોઈક ચારિત્રવંતને, ચઢતે શુભ પરિણામે,
મનના ભાવ જાણે સહી, સાગાર ઉપયોગ ઠામે;
ચિંતવિતા મનોદ્રવ્યના એ, જાણે ખંધ અનંતા,
આકાશે મનોવર્ગણા, રહ્યા તે નવિ મુણંતા. ............... ૧

સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીયે, તનુયોગે કરી ગ્રહીયા,
મનોયોગે કરી મન પણે, પરિણમે તે દ્રવ્ય મુણીયા;
તિર્ચ્છું માણસ ક્ષેત્રમાં, અઢી દ્વીપ સહી વિલોકે,
તિર્ચ્છા લોકના મધ્યથી, સહસ જોયણ અધોલોકે;
ઉર્ધ્વ જાણે જ્યોતિષી લગે એ, પલિયનો ભાગ અસંખ્ય,
કાલથી ભાવ થયા થશે, અતીત અનાગત સંખ્ય. .......... ૨

ભાવથી ચિંતિત દ્રવ્યના, અસંખ્ય પર્યાય જાણે,
ઋજુમતિથી વિપુલમતિ, અધિકા ભાવ વખાણે;
મનના પુદ્ગલ દેખીને, અનુમાને ગ્રહે સાચું,
વિતથપણું પામે નહીં, તે જ્ઞાને ચિત્ત રાચું;
અમર્ત ભાવ પ્રગટ પણે એ, જાણે શ્રી ભગવંત,
ચરમકમલ નમું તેહના, વિજયલક્ષ્મી ગુણવંત. ........... ૩

(જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોર્હત્ કહી સ્તવન કહેવું.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મનઃપર્યવજ્ઞાન-સ્તવન

(રાગ : જીરે જી...)

જીરે મ્હારે શ્રી જિનવર ભગવાન,
અરિહંત નિજ નિજ જ્ઞાનથી; જીરે જી.
જીરે મ્હારે સંયમ સમય જાણંત;
નવ લોકાંતિક માનથી. ........................ જીરે જી. ૧

જીરે મ્હારે તીર્થ વર્તાવો નાથ,
ઈમ કહી પ્રણમે તે સુરા; જીરે જી.
જીરે માહરે ષટ્ અતિશયવંત દાન;
લેઈ હરખે સુરનરા. .............. જીરે જી. ૨

જીરે માહરે ઈણવિધ સવિ અરિહંત,
સર્વવિરતિ જબ ઉચ્ચરે; જીરે જી.
જીરે માહરે મનઃપર્યવ તવ નાણ,
નિર્મલ આતમ અનુસરે. ........................ જીરે જી. ૩

જીરે માહરે જેહને વિપુલમતિ તેહ,
અપ્રતિપાતીપણે ઉપજે; જીરે જી.
જીરે માહરે અપ્રમાદી ઋદ્ધિવંત
ગુણઠાણે ગુણ નિપજે ............. જીરે જી. ૪

જીરે માહરે એક લક્ષ પિસ્તાલીશ હજાર,
પાંચશે એકાણું જાણીયે; જીરે જી.
જીરે માહરે મનનાણી મુનિરાજ,
ચોવીશ જિનના વખાણીએ. ..................... જીરે જી. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીરે માહરે હું વંદુ ધરી નેહ,
સવિ સંશય હરે મન તણા; જીરે જી.
જીરે માહરે વિજયલક્ષ્મી શુભ ભાવ.
અનુભવ જ્ઞાનના ગુણ ઘણા.......જીરે જી. ૬

(જયવીયરાય કહી, ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! મનઃપર્યવજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં? ઇચ્છં! કરેમિ કાઉસગ્ગં વંદણ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી, પારી થોય કહેવી.)

## મનઃપર્યવજ્ઞાન - થોય

(રાગ : શંખેશ્વર પાસ જિનેશ્વર)

પ્રભુજી સર્વ સામાયિક ઉચ્ચરે, સિદ્ધ નમી મદવારી જી,
છદ્મસ્થ અવસ્થા રહે છે જિહાં લગે, યોગાસન તપધારીજી;
ચોથું મનઃપર્યવ તવ પામે, મનુજ લોક વિસ્તારીજી,
તે પ્રભુને પ્રણમો ભવિ પ્રાણી, વિજયલક્ષ્મી સુખકારીજી.. ૧

(પછી, ખમા. દઈ, ઊભા થઈને મનઃપર્યવ જ્ઞાનના ગુણ પ્રમાણે બે ખમા૦ આપવા.)

## મનઃપર્યવજ્ઞાન-દુહા

મનઃપર્યવ દુગ ભેદથી, સંયમ ગુણ લહી શુદ્ધ,
ાાવ મનોગત સંજ્ઞીના, જાણે પ્રગટ વિશુદ્ધ;
ઘટ એ પુરૂષે ધારીયો, ઇમ સામાન્ય ગ્રહંત,
પ્રાયે વિશેષ વિમુખ લહે, ઋજુમતિ મનહ મુણંત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ગુણ જેહનો ઉપન્યો, સર્વવિરતિ ગુણઠાણ,
પ્રણમું હિતથી તેહના, ચરણકમલ ચિત્ત આણ............ ૧

નગર જાતિ કંચન તણો, ધાર્યો ઘટ એહ રૂપ,
ઇમ વિશેષ મન જાણતો, વિપુલમતિ અનુરૂપ.
એ ગુણ જેહને. ............................................ ૨

## પંચમ શ્રી કેવલજ્ઞાન

પ્રથમ ખમાસમણ દેઈને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્!
પંચમ કેવલજ્ઞાન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં? ઇચ્છં! કહી
પંચમ શ્રી કેવલજ્ઞાનનું ચૈત્યવંદન કરવું.

### કેવલજ્ઞાન ચૈત્યવંદન

શ્રી જિન ચઉનાણી થઈ, શુક્લ ધ્યાન અભ્યાસે,
અતિશય આત્મરૂપ, ક્ષણ ક્ષણ પ્રકાશે;
નિદ્રા સ્વપ્ન જાગરદશા, તે સવિ દૂરે હોવે,
ચોથી ઉજ્જાગર દશા, તેહનો અનુભવ જોવે;
ક્ષપક શ્રેણી આરોહિયા એ, અપૂર્વશક્તિ સંયોગે,
લહી ગુણઠાણું બારમું, તુરીય કષાય વિયોગે............. ૧

નાણ દંસણ આવરણ મોહ, અંતરાય ઘનઘાતી,
કર્મ દુષ્ટ ઉચ્છેદીને, થયા પરમાતમ જાતી;
દોય ધરમ સવિ વસ્તુના, સમયાંતર ઉપયોગ,
પ્રથમ વિશેષપણે ગ્રહે, બીજે સામાન્ય સંયોગ;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાદિ અનંત ભાગે કરી, દર્શન જ્ઞાન અનંત,
ગુણઠાણું લહી તેરમું, ભાવ જિણંદ જયવંત................ ૨

મૂલપયડીનો એક બંધ, સત્તા ઉદયે ચાર,
ઉત્તર પયડીનો એક બંધ, તિમ ઉદયે રહે બાયાલ;
સત્તા પંચાસી તણી, કર્મ જેહમાં રજ્જુછાર,
મન વચન કાયા યોગ જાસ, અવિચલ અવિકાર,
સયોગી કેવલી તણીએ, પામી દશાયે વિચરે,
અક્ષય કેવલજ્ઞાનના, વિજયલક્ષ્મી ગુણ ઉચ્ચરે. ............ ૩

(જંકિંચિં૦ નમુત્થુણં - જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોર્હત્૦ કહી સ્તવન કહેવું.)

## કેવલજ્ઞાન - સ્તવન

શ્રી જિનેશ્વરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન;
દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણ રે;
ભવિયા વંદો કેવલનાણ, પંચમી દિન ગુણ ખાણ રે
.........................................ભવિયા. વંદો૦ ૧

અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય;
એ તો મધ્યમા વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય રે.
.........................................ભવિયા. વંદો૦ ૨

ધ્યાન ટાણે પ્રભુ તું હોય રે, અલખ અગોચર રૂપ;
પરા પશ્યંતિ પામીને રે, કાંઈ પ્રમાણે મુનિ ભૂપ રે.
.........................................ભવિયા. વંદો૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છતી પર્યાય જે જ્ઞાનના રે, તે તો નવિ બદલાય;
જ્ઞેયની નવનવી વર્ત્તના રે, સમયમાં તેહ જણાય રે.
.............................................ભવિયા. વંદો૦ ૪

બીજા જ્ઞાન તણી પ્રભા રે, એહમાં સર્વ સમાય;
રવિપ્રભાથી અધિક નહીં રે, નક્ષત્ર ગણ સમુદાય રે.
.............................................ભવિયા. વંદો૦ ૫

ગુણ અનંત જ્ઞાનના રે, જાણે ધન્ય નર તેહ;
વિજયલક્ષ્મીસૂરિ તે લહેરે, જ્ઞાન મહોદય ગેહ રે.
.............................................ભવિયા. વંદો૦ ૬

(જયવીયરાય પૂરા કહેવા ખમાસમણ દઈને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી કેવલજ્ઞાન આરાધનાર્થં કાઉસગ્ગ કરૂં? ઇચ્છં. કરેમિ કાઉસગ્ગં વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોઽર્હત્૦ કહી થોય કહેવી.)

## કેવલજ્ઞાન થોય

છત્ર ત્રય ચામર, તરૂ અશોક સુખકાર,
દિવ્ય ધ્વનિ દુંદુભિ, ભામંડલ ઝલકાર;
વરસે સુર કુસુમે, સિંહાસન જિન સાર,
વંદે લક્ષ્મીસૂરિ, કેવલજ્ઞાન ઉદાર. ........................ ૧

(ખમા૦ દઈ, ઊભા થઈને કેવલજ્ઞાનના ગુણનો દુહો બોલીને ખમા૦ આપવું.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### કેવલજ્ઞાન-દુહો

બહિરાતમ ત્યાગે કરી, અંતર આતમ રૂપ;
અનુભવિ જે પરમાત્મા, ભેદ એક જ ચિદ્રુપ;
પુરૂષોત્તમ પરમેશ્વરૂ, પરમાનંદ ઉપયોગ;
જામે દેખે સર્વને, સ્વરૂપ રમણ સુખભોગ;
ગુણપર્યાય અનંતતા, જાણે સઘલા દ્રવ્ય;
કાલત્રય વેદી જિણંદ, ભાષિત ભવ્યાભવ્ય;
અલોક અનંતો લોકમાં, થાપે જેહ સમત્થ;
આતમ એક પ્રદેશમાં, વીર્ય અનંત પસત્થ;
કેવલ દંસણ નાણનો, ચિદાનંદ ધન તેજ;
જ્ઞાનપંચમી દિન પૂજીયે, વિજયલક્ષ્મી શુભ હેજ. .......... ૧

શ્રી જ્ઞાનપંચમી - દેવવંદન સમાપ્ત

### પૂ. પંડિતપ્રવર શ્રી રૂપવિજયજી વિરચિત

# મૌનએકાદશી-દેવવંદન

## શ્રી અરજિન દીક્ષાકલ્યાણક-પ્રથમ દેવવંદન

સ્થાપનાચાર્ય આગળ અથવા નવકાર, પંચિંદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઇરિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી, એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી પારી લોગસ્સ કહી, ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રથમ ચૈત્યવંદન

નગર ગજપુર પુરંદર પુર-શોભયા અતિ જિત્વરં;
ગજ વાજિ રથ વર કોટિ કલિતં, ઇંદિરા ભૃતમંદિરં;
નરનાથ બત્રીશ સહસ સેવિત-ચરણપંકજ સુખકરં;
સુર અસુર વ્યંતરનાથ પૂજિત, નમો શ્રી અરજિનવરં..... ૧

અપ્સરા સમરૂપ અદ્‌ભુત-કલાયૌવન ગુણ ભરી;
એક લાખ બાણુ સહસ ઉપર, સોહિએ અંતે ઉરી;
ચોરાશી લખ ગજ વાજી સ્યંદન, કોટિ છન્નુ ભટવરં;
સુર અસુર વ્યંતરનાથ પૂજિત, નમો શ્રી અરજિનવરં..... ૨

સગપણિંદી સગ એગિંદી, ચૌદરત્નશું શોભિતં;
નવ નિધાનાધિપતિ નાકી, ભક્તિભાવ ભૃતૈર્નતં;
કોટિ છન્નુ ગ્રામ નાયક, સકલ શત્રુ વિજિત્વરં;
સુર અસુર વ્યંતરનાથ પૂજિત, નમો શ્રી અરજિનવરં..... ૩

સહસ અષ્ટોતર સુલંછન, લક્ષિત કનકચ્છવિં;
ચિન્હ નંદાવર્ત્ત શોભિત, સ્વપ્રભા નિર્જિત રવિં;
ચક્રી સપ્તમ ભુક્તભોગી, અષ્ટાદશમો જિનવરં;
સુર અસુર વ્યંતરનાથ પૂજિત, નમો શ્રી અરજિનવરં..... ૪

લોકાંતિકામરબોધિતો જિન, ત્યક્ત રાજ્ય રમાભરં;
મૃગશિર એકાદશ શુક્લ પક્ષે, ગ્રહિત સંયમ સુખાકરં;
અરનાથ પ્રભુ પદ પદ્મસેવન, શુદ્ધરૂપ સુખાકરં;
સુર અસુર વ્યંતરનાથ પૂજિત, નમો શ્રી અરજિનવરં..... ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી અર્ધા જયવીયરાય કહીને ખમા૦ આપીને બીજું ચૈત્યવંદન કરવું.)

## દ્વિતીય ચૈત્યવંદન

રાય સુદર્શન કુલ નભે, નૂતન દિનમણિ રૂપ;
દેવી માતા જનમિયો, નમે સુરાસુર ભૂપ. .................. ૧

કુમાર રાજ્ય ચક્રી પણે, ભોગવી ભોગ ઉદાર;
ત્રેષઠ સહસ વંરસાં પછી, લીયે પ્રભુ સંયમ ભાર. ........ ૨

સહસ પુરુષ સાથે લિયે, સંયમ શ્રી જિનરાય;
તસ પદ પદ્મ નમ્યા થકી, શુદ્ધ રૂપ નિજ થાય. ........... ૩

(પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી એક થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરવો. પછી પારી બીજી થોય કહેવી. પછી પુક્ખરવર૦ સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસગ્ગં વંદણ વત્તિઆએ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉ. કરી પારી નમોઽર્હત્ કહી ચોથી થોય કહેવી.)

## શ્રી અરજિન-પ્રથમ થોય

શ્રી અરનાથ જિનેશ્વરૂ, ચક્રી સપ્તમ સોહે,
કનકવરણ છબી જેહની, ત્રિભુવન મનમોહે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોગ કરમનો ક્ષય કરી, જિન દીક્ષા લીધી,
મનઃપર્યવ નાણી થયા, કરી યોગની સિદ્ધિ................ ૧

મૃગશિર શુદિ એકાદશી, અર દીક્ષા લીધી,
મલ્લિ જન્મ વ્રત કેવલી, નમી કેવલ ઋદ્ધિ;
દશ ક્ષેત્રે ત્રણ કાલનાં, પંચ પંચ કલ્યાણ,
તિણે એ તિથિ આરાધતાં, લહીએ શિવપુર ઠાણ......... ૨

અંગ અગ્યાર આરાધવા, વલી બાર ઉપાંગ,
મૂલ સૂત્ર ચારે ભલાં, ષટ્ છેદ સુચંગ;
દશ પયન્ના દીપતા, નંદિ અનુયોગદ્વાર,
આગમ એહ આરાધતાં, લહો ભવજલ પાર. ............ ૩

જિનપદ સેવા નિત્ય કરે, સમકિત શુચિ કારી,
જક્ષેશ જક્ષ સોહામણો, દેવી ધારણી સારી;
ૠભુ પદ પદ્મની સેવના, કરે જે નરનારી,
ચિદાનંદ નિજ રૂપને, લહે તે નિરધારી. .................. ૪

(પછી બેસી નમુત્થુણંο કહી અરિહંત ચેઈઆણંο અન્નત્થο કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોઽર્હત્ο કહી બીજી થોયની પ્રથમ થોય કહેવી. ત્યાર પછી લોગસ્સο સવ્વલોએο અન્નત્થં કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી બીજી થોય કહેવી. પછી પુક્ખરવરદીο સુઅસ્સ ભગવઓο અન્નત્થο કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણંο વેયાવચ્ચο અન્નત્થο કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોઽર્હત્ કહી ચોથી થોય કહેવી.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દ્વિતીય થોય

શ્રી અરજિન ધ્યાવો, પુણ્યના થોક પાવો,
સવિ દુરિત ગમાવો, ચિત્ત પ્રભુ ધ્યાન લાવો;
મદ મદન વિરાવો, ભાવના શુદ્ધ ભાવો,
જિનવર ગુણ ગાવો, જિમ લહો મોક્ષ ઠાવો. ............. ૧

સવિજિન સુખકારી, ક્ષય કરી મોહ ભારી;
કેવલ શુચિ ધારી, માન માયા નિવારી;
થયા જગ ઉપગારી, ક્રોધ યોદ્ધાપહારી,
શુચિ ગુણગણધારી, જે વર્યા સિદ્ધિ નારી. ................ ૨

નવતત્ત્વ વખાણી, સપ્તભંગી પ્રમાણી,
સગ નયથી મિલાણી, ચાર અનુયોગ ખાણી;
જિનવરની વાણી, જે સુણે ભવ્ય પ્રાણી,
તિણે કરી અઘહાણી, જઈ વરે સિદ્ધિ રાણી. ............. ૩

સમકીતિ નરનારી, તેહની ભક્તિ કારી,
ધારણી સુરી સારી, વિઘ્નના થોક હારી;
પ્રભુ આણાકારી, લચ્છી લીલા વિહારી,
સંઘ દુરિત નિવારી, હોજો આણંદ કારી. .................. ૪

(પછી નમુત્થુણં૦, જાવંતિ, ખમા૦ જાવંત૦ નમોઽર્હત્૦ કહીને સ્તવન કહેવું.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી અરજિન દીક્ષાકલ્યાણક સ્તવન

(રાગ : ફતેમલના ગીતની દેશી)

જગપતિ શ્રી અરજિન જગદીશ, હસ્તિનાગપુર રાજીયો;
જગપતિ રાયસુદર્શન નંદ, મહિમા મહિમાંહે ગાજીયો. ... ૧

જગપતિ કંચન વરણ શરીર, કામિત પુરણ સુરતરૂ;
જગપતિ લંછન નંદાવર્ત્ત, ત્રણ ભુવન મંગલ કરૂ......... ૨

જગપતિ ષટ્ખંડ ભરત અખંડ, ચક્રવર્તિની સંપદા;
જગપતિ સહસ બત્રીસ ભૂપાલ, સેવિત ચરણકમલ સદા. ૩

જગપતિ સોહે સુંદર વાન, ચઉસઠ સહસ અંતે ઉરી;
જગપતિ ભોગવી ભોગરસાલ, જોગ દશા ચિત્તમાં ધરી. . ૪

જગપતિ સહસ પુરુષ સંઘાત, મૃગશિર શુદિ એકાદશી;
જગપતિ સંયમ લીયે, પ્રભુ ધીર, ત્રિકરણ યોગે ઉલ્લસી.. ૫

જગપતિ ચોસઠ સુરપતિ તામ, ભક્તિ કરે ચિકત્ત ગહગહી;
જગપતિ નાચે સુરવધુ કોડિ, અંગમોડી આગલ રહી. .... ૬

જગપતિ વાજે નવ નવ છંદ, દેવ વાજિંત્ર સોહમણા;
સુરપતિ દેવદુષ્ય ઠવે ખંધ, પુષ્પવૃષ્ટિ કરે સુર ઘણા. ..... ૭

જગપતિ ધન્ય વેલા ઘડી તેહ, ધન્ય તે સુર નર ખેચરા;
જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય જનમ તે ભવ તર્યા. . ૮

જગપતિ પ્રભુ પદપદ્મની સેવ, ત્રિકરણ શુદ્ધે જે કરે;
જગપતિ કરીય કરમનો અંત, શુદ્ધ રૂપ નિજ તે વરે. .... ૯

(જયવીયરાય અર્ધા, કહીને ખમા. દઈ ઇચ્છા. સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં? ઇચ્છં૦ કહી ચૈત્યવંદન કહેવું.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### તૃતીય ચૈત્યવંદન

અવધિજ્ઞાને આભોગિને, નિજ દીક્ષા કાલ;
દાન સંવત્સરિ જિન દીયે, મનોવાંછિત તત્કાલ. ........... ૧
ધન કણ કંચન કામિની, રાજઋદ્ધિ ભંડાર;
છંડી સંયમ આદરે, સહસ પુરૂષ પરિવાર. ................ ૨
મૃગશિર શુદિ એકાદશીએ, સંયમ લીયે મહારાજ;
તસ પદ પદ્મ સેવન થકી, સીઝે સઘલાં કાજ. ............ ૩

(પછી જંકિંચિં૦ નમુત્થુણં૦ કહીને જયવીયરાય સંપૂર્ણ કહેવા.)

પ્રથમ દેવવંદન સમાપ્ત

## શ્રી મલ્લિજિન જન્મ-કલ્યાણક
## દ્વિતીય દેવવંદન

હવે પ્રથમના દેવવંદનની માફક, ચારેય દેવવંદનની વિધિ સમજી લેવી.

### પ્રથમ ચૈત્યવંદન

જય જય મલ્લિ જિણંદ ચંદ, ગુણ કંદ અમંદ;
નમે સુરાસુર ચંદ, તિમ ભૂપતિ વૃંદ. ...................... ૧
કુસુમગેહ શય્યા કુસુમ, કુસુમાભરણ સોહાય;
જનની કુખે જબ જિન હુંતા, મલ્લિ નામ તિણે ઠાય. .... ૨
કુંભ નરેશ્વર કુલતિલો એ, મલ્લિનાથ જિનરાજ;
તસ પદ પદ્મ નમ્યા થકી, સિઝે સઘલાં કાજ. ............ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દ્વિતીય ચૈત્યવંદન

નીલ વરણ દુઃખ હરણ, શરણ શરણાગત વત્સલ;
નિરૂપમ રૂપ નિધાન સુજસ, ગંગાજલ નિરમલ.......... ૧

સુગુણ સુરાસુર કોડિ દોડી, નિત્ય સેવા સારે;
ભક્તિ જુક્તિ નિત્યમેવ, કરી નિજ જન્મ સુધારે......... ૨

બાલપણે જિનરાજને એ, સવિ મલી હુલરાવે;
જિનમુખ પદ્મ નિહાલીને, બહુ આનંદ પાવે. ............. ૩

શ્રી મલ્લિજિન-જન્મકલ્યાણક-પ્રથમ થોય

સુણ સુણરે સાહેલી, ઉઠી સહુથી પહેલી,
કરી સ્નાન વહેલી, જિમ વધે પુણ્યવેલી;
તજી મોહની પલ્લી, ખંડ કરી કામવલ્લી,
કરી ભક્તિ સુભલ્લી, પૂજી જિનદેવ મલ્લી................ ૧

સવિ જિન સુખકારી, મોહ નિદ્રા નિવારી,
ભવિજન નિસ્તારી, વાણી સ્યાદ્વાદ ધારી;
નિર્મલ ગુણધારી, ધૌત મિથ્યાત ગારી,
નમિએ નરનારી, પાપ સંતાપ વારી. ...................... ૨

મૃગશિર અજુવાલી, સર્વ તિથિમાં રસાલી,
એકાદશી પાલી, પાપની શ્રેણિ ગાલી;
આગમમાં રસાલી, તિથઇ કહી તે સંભાલી,
શિવવધૂ લટકાળી, પરણશે દેઈ તાળી. .................... ૩

વૈરૂટ્યા દેવી, ભક્તિ હિયડે ધરેવી,
જિન ભક્તિ કરેવી, તેહનાં દુઃખ હરેવી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મમ મહેર કરેવી, લચ્છી લીલા વરેવી,
કવિ રૂપ કહેવી, દેજો સુખ નિત્ય મેવી. .................... ૪

## દ્વિતીય થોય

મિથિલાપુરી જાણી, સ્વર્ગ નગરી સમાણી,
કુંભ નૃપ ગુણખાણી, તેજથી વજ્રપાણિ;
પ્રભાવતિ રાણી, દેવનારી સમાણી,
તસ કુખ વખાણી, જન્મ્યા જિહાં મલ્લી નાણી. ........... ૧

દિશિકુમરી આવે, જન્મ કરણી ઠરાવે,
જિનના ગુણગાવે, ભાવના ચિત્ત ભાવે;
જન્મોત્સવ દાવે, ઇન્દ્ર સુરશૈલ ઠાવે,
હરિ જિનગૃહ આવે, લેઈ પ્રભુ મેરૂ જાવે. ................. ૨

અચ્યુત સુર રાજા, સ્નાત્ર કરે ભક્તિ ભાજા,
નિજ નિજ સ્થિતિ ભાજા, પૂજે જિન ભક્તિ તાજા;
નિજ ચઢત દિવાજા, સૂત્ર મર્યાદ ભાજા,
સમકિત કરી સાજા, ભોગવે સુખ માજા. .................. ૩

સુરવધૂ મલી રંગે, ગાય ગુણ બહુ ઉમંગે,
જિન લઈ ઉછરંગે, ગોદે થાપે ઉમંગે;
જિનપતિને સંગે, ક્તિ રંગ પ્રસંગે,
સંઘ ભક્તિ તરંગે, પામે લચ્છી અભંગે. .................... ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મલ્લિજિન-જન્મકલ્યાણક-સ્તવન

(રાગ : મારો પિયુડો પરઘર જાય, સખીશું કહીયે રે...)

મિથિલા તે નગરી દીપતી રે, કુંભ નૃપતિ કુલતંસ;
મલ્લિ જિણંદ સોહામણો રે, સયલ દેવ અવતંસ.......... ૧

સખી સુણ કહિયે રે, મારો જિનજી,
મોહનવેલી, હિયડે વહીયે રે. ટેક.

છપ્પન દિશિકુમરી મલી, કરતી જન્મનાં કાજ;
હેજાલી હરખે કરી રે, હુલરાવે જિનરાજ............સ૦ ૨

વીણા વજાવે વાલહી રે, લળી લળી જિન ગુણ ગાય;
ચિરંજીવો એ બાલુડો રે, જિમ કંચનગિરિ રાય......સ૦ ૩

કેઈ કરમાં વીંજણ ગ્રહી રે, વીજે હરખે વાય;
ચતુરા ચામર ઢાળતી રે, સુરવધૂ મન મલકાય. ......સ૦ ૪

નાચે સાચે પ્રેમથી રે, રાચે માચે ચિત્ત;
જાચે સમકિત શુદ્ધતા રે, ભવજલ તરણ નિમિત્ત. ....સ૦ ૫

ઉર શિર સ્કંધ ઉપર ધરે રે, સુરવધૂ હોડાહોડી;
જગત તિલક ભાલે ધરી રે, કરતી મોડામોડી. .......સ૦ ૬

તવ સુરપતિ સુરગિરિ શિરે રે, નમન કરે કરજોડી;
તિર્થોદક કુંભા ભરી રે, સાઠ લાખ એક કોડી. .......સ૦ ૭

જિન જનની પાસે ઠવી રે, વરસી રયણની રાશિ;
સુરપતિ નંદીશ્વર ગયા રે, ધરતાં મન ઉલ્લાસ........સ૦ ૮

સુરપતિ નરપતિએ કર્યો રે, જન્મ ઉત્સવ અતિ ચંગ;
મલ્લિ જિણંદ પદ પદ્મશું રે, રૂપવિજય ધરે રંગ. ....સ૦ ૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### તૃતીય ચૈત્યવંદન

પુરૂષોત્તમ પરમાત્મા, પરમ જ્યોતિ પરધાન;
પરમાનંદ સ્વરૂપ રૂપ, જગતમાં નહીં ઉપમાન. ........... ૧

મરકત રત્ન સમાન વાન, તનુ કાન્તિ બિરાજે;
મુખ સોહા શ્રીકાર દેખી, વિધુમંડલ લાજે. ................ ૨

ઇંદિવર દલ નયન સયલ, જન આનંદકારી;
કુંભરાય કુલ ભાણ ભાલ, દિપિતિ મનોહારી. ............ ૩

સુરવધૂ નરવધૂ મલી-મલ્લી, જિનગુણગણ ગાતી;
ભક્તિ કરે ગુણવંતની, મિથ્યા અઘઘાતી. .................. ૪

મલ્લિજિણંદ પદ પદ્મની એ, નિત્ય સેવા કરે જેહ;
રૂપવિજય પદ સંપદા, નિશ્ચય પામે તેહ.................. ૫

દ્વિતીય દેવવંદન સમાપ્ત

## શ્રી મલ્લિજિન-દીક્ષાકલ્યાણક-તૃતીય દેવવંદન

### પ્રથમ ચૈત્યવંદન

અદ્ભુત સુગંધિ શ્વાસ, નહીં રોગ વિકાર;
મેલ નહીં જસ દેહ રહે, પ્રસ્વેદ લગાર. .................. ૧

સાગરવર ગંભીર ધીર, સુરગિરિ સમ જેહ;
ઔષધિપતિ સમ સૌમ્ય કાંતિ, વર ગુણગણ ગેહ. ........ ૨

સહસ અષ્ટોત્તર લક્ષણે એ, લક્ષિત જિનવર દેહ;
તસ પદ પદ્મ નમ્યા થકી, ન રહે પાપની રેહ. ........... ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દ્વિતીય ચૈત્યવંદન

મલ્લિનાથ શિવ સાથ, આઠ વર અક્ષરદાયી;
છાજે ત્રિભુવન માંહિ, અધિક પ્રભુની ઠકુરાઈ. ............ ૧

અનુત્તર સુરથી અનંતગુણ, તનુ શોભા છાજે;
આહાર નિહાર અદૃશ જાસ, વર અતિશય રાજે. ......... ૨

મૃગશિર શુદિ એકાદશીએ, લીયે દીક્ષા જિનરાજ;
તસ પદ પદ્મ નમ્યા થકી, સીઝે સઘલાં કાજ. ............. ૩

## શ્રી મલ્લિજિન-પ્રથમ થોય

નમો મલ્લિ જિણંદા, જિમ લહો સુખ વૃંદા,
ટાલે દુર્ગતિ દંદા, ફેરી સંસાર ફંદા;
પદ યુગ અરવિંદા, સેવિયે થઈ અંદા,
જિમ શિવ સુખ કંદા, વિસ્તરે છંડી દંદા. .................... ૧

જિનવર જયકારી, વિશ્વ ભવ્યોપકારી,
કરે જબ વ્રત ત્યારી, જ્ઞાન ત્રીજે નિહારી;
તવ સુર અધિકારી, વિનવે ભક્તિ ધારી,
વરો સંયમનારી, પરિગ્રહારંભ છારી. ...................... ૨

મણપજ્જવનાણી, હુવા ચારિત્ર ખાણી,
સુર નર ઇન્દ્રાણી, વંદે બહુ ભાવ આણી;
તે જિનની વાણી, સૂત્રમાંહિ લખાણી,
આદરે જેહ પ્રાણી, તે વરે સિદ્ધિરાણી. .................... ૩

પારણું જસ ગેહે, નાથ કરે જઈ સ્વદેહે,
ભરે કંચન મેહે, ઓક તસ દેવ નેહે;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંઘ દુરિત હરેહિં, દેવ દેવી વરેહિં,
કુબેર સુરેહિં, રૂપવિજય પ્રદેહિં............................. ૪

## દ્વિતીય થોય

મલ્લિજિન નામે, સંપદા કોડિ પામે,
દુર્ગતિ દુઃખ વામે, સ્વર્ગના સુખ જામે;
સંયમ અભિરામે, જે યથાખ્યાત નામે,
કરી કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે..................... ૧

પંચ ભરહ મઝાર, પંચ ઐરવત સાર,
ત્રિહું કાલ વિચાર, નેવું જિનનાં ઉદાર;
કલ્યાણક વાર, જાપ જપિયે શ્રીકાર,
જિમ કરી ભવપાર, જઈ વરો સિદ્ધિ નાર. ................ ૨

જિનવરની વાણી, સૂત્રમાંહે ગુંથાણી,
ષટ્ દ્રવ્ય વખાણી, ચાર અનુયોગ ખાણી;
સગભંગી પ્રમાણી, સપ્તનયથી ઠરાણી,
સાંભળે દિલ આણી, તે વરે સિદ્ધિ રાણી.................. ૩

વૈરૂટ્યા દેવી, મલ્લિજિન પાય સેવી,
પ્રભુ ગુણ સમરેવી, ભક્તિ હિડયે ધરેવી;
સંઘ દુરિત હરેવી, પાપ સંતાપ ખેવી,
રૂપવિજય કહેવી, લચ્છી લીલા વરેવી..................... ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મલ્લિજિન-દીક્ષાકલ્યાણક-સ્તવન

(રાગ : સખી આવી દેવ દિવાલી રે...)

પંચમ સુરલોકના વાસી રે,
નવ લોકાંતિક સુવિસાલી રે!
કરે વિનતિ ગુણની રાશિ. .................................. ૧

મલ્લિજિન નાથજી વ્રત લીજે રે,
ભવિ જીવને શિવ સુખ દીજે મલ્લિ૦ ટેક.

તુમે કરૂણા રસ ભંડાર રે,
પામ્યા છો ભવજલ પાર રે;
સેવકનો કરો ઉદ્ધાર. .............. મલ્લિ૦ ૨

પ્રભુ દાન સંવત્સરી આપેરે,
જગનાં દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વ પણે તસ થાપે. .......................... મલ્લિ૦ ૩

સુરપતિ સઘલા મલી આવે રે,
મણિ રયણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શીશ નમાવે........... મલ્લિ૦ ૪

તિર્થોદક કુંભા લાવે રે,
પ્રભુને સિંહાસન થાવે રે;
સુરપતિ ભક્તે નવરાવે.......................... મલ્લિ૦ ૫

વસ્ત્રાભરણે શણગારે રે,
ફુલમાલા હૃદય પર ધારે રે;
દુઃખડાં ઇંદ્રાણી ઉવારે. ............ મલ્લિ૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મલ્યા સુરનર કોડાકોડી રે,
પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી...................... મલ્લિ૦ ૭

મૃગશિર શુદિની અજુઆલી રે,
એકાદશી ગુણની આલીરે;
વર્યા સંયમ વધૂ લટકાળી. ......... મલ્લિ૦ ૮

દીક્ષા કલ્યાણક એહરે,
ગાતાં દુઃખ ન રહે રેહ રે;
લહે રૂપવિજય જસ નેહ......................... મલ્લિ૦ ૯

## તૃતીય ચૈત્યવંદન

જય જય મલ્લિ જિણંદ દેવ, સેવા સુરપતિ સારે;
મૃગશિર શુદિ એકાદશી, સંયમ અવધારે. ................. ૧

અભ્યંતર પરિવારમેં, સંયતિ ત્રણશેં જાસ;
ત્રણશેં ષટ્ નર સંયમે, સાથે વ્રત લીયે ખાસ.............. ૨

દેવદુષ્ય ખંધે ધરીએ, વિચરે જિનવર દેવ;
તસ પદ પદ્મની સેવના, રૂપ કહે નિત્યમેવ. .............. ૩

તૃતીય દેવવંદન સમાપ્ત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મલ્લિજિન-કેવલજ્ઞાન કલ્યાણક ચતુર્થ દેવવંદન

## પ્રથમ ચૈત્યવંદન

વિદર્ભદેશ મિથિલાપુરી, કુંભ નૃપતિ કુલભાણ;
પુણ્યવલ્લી મલ્લિ નમો, ભવિયણ સુહ જાણ. ............. ૧

પણવીશ ધનુષ્યની દેહડી, નીલવરણ મનોહાર;
કુંભલંછન કુંભની પરે, ઉતારે ભવપાર. .................. ૨

મૃગશિર શુદિ એકાદશીએ, પામ્યા પંચમનાણ;
તસ પદ પદ્મ વંદન કરી, પામો શાશ્વત ઠાણ. ............ ૩

## દ્વિતીય ચૈત્યવંદન

પહેલું-ચોથું-પાંચમું, ચારિત્ર ચિત્ત લાવે;
ક્ષપકશ્રેણી જિનજી ચઢી, ઘાતિકર્મ ખપાવે. ................ ૧

દીક્ષા દિન શુભ ભાવથી, ઉપન્યું કેવલનાણ;
સમવસરણ સુરવર રચે, ચઉવિહ સંઘ મંડાણ. ............ ૨

વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
તસ પદ પદ્મ નમ્યા થકી, ચિદ્રુપ ચિત્ત ઠાય. ............... ૩

## શ્રી મલ્લિજિન - પ્રથમ થોય

નમો મલ્લિજિણંદા, જાસ નમે દેવવૃંદા,
તિમ ચોસઠ ઇંદા, સેવે પાદારવિંદા;
દુર્ગતિ દુઃખ દંદા, નામથી સુખ કંદા,
પ્રભુ સુજસ સુરિંદા, ગાય ભક્તે નરિંદા. ................. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવતિ જિનરાયા, શુક્લ ધ્યાને સુહાયા,
સોહં પદ પાયા, ત્યક્ત મદ મોહ માયા;
સુરનર ગુણ ગાયા, કેવલ શ્રી સુહાયા,
તે સવિ જિનરાયા, આપજો મોક્ષ માયા. .................. ૨

કેવલ વર નાણે, વિશ્વના ભાવ જાણે,
બાર પર્ષદાં ઠાણે, ધર્મ જિનજી વખાંણે;
ગણધર તિણે ઠાણે, ત્રિપદીએ અર્થ માણે,
જે રહે સુહ ઝાણે, તે રમે આત્મ નાણે.................... ૩

વૈરૂટ્યા દેવી, ભક્તિ હિયડે ધરેવી,
જિન સેવા કરેવી, વિઘ્નના વૃંદ ખેવી;
સંઘ દુરિત હરેવી, લચ્છી લીલા વરેવી,
રૂપવિજય કહેવી, આપજો મૌજ દેવી...................... ૪

## દ્વિતીય થોય

મલ્લિ જિન રાજા, સેવીયે પુણ્ય ભાજા,
જિમ ચડત દિવાજા, પામીયે સુખ તાજા;
કોઈ લોપે ન માજા, નિત્ય નવા સુખ સાજા,
કોઈ ન કરે જા - જા, પુણ્યની એહ માજા. ................ ૧

મલ્લિ નમી નામે, કેવલજ્ઞાન પામે,
દશ ક્ષેત્ર સુઠામે, તિમજ ભિન્ન ભિન્ન નામે;
ત્રણ્ય કાલ નિમામે, ઘાતિયાં કર્મ વામે,
તે જિન પરિણામે, જઈ વસે સિદ્ધિ ધામે. ................. ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનવરની વાણી, ચાર અનુયોગ ખાણી,
નવતત્ત્વ વખાણી, દ્રવ્ય ષટ્માં પ્રમાણી;
ગણધરે ગુંથાણી, સાંભળે જેહ પ્રાણી,
કરી કર્મની હાણી, જઈ વરે સિદ્ધિ રાણી. ................ ૩

સુર કુબેર આવે, શીશ જિનને નમાવે;
મિથ્યાત્ત્વ ખપાવે, શુદ્ધ સમ્યક્ત્વ પાવે;
પુણ્ય થોક જમાવે, સંઘ ભક્તિ પ્રભાવે,
પદ્મવિજય સુહાવે, શિષ્ય તસ રૂપ ગાવે................... ૪

## શ્રી મલ્લિજિન-કેવલજ્ઞાનકલ્યાણક-સ્તવન

(રાગ : સાંભળ રે તું સજની મોરી, રજની કિહાં રમી...)

મલ્લિ જિનેશ્વર અરચિત કેશર,
અલવેસર અવિનાશીજી!
પરમેશ્વર પૂરણ પદ ભોક્તા,
ગુણરાશિ શીવવાસી; જિનજી ધ્યાવોજી. ................... ૧
મલ્લિ જિણંદ મુનીંદ, ગુણગણ ગાવોજી.ટેક૦

મૃગશિર શુદિ એકાદશી દિવસે,
ઉપન્યું કેવલજ્ઞાનજી;
લોકાલોક પ્રકાશક ભાસક,
પ્રગટ્યો અભિનવ ભાણ. .....જિ. મલ્લિ૦ ૨

મત્યાદિક ચઉનાણનું ભાસન,
એહમાં સકલ સમાયજી;
ઉડુ તારા ચંદ્ર પ્રભા જિમ,
તરણિ તેજમાં જાય. ........................જિ. મલ્લિ૦ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞેય ભાવ સવિ જ્ઞાને જાણે,
જે સામાન્ય વિશેષજી;
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ,
તજી પુદ્ગલ સંક્લેશ. .........જિ. મલ્લિ૦ ૪

ચાલીશ સહસ મહામુનિ જેહના,
રત્નત્રય આધારજી;
સહસ પંચાવન સાહુણી જાણો,
ગુણમણિ રયણ ભંડાર. .......................જિ. મલ્લિ૦ ૫

શત સમન્યૂન સહસ પંચાવન,
વર્ષ કેવલગુણ ધરતાજી;
વિચરે વસુધા ઉપર જિનજી,
બહુ ઉપગારને કરતા. .........જિ. મલ્લિ૦ ૬

કેવલજ્ઞાન કલ્યાણક જિનનું,
જે ભવિયણ નિત્ય ગાવેજી;
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે,
શુદ્ધ રૂપ તે પાવે. .............................જિ. મલ્લિ૦ ૭

## તૃતીય ચૈત્યવંદન

જય નિર્જિત મદ મલ્લ, શલ્યત્રય વર્જિત સ્વામી;
જય નિર્જિત કંદર્પ દર્પ, નિજ આતમ રામી. ............... ૧

દુર્જય ઘાતિ કર્મ-મર્મ, ભંજન વડવીર;
નિર્મલ ગુણ સંભાર સાર, સાગર વર ગંભીર. ............ ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનંત જ્ઞાન દર્શન ધરૂં એ, મલ્લિ જિણંદ મુનીંદ;
વદન પદ્મ તસ દેખતાં, લહે ચિદ્રુપ અમંદ. ............... ૩

ચતુર્થ દેવવંદન સમાપ્ત

# શ્રી નમિનાથ-કેવલજ્ઞાનકલ્યાણક પંચમ દેવવંદન

## પ્રથમ ચૈત્યવંદન

સકલ સુરાસરુ ઇંદ વૃંદા, ભાવે કર જોડી;
સેવે પંકજ સદા, જઘન્યથી એક કોડી..................... ૧

જાસ ધ્યાન એકતાન, કરે જે સુરનર ભાવે;
સંકટ કષ્ટ દૂરે ટલે, શુચિ સંપદ પાવે. .................... ૨

સર્વ સમીહિત પૂરવા એ, સુરતરૂ સમ સોહાય;
તસ પદ પદ્મ પૂજ્યા થકી, નિશ્ચય શિવ સુખ થાય. ...... ૩

## દ્વિતીય ચૈત્યવંદન

નમો નમો શ્રી નમિ જિનવરૂ, જગનાથ નગીનો;
પદ યુગ પ્રેમે જેહના, પૂજે પતિ શચીનો. ................. ૧

સિંહાસન આસન કરી, જગભાસન જિનરાજ;
મધુર ધ્વનિ દીયે દેશના, ભવિજનને હિતકાજ. .......... ૨

ગુણ પાંત્રીશ અલંકારી એ, પ્રભુ મુખ પદ્મની વાણી;
તે નમિ જિનની સાંભલી, શુદ્ધ રૂપ લહે પ્રાણી........... ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી નમિજિન-પ્રથમ થોય

શ્રી નમિજિન નમિયે, પાપ સંતાપ ગમીયે,
નિજ તત્ત્વમાં રમીયે, સર્વ અજ્ઞાન વમીએ;
ાવિ વિઘ્નને દમીયે, વર્તિએ પંચ સમિએ,
નવિ ભવવન ભમીયે, નાથ આણા ન ક્રમીયે. ............ ૧

દશે ક્ષેત્રના ઈશ, તીર્થપતિ જેહ ત્રીશ,
ત્રિહું કાલ ગણીશ, નેવું જિનવર નમીશ;
અર્હતે પદ ત્રીશ, સાઠ દીક્ષા જપીશ,
કેવલી જગદીશ, સાઠ સંખ્યા ગણીશ....................... ૨

સગ નય યુત વાણી, દ્રવ્ય છક્કે ગવાણી,
સગ ભંગી ઠરાણી, નવ તત્ત્વે વખાણી;
જે સુણે ભવિ પ્રાણી, શુદ્ધ શ્રદ્ધાન આણી,
તે વરે શિવરાણી, શાશ્વતાનંદ ખાણી. ..................... ૩

દેવી ગંધારી, શુદ્ધ સમ્યક્ત્વ ધારી,
પ્રભુ સેવા કારી, સંઘ ચઉવિહ સંભારી;
કરી સેવના સારી, વિઘ્ન દૂરે વિદારી,
રૂપવિજયને પ્યારી, નિત્ય દેવી ગંધારી.................... ૪

## દ્વિતીય થોય

નમિજિન જયકારી, સેવિયે ભક્તિધારી,
મિથ્યાત્વ નિવારી, ધારીએ આણ સારી;
પરભવ વિસારી, સેવિયે સુખકારી,
જિમ લહો શિવનારી, કર્મ મલ દૂરે ઠારી................. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વર કેવલજ્ઞાની, વિશ્વના ભાવ જાણી,
શુચિ ગુણગણ ખાણી, શુદ્ધ સત્તા પ્રમાણી;
ત્રિભુવનમાં ગવાણી, કીર્તિ કાન્તા વખાણી,
તે જિન ભવિ પ્રાણી, વંદિએ ભાવ આણી. ............... ૨

આગમની વાણી, સાત નયથી વખાણી,
નવ તત્ત્વ ઠરાણી, દ્રવ્યષટ્માં પ્રમાણી;
સગ બંગ ભરાણી, ચાર અનુયોગ જાણી,
ધન્ય તાસ કમાણી, જે ભણે ભાવ આણી. ................ ૩

એકાદશી સારી, મૃગશિર્ષે વિચારી,
કરે જે નરનારી, શુદ્ધ સમ્યક્ત્વ ધારી;
તસ વિઘ્ન વિદારી, દેવી ગંધારી સારી,
રૂપવિજયને ભારી, આપજો લચ્છી પ્યારી................ ૪

## શ્રી નમિનાથ જિન સ્તવન

(રાગ : થારા મહોલ્લા ઉપર, મેહ ઝબુકે વિજળી...)

પરમ રૂપ નિરંજન, જનમન રંજણો. ..............લલના૦
ભક્તિવચ્છલ ભગવંત, તું ભવ ભય ભંજણો; ......લલના૦
જગજંદુ હિતકારક, તારક જગધણી, ...............લલના૦
તુજ પદપંકજ સેવ, હેવ મુજને ઘણી. ................લ૦ ૧

આવ્યો રાજ હજુર, પૂરવ ભક્તિ ભરે, ............લલના૦
આપો સેવના આપ, પાપ જિમ સવિ ટલે;.........લલના૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તુમ સરિખા મહારાજ, મહેર જો નવિ કરે, ........લલના૦
તો અમ સરિખા જીવનાં, કારજ કિમ સરે. ...........લ૦ ૨

જગતારક જિનરાજ, બિરૂદ છે તુમ તણો, .........લલના૦
આપો સમકિત દાન, પરાયા મત ગણો; ...........લલના૦
સમરથ જાણી દેવ, સેવના મેં કરી, ..................લલના૦
તુંહિ જ છે સમરથ, તારણ તરણ તરી. ...............લ૦ ૩

મૃગશિર સિત એકાદશી, ધ્યાન શુકલ ધરી. ........લલના૦
ઘાતિ કરમ કરી અંત કે, કેવલશ્રી વરી; ...........લલના૦
જગનિસ્તારણ કારમ, તીરથ થાપીયો,..............લલના૦
આતમ સત્તા ધર્મ, ભવ્યને આપીયો. ..................લ૦ ૪

અમ વેલા કિમ આજ, વિલંબ કરી રહ્યા,...........લલના૦
જાણો છો મહારાજ, સેવકે ચરણ ગ્રહ્યાં; ...........લલના૦
મન માન્યા વિના માહરું, નવિ છોડું કદા, .........લલના૦
સાચો સેવક તેહ જે, સેવા કરે સદા...................લ૦ ૫

વપ્રા માત સુજાત, કહાવો શ્યું ઘણું, ..................લલના૦
આપો ચિદાનંદ દાન, જનમ સફલો ગણું,...........લલના૦
જિન ઉત્તમ પદ, પદ્મવિજય પદ દીજીએ, ...........લલના૦
રૂપવિજય કહે સાહિબ, મુજરો લીજીએ..............લ૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## તૃતીય ચૈત્યવંદન

સકલ મંગલ કેલિ કમલા, મંદિરં ગુણ સુંદરં,
વર કનકવર્ણ, સુપર્વપતિ જસ, ચરણ સેવે મનહરં;
અમરાવતી સમ નયરી મિથિલા, રાજ્યભાર ધુરાધરં,
પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર, ચરણપંકજ સુખકરં. ... ૧

ગજ વાજિ સ્યંદન દેશ પુર ધન, ત્યાગ કરી ત્રિભુવન ધણી,
ત્રણશેં અઠ્યાસી કોડિ ઉપર, દીએ લખ એંશી ગણી;
દીનાર જનની જનક અંકિત, દીયે ઇચ્છિત જિનવરં.
.............................................. પ્રણમામિ૦ ૨

સહસામ્રવનમાં સહસ નર યુત, સૌમ્ય ભાવ સમાયરે,
નરક્ષેત્ર સંજ્ઞી ભાવ વેદી, જ્ઞાન મનઃપર્યવ વરે;
અપ્રમત ભાવે ઘાતિ ચઉ ખય, લહે કેવલ દિનકરં.
.............................................. પ્રણમામિ૦ ૩

તવ સકલ સુરપતિ ભક્તિ નતિ કરી, તીર્થપતિ ગુણ ઉચ્ચરે,
જય જગતજંતુ જાત કરૂણાવંત તું ત્રિભુવન શિરે;
જય અકલ અચલ અનંત અનુપમ, ભવ્ય જનમન ભય હરં.
.............................................. પ્રણમામિ૦ ૪

સપ્તદશ જસ ગણધરા મુનિ, સહસ વિંશતિ ગુણનીલા,
ıહસ એકતાલીસ સાહુણી, સોલસેં કેવલી ભલા;
જિનરાજ ઉત્તમ પદ્મની પરે રૂપવિજય સુહંકરં.
.............................................. પ્રણમામિ૦ ૫

(જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી જયવીયરાય પૂરા કહેવા.)

શ્રી મૌન એકાદશી-દેવવંદન સમાપ્ત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### પૂ. આચાર્યદેવ શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. કૃત

# દિવાળી દેવવંદન

## શ્રી મહાવીરજિન દેવવંદન

સ્થાપનાચાર્ય આગળ નવકાર, પંચિંદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઇરિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો, ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી, પારી સંપૂર્ણ લોગસ્સ કહી, ખમાસમણ દઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં? ઇચ્છં, કહી યોગમુદ્રાએ (ડાબો પગ ઉભો કરી) બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

### પ્રથમ ચૈત્યવંદન

વીર જિનવર વીર જિનવર
ચરમ ચૌમાસ અપાપા યે આવીયા;
હસ્તિપાલ રાજન સભાએ,
કાર્તિક અમાવસ્યા રયણિયે;
મુહૂર્ત શેષ નિર્વાણ તાંહિ,
સોળ પહોર દેઈ દેશના;
પહોંત્યા મુક્તિ મોઝાર,
નિત્ય દિવાલી નય કહે,
મલીયા નૃપતિ અઢાર........................................ ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી સેવણા આભવમખંડા સુધી અર્ધા જયવીયરાય કહેવા. પછી ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં? ઇચ્છં કહી બીજું ચૈત્યવંદન કહેવું.)

## દ્વિતીય ચૈત્યવંદન

દેવ મલિયા દેવ મલિયા,
કરે ઉત્સવ રંગમેરઈયાં હાથે ગ્રહી;
દ્રવ્ય તે જ ઉદ્યોત જિનેન્દ્રને,
ઠામ ઠામ એહ ઓચ્છવ પ્રસિદ્ધો. .......................... ૧

લખ કોડી છઠ્ઠ ફલ કરી, કલ્યાણ કરો એહ;
કવિ નયવિમલ કહે ઇસ્યું, ધન ધન દહાડો તેહ. ......... ૨

(જંકિંચિ૦ નમુત્થુણં કહી અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસગ્ગં, વંદણ વત્તિયાએ૦ અન્નત્થ૦- કહી એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી નમોઽર્હત્૦ કહી પ્રથમ થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી બીજી થોય કહેવી. પછી પુક્ખરવરદીવડ્ઢે૦ સુઅ૦ ભગ૦ વંદણવત્તિયાએ-અન્નત્થ કહી નવકારનો કાઉ., પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધામં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી.)

## પ્રથમ વીર સ્તુતિ

મનોહર મૂર્તિ મહાવીર તણી,
જિણે સોલ પહોર દેશના પભણી;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવમલ્લી નવલચ્છી નૃપતિ સુણી,
કહે શિવપદ પામ્યા ત્રિભુવન ધણી. ...................... ૧

શિવ પહોત્યા ઋષભ ચઉ દશ ભક્તે,
બાવીશ લહ્યા શિવ માસ સ્થિતે,
છઠ્ઠે શિવ પામ્યા વીર વલી,
કાર્તિક વદી અમાવસ્યા નિર્મલી. ........... ૨

આગામિ ભાવિ ભાવ કહ્યા,
દિવાલી કલ્પે જેહ લહ્યા;
પુણ્ય પાપ ફલ અજ્ઝયણે કહ્યાં,
સવિ તહત્તિ કહીને સદહ્યાં. ................................ ૩

સવિ દેવ મલી ઉદ્યોત કરે,
પ્રભાતે મલી ઉદ્યોત કરે,
પ્રભાતે ગૌતમ જ્ઞાન વરે;
જ્ઞાનવિમલ ગુણ સદા વિસ્તરે,
જિન શાસનમાં જયકાર કરે. ............... ૪

(પછી બેસી નમુત્થુણં પછી ઉભા થઈ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી, નમોઽર્હત્ કહી પ્રથમ થોય કહેવી. ત્યાર પછી લોગસ્સ૦ સવ્વલોએ. અન્નત્થ. કહી એક નવકારનો કાઉસગ્ગ કરી બીજી થોય પછી પુક્ખરવરદી. સુઅસ્સ ભગવઓ૦ વંદણ. અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં૦ વૈયાવચ્ચ૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દ્વિતીય વીર સ્તુતિ

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ;
સુર નર ના નાયક, જેહની સારે સેવ;
કરૂણા રસ કંદો, વંદો આણંદ આણી;
ત્રિશલા સુત સુંદર, ગુણમણિ કેરો ખાણી. ................ ૧

જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે;
પણ થાવર નારક તેહને પણ સુખ થાવે;
તે ચ્યવન જન્મ વ્રત, નાણ અને નિર્વાણ;
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણ. .................. ૨

જિહાં પંચ સમિતિ યુત, પંચ મહાવ્રત સાર,
જેહમાં પ્રકાશ્યા, વલી પાંચે વ્યવહાર;
પરમેષ્ઠી અરિહંત, નાથ સર્વજ્ઞને પાર,
એ પંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ................... ૩

માતંગ સિદ્ધાઈ, દેવી જિનપદ સેવી,
દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાલે નિતમેવી;
શાસન સુખદાઈ, આઈ સુણો અરદાશ;
શ્રી જ્ઞાનવિમલ ગુણ, પૂરો વાંછિત આશ. ................. ૪

(બેસી, નમુત્થુણં૦ જાવંતિ ચેઈઆઇં૦ ખમાસમણ, દઈ જાવંત કેવિસાહૂ૦ નમોऽર્હત્૦ કહી સ્તવન કહેવું.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મહાવીર જિન સ્તવન

(રાગ : આજ સખી શંખેશ્વરો)

શ્રી મહાવીર મનોહરૂ, પ્રણમું શિરનામી;
કંત જશોદા નારીનો, જિન શિવગતિ ગામી. ............. ૧
ભગિની જાસ સુદંસણા, નંદિવર્ધન ભાઈ;
હરિલંછન હેજાલુઓ, સહુ કોઈને સુખદાઈ. .............. ૨
સિદ્ધાર્થ ભૂપતિ તણો, સુત સુંદર સોહે;
નંદન ત્રિશલાદેવીનો, ત્રિભુવન મન મોહે. ................ ૩
એક શત દશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે;
પુણ્ય-પાપ ફલ કેરડાં, સુણે ભવિક ઉલ્લાસે. .............. ૪
ઉત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર;
સોલ પહોર દીયે દેશના, કરે ભવિક ઉપગાર. ........... ૫
સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં, પાછલી જે રયણી;
યોગનિરોધ કરે તિહાં, શિવની નીસરણી.................. ૬
ઉત્તરાફાલ્ગુની ચંદ્રમા, જોગે શુભ આવે;
અજરામર પદ પામીયા, જય જય રવ થાવે. ............. ૭
ચોસઠ સુરવર આવીયા, જિન અંગ પખાલી;
કલ્યાણકવિધિ સાચવી, પ્રગટી દીવાળી. .................... ૮
લાખ કોડી ફલ પામીયે, જિન ધ્યાને રહીયે;
ધીરવિમલ કવિરાજનો, જ્ઞાનવિમલ કહિએ. ............... ૯

(અર્ધા જયવીયરાય કહેવા. પછી ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં! ઇચ્છં, કહી ત્રીજું ચૈત્યવંદન કહેવું.)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### તૃતીય ચૈત્યવંદન

શ્રી સિદ્ધારથ નૃપ કુલતિલો, ત્રિશલા જસ માત,
હરિલંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત. ............. ૧
ત્રીશ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમ ભાર,
બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર. .............. ૨
ત્રીશ વરસ એમ સવિ મલીએ, બહોંતેર આયુ પ્રમાણ,
દિવાલી દિન શિવ ગયા, કહે નય તેહ ગુણખાણ. ........ ૩
(જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી જયવીયરાય સંપૂર્ણ કહેવા.)

## પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી દેવવંદન

આ બીજા દેવવંદનમાં પણ પ્રથમ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી પ્રથમ ચૈત્યવંદન કહેવું. વિગેરે પહેલાંના દેવવંદન પેઠે સર્વ વિધિ કરવી.

### પ્રથમ ચૈત્યવંદન

નમો ગણધર, નમો ગણધર, નમો લબ્ધિ ભંડાર,
ઇન્દ્રભૂતિ મહિમા નિલો, વડ વજીર મહાવીર કેરો;
ગૌતમ ગોત્રે ઉપન્યો, ગણિ અગ્યાર માંહે વડેરો,
કેવલજ્ઞાન લહ્યું જિણે, દિવાલી પરભાત,
જ્ઞાનવિમલ કહે જેહના, નામ થકી સુખશાત. ............. ૧

### દ્વિતીય ચૈત્યવંદન

ઇન્દ્રભૂતિ પહિલો ભણું, ગૌતમ જસ નામ;
ગોબર ગામે ઉપન્યા, વિદ્યાના ધામ........................ ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પંચસયા પરિવારશું, લેઈ સંયમ ભાર;
વરસ પચાશ ગૃહે વસ્યા, વ્રતે વર્ષ જ ત્રીશ. .............. ૨
બાર વરસ કેવલવર્યા એ, બાણું વરસ સવિ આય;
નય કહે ગૌતમ નામથી, નિત્ય નિત્ય નવનિધિ થાય. .... ૩

## પ્રથમ થોય

ઇન્દ્રભૂતિ અનુપમ ગુણ ભર્યા, જે ગૌતમ ગોત્રે અલંકર્યા,
પંચશત છાત્રશું પરિવર્યા, વીર ચરણ લહી ભવજલ તર્યા. ૧
ચઉઅઠ દશ દોય જિનને સ્તવે, દક્ષિણ પશ્ચિમ ઉત્તર પૂર્વે,
સંભવઆદિ અષ્ટાપદગિરિયે વલી, જે ગૌતમ વંદે લળી લળી. ૨
ત્રિપદી પામીને જેણે કરી, દ્વાદશાંગી સકલ ગુણે ભરી;
દીયે દીક્ષા તે લહે કેવલસિરિ, તે ગૌતમને રહું અનુસરી. ૩
જક્ષ માતંગને સિદ્ધાયિકા, સૂરિ શાસનની પ્રભાવિકા;
શ્રી જ્ઞાનવિમલ દીપાલિકા, કરો નિત્ય નિત્ય મંગલમાલિકા.૪

## દ્વિતીય થોય

શ્રી ઇન્દ્રભૂતિ ગણ વૃદ્ધિભૂતિમ્, શ્રી વીર તીર્થાધિપ મુખ્ય શિષ્યમ્;
સુવર્ણ કાન્તિ કૃતકર્મ શાન્તિમ્, નમામ્યહં ગૌતમ ગોત્ર રત્નમ્. . ૧
તીર્થંકરા ધર્મધુરા ધુરીણા યે ભૂત ભાવિ પ્રતિ વર્તમાનાઃ;
સત્ પંચકલ્યાણક વાસરસ્થા, દિશંતુ તે મંગલ માલિકાં ચ. ૨
જિનેન્દ્રવાક્યં પ્રથિત પ્રભાવં, કર્માષ્ટકાનેક પ્રભેદ સિંહમ;
આરાધિતં શુદ્ધ મુનીંદ્ર વર્ગૈઃ જગત્યમેવં જયતાત્ નિતાંતમ્.૩
સમ્યગ્દશાં વિઘ્નહરા ભવંતુ, માતંગ યક્ષાઃ સુરનાયકાશ્ચ;
દીપાલિકા પર્વણિ સુપ્રસન્નાઃ શ્રી જ્ઞાનવિમલસૂરિવર દાયકાશ્ચ. . ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રથમ સ્તવન

(રાગ : તુંગીયા ગિરિ શિખર સોહે...)

વીર મધુરી વાણી ભાખે, જલધિ જલ ગંભીર રે;
ઇન્દ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ રજકણ, હરણ પ્રવર સમીર રે.... ૧
પંચભૂત થકી જ પ્રગટે, ચેતના વિજ્ઞાન રે;
તેહમાં લયલીન થાયે, ન પરભવ સંજ્ઞાન રે............... ૨
વેદ પદનો અર્થ એહવો, કરે મિથ્યા રૂપ રે;
વિજ્ઞાનઘન પદ વેદ કેરા, તેહનું એહ સ્વરૂપ રે. .......... ૩
ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે,
પંચભૂતિક જ્ઞાનમય તે, હોય વસ્તુ સંયોગ રે.............. ૪
જિહાં જેહવી વસ્તુ દેખિએ, હોય તેહવું જ્ઞાન રે;
પૂરવજ્ઞાન વિપર્યયથી, હોય ઉત્તમ જ્ઞાન રે. ................ ૫
એહ અર્થ સમર્થ જાણી, મ ભણ પદ વિપરીત રે,
ઇણિ પરે ભ્રાંતિ નિરાકરીને, થયા શિષ્ય વિનીત રે....... ૬
દિપાલિકા પ્રભાતે કેવલ, લહ્યું તે ગૌતમ સ્વામ રે,
અનુક્રમે શિવ સુખ લહ્યા, તેહને નય કરે પ્રણામ રે....... ૭

## દ્વિતીય સ્તવન

(રાગ : અલબેલાની દેશી)

દુઃખહરણી દીપાલિકા રે લોલ,
પર્વ થયું જગમાંહિ, ભવિ પ્રાણી રે,
વીર નિર્વાણ થાપના રે લાલ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આજ લગે ઉચ્છાહિ, ભવિ પ્રાણી રે,
સમકિત દૃષ્ટિ સાંભલો રે લાલ.............એ આંકણી. ૧

સ્યાદ્વાદ ઘર ઘોલીએ રે લાલ,
દર્શન કરી શુદ્ધિ ભવિ૦
ચારિત્ર ચંદ્રોદય બાંધિયે રે લાલ,
ટાલો (રજ) દુઃકર્મ બુદ્ધિ.........ભ૦ સ૦ ૨

સેવા કરો જિનરાયની રે લાલ,
દિલ દીઠાં મિઠાશ ભવિ૦
વિવિધ પદારથ ભાવના રે લાલ,
તે પકવાનની રાશિ. ............................ભ૦ સ૦ ૩

ગુણિજન પદની નામના રે લાલ,
તેહિ જ જુહાર ભટ્ટાર ભવિ૦
વિવેક રતન મેરઈયાં રે લાલ,
ઉચિત તે દીપ સંભાર. ...........ભ૦ સ૦ ૪

સુમતિ સુવનિતા હેજશું રે લાલ,
મન ઘરમાં કરો વાસ ભવિ૦
વિરતિ સાહેલી સાથશું રે લાલ,
અવિરતિ અલચ્છી નિકાસ. ......................ભ૦ સ૦ ૫

મૈત્રાદિકની ચિંતના રે લાલ,
તેહ ભલા શણગાર ભવિ૦
દર્શન ગુણ વાઘા બન્યા રે લાલ,
પરિમલ પર ઉપકાર..............ભ૦ સ૦ ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂર્વ સિદ્ધ કન્યા પેખેરે લાલ,
જાનઈયા અણગાર ભવિ૦
સિદ્ધશિલા વર વેદિકા રે લાલ,
કન્યા નિવૃત્તિ સાર ભવિ૦
અનંત ચતુષ્ટય દાયજો રે લાલ..................ભ૦ સ૦ ૭

શુદ્ધીયોગ નિરોધ ભવિ૦
પાણિગ્રહણ પ્રભુજી કરે રે લાલ,
સહુને હરખ વિબોધ.............ભ૦ સ૦ ૮

ઇણિ પરે પર્વ દિપાલિકા રે લાલ,
રતાં કોડિ કલ્યાણ ભવિ૦
જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિશું રે લાલ,
પ્રગટે સકલ ગુણખાણ..........................ભ૦ સ૦ ૯

## તૃતીય ચૈત્યવંદન

જીવ કેરો જીવ કેરો, અછે મનમાંહિ,
સંશય વેદ પદેં કરી, કહી અર્થ અભિમાન વાર્યો,
શ્રી મહાવીર સેવા કરી, ગ્રહી સંયમ આપ તાર્યો.
ત્રિપદી પામી ગુંથીયા, પૂર્વ ચૌદ ઉદાર
નય કહે તેહના નામથી, હોવે જયજયકાર.

શ્રી દિવાળી દેવવંદનવિધિ સમાપ્ત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દીવાળીનું ગણણું

(૧) ભગવાન મહાવીરસ્વામીએ આસો વદ ૧૩ મધ્યરાત્રિથી આસો વદ ૦)) મધ્યરાત્રિ સુધી સોળ પહોર (૪૮ કલાક) અખંડ દેશના આપી હતી.

(૨) આસો વદ ૦))ની રાત્રે પાંચ વાગે સર્વાર્થસિદ્ધમુહૂર્તમાં પર્યંકાસને બેઠેલા ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા. (દી૦ ક૦)

(૩) સર્વાર્થસિદ્ધમુહૂર્ત-રાત્રિની છેલ્લી ચાર ઘડી (૯૬ મીનીટ) બાકી રહે ત્યારે શરૂ થાય.

(૪) આસો વદ ૦))ની રાત્રે "ૐ હ્રીં શ્રી મહાવીરસ્વામી સર્વજ્ઞાય નમઃ" ની નવકારવાળી ૨૦ ગણવી.

(૫) આસો વદ ૦)) ની રાત્રે પાંચ વાગે ભગવાન મહાવીરના દેવવંદન કરીને "ૐ હ્રીં શ્રી મહાવીરસ્વામી પારંગતાય નમઃ" ની નવકારવાળી ૨૦ ગણવી.

(૬) આસો વદ ૦)) ની છેલ્લી રાત્રે અર્થાત્ કાર્તક સુદ ૧ની પ્રભાતે ગૌતમસ્વામીના દેવવંદન કરીને 'ૐ હ્રીં શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃ' ની નવકારવાળી ૨૦ ગણવી.

(૭) લૌકીક દીવાળી હોય ત્યારે લોકોત્તર દીવાળી પર્વનું ગણણું ગણવું. (સેન.)

# મૌન એકાદશીનું ગણણું

| **(૧) જંબુભરતે, અતીત ચોવીસી** | **(૨) જં. ભ. વર્તમાન-ચો.** |
|---|---|
| ૪-શ્રીમહાયશસર્વજ્ઞાય નમઃ | ૧૮-શ્રીઅરનાથનાથાય નમઃ |
| ૬-શ્રીસર્વાનુભૂતિ અર્હતે નમઃ | ૧૯- શ્રી મલ્લિનાથ અર્હતે નમઃ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬-શ્રી સર્વાનુભૂતિનાથાય નમઃ
૬-શ્રી સર્વાનુભૂતિસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીશ્રીધરનાથાય નમઃ

**(૩) જં. ભ. અનાગત ચો.**

૪-શ્રીસ્વયંપ્રભસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીદેવશ્રુત અર્હતે નમઃ
૬-શ્રી દેવશ્રુતનાથાય નમઃ
૬-શ્રી દેવશ્રુતસર્વજ્ઞાય નમઃ
૭-શ્રી ઉદયનાથનાથાય નમઃ

**(૫) ધા.પૂ.ભ.વ.ચો.**

૧૮-શ્રીગાંગિકનાથનાથાય નમઃ
૧૯-શ્રીગુણનાથ અર્હતે નમઃ
૧૯-શ્રીગુણનાથનાથાય નમઃ
૧૯-શ્રી ગુણનાથસર્વજ્ઞાય નમઃ
૨૧-શ્રીબ્રહ્મેન્દ્રનાથસર્વજ્ઞાય નમઃ

**(૭) પુષ્કરાર્ધ-પૂ.ભ.અ.ચો.**

૪-શ્રીસુમૃદુનાથસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીવ્યક્તનાથ અર્હતે નમઃ
૬-શ્રી વ્યક્તનાથનાથાય નમઃ
૬-શ્રી વ્યક્તનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીકલાશતનાથાય નમઃ

**(૯) પુષ્ક. પૂ.ભ.અના.ચો.**

૪-શ્રીપરમસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીક્ષુદ્ધાર્તિનાથ અર્હતે નમઃ
૬-શ્રીક્ષુદ્ધાર્તિનાથનાથાય નમઃ

૧૯-શ્રીમલ્લિનાથનાથાય-નમઃ
૧૯-શ્રી મલ્લિનાથસર્વજ્ઞાય નમઃ
૨૧-શ્રી નમિનાથ સર્વજ્ઞાય નમઃ

**(૪) ધાતકી પૂર્વ ભરતે, અ.ચો.**

૪-શ્રી અકલંકસર્વજ્ઞાય નમઃ
૬-શ્રી શુભંકરનાથ અર્હતે નમઃ
૬-શ્રીશુભંકરનાથનાથાય નમઃ
૬-શ્રી શુભંકરનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રી સપ્તનાથનાથાય નમઃ

**(૬) ધા.પૂ.ભ. અના.ચો.**

૪-શ્રી સાંપ્રતનાથસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીમુનિનાથ અર્હતે નમઃ
૬-શ્રીમુનિનાથનાથાય નમઃ
૬-શ્રીમુનિનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીવિશિષ્ટનાથનાથાય નમઃ

**(૮) પુષ્ક.પૂ.ભ.વ.ચો.**

૧૮-શ્રીઅયોગનાથનાથાય નમઃ
૧૯-શ્રીયોગનાથ અર્હતે નમઃ
૧૯-શ્રીયોગનાથનાથાય નમઃ
૧૯-શ્રીયોગનાથસર્વજ્ઞાય નમઃ
૨૧-શ્રીઅરણ્યવાસસર્વજ્ઞાય નમઃ

**(૧૦) ધાતકી પશ્ચિમ, ભ.અ.ચો.**

૪-શ્રીસર્વાર્થસર્વજ્ઞાય નમઃ
૬-શ્રી હરિભદ્ર અર્હતે નમઃ
૬-શ્રીહરિભદ્રનાથાય નમઃ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬-શ્રીક્ષુદ્ધાર્તિનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીનિઃકેશનાથનાથાય નમઃ

૬-શ્રી હરિભદ્રસર્વજ્ઞાય નમઃ
૭-શ્રી મગધાધિપનાથાય નમઃ

**(૧૧) ધા.પ.ભ.વ.ચો.**
૧૮-શ્રીમલયસિંહનાથાય નમઃ
૧૯-શ્રીઅક્ષોભનાથ અર્હતે નમઃ
૧૯-શ્રીઅક્ષોભનાથનાથાય નમઃ
૧૯-શ્રીઅભ્મોક્ષનાથસર્વજ્ઞાય નમઃ
૨૧-શ્રીપ્રયચ્છસર્વજ્ઞાય નમઃ

**(૧૨) ધા.પ.ભ.અના.ચો.**
૪-શ્રીદિનરૂકસર્વજ્ઞાય નમઃ
૬-શ્રી ધનદનાથ અર્હતે નમઃ
૬-શ્રીધનદનાથનાથાય નમઃ
૬-શ્રી ધનદનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીપૌષધનાથનાથાય નમઃ

**(૧૩) પુષ્ક. પશ્ચિ. ભ.અ.ચો.**
૪-શ્રીપ્રલંબસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીચારિત્રનિધિ અર્હતે નમઃ
૬-શ્રીચારિત્રનિધિનાથાય નમઃ
૬-શ્રીચારિત્રનિધિસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીપ્રશમરાજિતનાથાય નમઃ

**(૧૪) પુષ્ક. પ.ભ.વ.ચો.**
૧૮-શ્રીપ્રસાદનાથનાથાય નમઃ
૧૯-શ્રીવિપરીતનાથ અર્હતે નમઃ
૧૯-શ્રીવિપરીતનાથનાથાય નમઃ
૧૯-શ્રી વિપરીતનાથસર્વજ્ઞાય નમઃ
૨૧-શ્રીસ્વામીસર્વજ્ઞાય નમઃ

**(૧૫) પુષ્ક. પ.ભ.અના.ચો.**
૪-શ્રીઅઘટિતનાથસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીભ્રમણેન્દ્રનાથ અર્હતે નમઃ
૬-શ્રીભ્રમણેન્દ્રનાથનાથાય નમઃ
૬-શ્રી ભ્રમણેન્દ્રનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીઋષભચન્દ્રનાથાય નમઃ

**(૧૬) જંબુ ઐરવતે, અ.ચો.**
૪-શ્રીદયાન્તસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીઅભિનંદનનાથ અર્હતે નમઃ
૬-શ્રીઅભિનંદનનાથનાથાય નમઃ
૬-શ્રી અભિનંદનનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રી રત્નેશનાથનાથાય નમઃ

**(૧૭) જં.ઐ.વ.ચો.**
૧૮-શ્રીઅતિપાર્શ્વનાથનાથાય નમઃ
૧૯-શ્રીમરૂદેવનાથ અર્હતે નમઃ
૧૯-શ્રીમરૂદેવનાથનાથાય નમઃ
૧૯-શ્રી મરૂદેવનાથસર્વજ્ઞાય નમઃ

**(૧૮) જં.ઐ.અના.ચો.**
૪-શ્રીનંદિસેણસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીવ્રતધરનાથ અર્હતે નમઃ
૬-શ્રીવ્રતધરનાથનાથાય નમઃ
૬-શ્રીવ્રતધરનાથસર્વજ્ઞાય નમઃ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૧-શ્રીશ્યામકોષ્ટસર્વજ્ઞાય નમઃ

૭-શ્રીનિર્વાણનાથનાથાય નમઃ

**(૧૯) ધા.પૂ.ઐ.અ.ચો.**

૪-શ્રીસૌંદર્યનાથસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીત્રિવિક્રમનાથ અર્હતે નમઃ
૬-શ્રીત્રિવિક્રમનાથનાથાય નમઃ
૬-શ્રીત્રિવિક્રમનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીનરસિંહનાથનાથાય નમઃ

**(૨૦) ધા.પૂ.ઐ.વ.ચો.**

૧૮-શ્રીકામનાથનાથાય નમઃ
૧૯-શ્રીસંતોષિતનાથ અર્હતે નમઃ
૧૯-શ્રીસંતોષિતનાથનાથાય નમઃ
૧૯-શ્રીસંતોષિનાથસર્વજ્ઞાય નમઃ
૨૧-શ્રીખેમંતનાથસર્વજ્ઞાય નમઃ

**(૨૧) ધા.પૂ.ઐ.અના.ચો.**

૪-શ્રીમુનિનાથસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીચન્દ્રદાહ અર્હતે નમઃ
૬-શ્રીચન્દ્રદાહનાથાય નમઃ
૬-શ્રી ચન્દ્રદાહસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીદિલાદિત્યનાથાય નમઃ

**(૨૨) પુષ્ક. પૂ.ઐ.અ.ચો.**

૪-શ્રીઅષ્ટાહિકાસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીવણિકનાથ અર્હતે નમઃ
૬-શ્રીવણિકનાથનાથાય નમઃ
૬-શ્રીવણિકનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીઉદયજ્ઞાનનાથાય નમઃ

**(૨૩) પુષ્ક. પૂ.ઐ.વ.ચો.**

૧૮-શ્રીક્ષેમંતનાથનાથાય નમઃ
૧૯-શ્રીસાયકાક્ષ અર્હતે નમઃ
૧૯-શ્રીસાયકાક્ષનાથાય નમઃ
૧૯-શ્રીસાયકાક્ષસર્વજ્ઞાય નમઃ
૨૧-શ્રીતમોકંદસર્વજ્ઞાય નમઃ

**(૨૪) પુષ્ક. પૂ.ઐ. અના.ચો.**

૪-શ્રીનિર્વાણિકસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીરવિરાજ અર્હતે નમઃ
૬-શ્રીરવિરાજનાથાય નમઃ
૬-શ્રીરવિરાજસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીપ્રથમનાથનાથાય નમઃ

**(૨૫) ધા.પશ્ચિ.ઐ.અ.ચો**

૪-શ્રીપરૂરવાસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીઅવબોધ અર્હતે નમઃ
૬-શ્રીઅવબોધનાથાય નમઃ
૬-શ્રીઅવબોધસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીવિક્રમેન્દ્રનાથાય નમઃ

**(૨૬) ધા.પશ્ચિ.ઐ.વ.ચો.**

૧૮-શ્રીનંદિકેશનાથાય નમઃ
૧૯-શ્રીહરદેવ અર્હતે નમઃ
૧૯-શ્રીહરદેવનાથાય નમઃ
૧૯-શ્રીહરદેવસર્વજ્ઞાય નમઃ
૨૧-શ્રીસુશાન્તિસર્વજ્ઞાય નમઃ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**(૨૭) ધા.પશ્ચિ.ઐ.અના.ચો.**
૪-શ્રીમહામૃગેન્દ્રસર્વજ્ઞાય નઃ
૬-શ્રીઅશોચિત અર્હતે નમઃ
૬-શ્રીઅશોચિતનાથાય નમઃ
૬-શ્રીઅશોચિતસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીધર્મેન્દ્રનાથાય નમઃ

**(૨૮) પુષ્ક.પશ્ચિ.ઐ.અ.ચો.**
૪-શ્રીઅશ્વવૃંદસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીકુટલિક અર્હતે નમઃ
૬-શ્રીકુટલિકનાથાય નમઃ
૬-શ્રીકુટલિકસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીવર્ધમાનનાથાય નમઃ

**(૨૯) પુષ્ક. પશ્ચિ.ઐ.વ.ચો.**
૧૮-શ્રીવિવેકનાથનાથાય નમઃ
૧૯-શ્રીધર્મચન્દ્ર અર્હતે નમઃ
૧૯-શ્રીધર્મચન્દ્રનાથાય નમઃ
૧૯-શ્રીધર્મચન્દ્રસર્વજ્ઞાય નમઃ
૨૧-શ્રી નંદિકેશસર્વજ્ઞાય નમઃ

**(૩૦) પુષ્ક.પશ્ચિ.ઐ.અના.ચો.**
૪-શ્રીકલાપકસર્વજ્ઞાય નમઃ
૬-શ્રીવિશોમનાથ અર્હતે નમઃ
૬-શ્રીવિશોમનાથનાથાય નમઃ
૬-શ્રીવિશોનાથસર્વજ્ઞાય નમઃ
૭-શ્રીઅરણ્યનાથનાથાય નમઃ

## પૌષધ લેવાનું સૂત્ર

કરેમિ ભંતે! પોસહં **આહાર**પોસહં દેસઓ-સવ્વઓ, **સરીરસક્કાર**પોસહં સવ્વઓ, **બંભચેર**પોસહં સવ્વઓ, અવ્વાવારપોસહં સવ્વઓ, ચઉવ્વિહં પોસહં ઠામિ, જાવદિવસં (જાવઅહોરત્તં, જાવસેસદિવસંરત્તં) પજ્જુવાસામિ. દુવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ, નકારવેમિ, તસ્સ ભંતે! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

## પૌષધ પારવાનું સૂત્ર

સાગરચંદો કામો, ચંદવડિંસો સુદંસણો ધન્નો;
જેસિં પોસહપડિમા, અખંડિઆ જીવિઅંતેવિ. ............. ૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધન્ના સલાહણિજ્જા, સુલસા આણંદ કામદેવાય;
જાસ પસંસઇ ભયવં દઢવ્વયત્તં મહાવીરો. ................ ૨

પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોય **તેસવિહુ** મન વચન કાયાએ કરી મિચ્છામિ દુક્કડં, પોસહના **અઢાર દોષમાં** જે કોઇ પાપદોષ લાગ્યો હો તે સવિહુ.

## પર્યુષણનું ચૈત્યવંદન

પર્વ પર્યુષણ ગુણ નીલો, નવ કલ્પ વિહાર;
ચાર માસાન્તર થિર રહે, એહીજ અર્થ ઉદાર. ........... ૧

અષાઢ શુદી ચઉદસ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમેં, પડિક્કમતાં ચૌમાસ. .............. ૨

શ્રાવક પણ સમતા ધરે, કરે ગુરુના બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભલે થઈ એક તાન. .......... ૩

જિનવર ચૈત્ય જુહારીયે, ગુરુ ભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીયે શિવ વરમાલ. ............... ૪

દર્પણથી નિજ રૂપનો, જુએ સુદૃષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અર્પણો, જ્ઞાન રમણ મુનિ ભૂપ. .......... ૫

આતમ સ્વરૂપ વિલોકતાં એ, પ્રગટ્યો મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ................. ૬

નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણે, હોય વિરાધક નિયમા. .......... ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ નહીં પર્વ પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યું અરિહા નાથે. ............ ૮
શ્રુત કેવલી વયણા સુણી, લહી માનવ અવતાર;
શ્રી શુભ વીર ને શાસને, પામ્યા જય જય કાર. .......... ૯

## પર્યુષણ પર્વનું ચૈત્યવંદન

વડા કલ્પ પૂરવ દિને, ઘરે કલ્પને લાવો.
રાત્રિ જાગરણ પ્રમુખ કરી, શાસન સોહાવો. ............. ૧
હય ગય શણગારી કુમર, લાવો ગુરુ પાસે.
વડા કલ્પ દિન સાંભલો, વીર ચરિત ઉલ્લાસે. ............. ૨
છઠ દ્વાદશ તપ કીજિયે, ધરીએ શુભ પરિણામ.
સાધર્મી વત્સલ પ્રભાવના, પૂજા અભિરામ. ................ ૩
જિન ઉત્તમ ગૌતમ પ્રત્યે એ, કહે જો એકવીસ વાર.
ગુરુ મુખ પદ્મે ભાવશું, સુણતાં પામે પાર. ................ ૪

## પર્યુષણ પર્વનું ચૈત્યવંદન

કલ્પ-તરુવર કલ્પસૂત્ર, પૂરે મન વાંછિત;
કલ્પધરે ધુરથી સુણો, શ્રી મહાવીર ચરિત. ................ ૧
ક્ષત્રિયકુંડે નરપતિ, સિદ્ધારથ રાય;
રાણી ત્રિશલા તણી કૂખે, કંચન સમ કાય. ................ ૨
પુષ્પોત્તર વરથી ચવ્યા એ, ઊપજ્યા પુણ્ય પવિત્ર;
ચતુરા ચૌદ સુપન લહે, ઊપજે વિનય વિનીત. ............ ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ પર્વ સ્તવન

સુણજો સાજન સંત, પજુસણ આવ્યાં રે;
તમે પુણ્ય કરો પુણ્યવંત, ભવિક મન ભાવ્યાં રે.
વીર જિણેસર અતિ અલવેસર,
વાલા મારા પરમેસર એમ બોલે રે;
પર્વ માંહે પજુસણ મોટાં,
અવર ન આવે તસ તોલે રે...................... પજુસણ.૧

ચૌપદ માંહે જેમ કેશરી મોટો વાલા..,
ખગમાં ગરુડ તે કહીએ રે.
નદી માંહે જેમ ગંગા મોટી,
નગમાં મેરુ લહિયે રે. ............ પજુસણ.૨

ભૂપતિમાં ભરતેસર ભાખ્યો વાલા,
દેવ માંહે સુર ઇંદ્ર રે.
સકલ તીરથ માંહે શેત્રુંજો દાખ્યો,
ગ્રહ-ગણમાં જેમ ચંદ્ર રે......................... પજુસણ.૩

દશેરા દીવાલી ને વલી હોલી વાલા,
અખાતીજ દિવાસો રે.
બલેવ પ્રમુખ બહુલાં છે બીજાં,
એ નહિ મુક્તિનો વાસો રે........ પજુસણ.૪

તે માટે તમે અમારી પલાવો વાલા,
અટ્ઠાઇ મહોત્સવ કીજે રે.
અટ્ઠમ તપ અધિકાઇએ કરીને, .
નર ભવ લાહો લીજે રે. ........................ પજુસણ.૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઢોલ દદામા ભેરી નફેરી વાલા,
કલ્પસૂત્ર ને જગાવો રે.
ઝાંઝરનો ઝમકાર કરીને,
ગોરીની ટોલી મલી આવો રે..... પજુસણ.૬

સોના રૂપાને ફૂલડે વધાવો વાલા,
કલ્પસૂત્ર ને પૂજો રે.
નવ વખાણ વિધિએ સાંભલતાં,
પાપ મેવાસી ધ્રુજ્યો રે.......................... પજુસણ.૭

એમ અટ્ઠાઈ મહોત્સવ કરતાં વાલા,
બહુ જગજન ઉદ્ધરિયા રે.
વિબુધ વિમલ વર સેવક નય કહે,
નવનિધિ ઋદ્ધિ સિદ્ધિ વર્યા રે ..... પજુસણ.૮

## પર્યુષણ પર્વ સ્તવન

રીઝો રીઝો શ્રી વીર દેખી, શાસનના શિરતાજ;
હરખો હરખો આ મોસમ આવી, પર્વ પર્યુષણા આજ. રીઝો.૧

પ્રભુજી દેવે પર્ષદામાંહે, ઉત્તમ શિક્ષા એમ;
આલસમાં બહુ કાલ ગુમાવ્યો, પર્વ ન સાધો કેમ?. રીઝો.૨

સોનાનો રજકણ સંભાલે, જેમ સોની એક ચિત્ત;
તેથી પણ આ અવસર અધિકો, કરો આતમ પવિત્ર.રીઝો.૩

જેને માટે નિશદિન રખડો, તજી ધરમના નેમ;
પાપ કરો તો શિર પર બોજો, તો વ્યાજબી કેમ.... રીઝો.૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઇ ન લેશે ભાગ પાપનો, ધનનો લેશે સર્વ;
પરભવ જાતાં સાથ ધર્મનો, સાધો આ શુભ પર્વ. .. રીઝો.૫

સંપીને સમતાએ સુણજો, અટ્ઠાઇ વ્યાખ્યાન;
છટ્ઠ કરજો શ્રી કલ્પસૂત્રનો, વાર્ષિક અટ્ઠમ જાણ. રીઝો.૬

નિશીથ સૂત્રની ચૂર્ણિમાંહે, આલોચના વખણાય;
ખમીએ હોંશે સર્વ જીવને, જીવન નિર્મલ થાય..... રીઝો.૭

ઉપકારી શ્રી પ્રભુની કીજે, પૂજા અષ્ટ પ્રકાર;
ચૈત્ય જુહારો ગુરુ વંદીજે, આવશ્યક બે કાલ...... રીઝો.૮

પૌષધ ચોસઠ પ્રહરી કરતાં, જાયે કર્મ જંજાલ;
પદ્મ વિજય સમતા રસ ઝીલે, ધર્મે મંગલમાલ. .... રીઝો.૯

## પર્યુષણ પર્વ સ્તુતિ

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી;
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી.

કુંવર ગયવર ખન્ધ ચઢાવી, ઢોલ નિશાન વગડાવોજી;
સદ્ગુરુ સંગે ચઢતે રંગે, વીર-ચરિત્ર સુણાવોજી. .......... ૧

પ્રથમ વખાણ ધર્મ સારથિ પદ, બીજે સુપનાં ચારજી;
ત્રીજે સુપન પાઠક વલી ચોથે, વીર જનમ અધિકારજી.

પાંચમે દીક્ષા છટ્ઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી;
આઠમે થિરાવલી સંભલાવે, પિઉડા પૂરો જગીશજી. ...... ૨

છટ્ઠ અટ્ઠમ અટ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી;
વરસી પડિક્કમણું મુનિ વન્દન, સંઘ સકલ ખામીજેજી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આઠ દિવસ લગે અમર પલાવી, દાન સુપાત્રે દીજેજી;
ભદ્રબાહુ ગુરુ વચન સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ..... ૩

તીરથમાં વિમલાચલ, ગિરિમાં મેરુ મહીધર જેમજી;
મુનિવર માંહી જિનવર મોટા, પરવ પજુસણ તેમજી.

અવસર પામી સાહમ્મિ-વચ્છલ, બહુ પકવાન વડાઈજી;
ખીમા વિજય જિનદેવી સિદ્ધાઈ; દિન-દિન અધિક વધાઈજી. ૪

## અષ્ટમી તિથિનું ચૈત્યવંદન

મહા શુદિ આઠમ દિને, વિજયા સુત જાયો;
તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આયો. ............ ૧

ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચન્દ. ......... ૨

માધવ શુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ............. ૩

એહી જ આઠમ ઊજલી, જન્મ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કલશે કરી, નવરાવે સુર ઇંદ. ................ ૪

જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમ અષાડ શુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી. ........... ૫

શ્રાવણ વદની આઠમે, નમિ જન્મ્યા જગ ભાણ;
તેમ શ્રાવણ શુદિ આઠમે, પાસજીનું નિર્વાણ. ............. ૬

ભાદરવા વદી આઠમ દિને, ચવીયા સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ. ............... ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અષ્ટમી તિથિ સ્તવન

(ઢાલ-૧)

શ્રી રાજગૃહી શુભ ઠામ, અધિક દિવાજે રે;
વિચરંતા વીર જિણંદ, અતિશય છાજે રે.
ચોત્રીશ અને પાંત્રીશ, વાણી ગુણ લાવે રે,
પાઉં ધાર્યા વધામણી જાય, શ્રેણિક આવે રે. .............. ૧

તિહાં ચોસઠ સુરપતિ આવી, ત્રિગડું બનાવે રે;
તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવે રે.
સુર નર ને તિર્યંચ, નિજ નિજ ભાષા રે;
તિહાં સમજીને ભવતીર, પામે સુખ ખાસા રે. ............ ૨

તિહાં ઇન્દ્રભૂતિ ગણધાર, શ્રીગુરુ વીરને રે;
પૂછે અષ્ટમીનો મહિમાય, કહો પ્રભુ અમને રે.
તવ ભાખે વીર જિણંદ, સુણો સહુ પ્રાણી રે;
આઠમ દિન જિનનાં કલ્યાણ, ધરો ચિત્ત આણી રે....... ૩

(ઢાલ-૨)

શ્રી ઋષભનું જન્મ-કલ્યાણ રે,
વલી ચારિત્ર લહ્યું ભલે વાણ રે
ત્રીજા સમ્ભવનું ચ્યવન કલ્યાણ.
ભવિ તુમે અષ્ટમી તિથિ સેવો રે,
એ છે શિવ-વધૂ વરવાનો મેવો. ......................ભવિ૧

શ્રી અજિત-સુમતિ નમિ જન્મ્યા રે,
અભિનંદન શિવપદ પામ્યા રે;
જિન સાતમા ચ્યવન દીપાવ્યા. ........ભવિ.૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીશમા મુનિસુવ્રત સ્વામી રે,
જેહનો જનમ હોય ગુણ ધામી રે;
બાવીસમા શિવ વિસરામી............................ભવિ.૩

પારસનાથજી મોક્ષ મહંતા રે,
ઇત્યાદિક જિન ગુણવન્તા રે;
કલ્યાણક મુખ્ય કહન્તા................ભવિ.૪

શ્રી વીર જિણંદની વાણી રે,
નિસુણી સમજ્યા ભવિ પ્રાણી રે;
આઠમ દિન અતિ ગુણ ખાણી.......................ભવિ.૫

અષ્ટ કર્મ તે દૂર પલાય રે,
એથી અડ-સિદ્ધિ અડ-બુદ્ધિ થાય રે;
તે કારણ સેવો ચિત્ત લાય. ............ભવિ.૬

શ્રી ઉદય સાગર સૂરિરાયા રે,
ગુરુ શિષ્ય વિવેકે ધ્યાયા રે;
તસ ન્યાય સાગર ગુણ ગાયા.......................ભવિ.૭

## વીરપ્રભુનું હાલરડું

માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરૂવાના ગીત
સોના રૂપા ને વળી રત્ને જડિયું પારણું,
રેશમ દોરી ઘૂઘરી વાગે છુમ છુમ રીત...
હાલો હાલો હાલો મારાં નંદને રે ......................... ૧

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસે આંતરે,
હોશે ચોવીશમા તીર્થંકર જિન પરિમાણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે મારે અમૃતવાણ...હાલો ............. ૨
ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રી રાજ
જિનજી પાસ પ્રભુનાં શ્રી કેશી ગણધાર,
તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ...હાલો ......... ૩
મારી કૂખે આવ્યા તારણતરણ જહાજ,
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ
મારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઈ આજ...હાલો ........... ૪
મુજને દોહલો ઊપન્યો બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય
એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં,
તે દિન સંભારું ને આનંદ અંગ ન માય...હાલો ......... ૫
કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રીજગદીશ
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વીસવાવીસ...હાલો ............. ૬
નંદન નવલા બંધવ નંદીવર્ધનના તમે,
નંદન ભોજાઈઓના દીયર છો સુકુમાળ,
હસશે ભોજાઈઓ કહી દીયર મારાં લાડકા,
હસશે રમશે ને વળી ચૂંટી ખણશે ગાલ,
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ...હાલો ............ ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નંદન નવલા ચેડારાજાના ભાણેજ છો,
નંદન નવલા પાંચસેં મામીના ભાણેજ છો,
નંદન મામલિયાના ભાણેજા સુકુમાર,
હસશે હાથે ઉછાળી કહીને ન્હાના ભાણેજા,
આંખો આંજીને વળી ટપકું કરશે ગાલ...હાલો ........... ૮

નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
રતને જડિયાં ઝાલર મોતી કસબી કોર,
નીલા પીલા ને વળી રાતા સર્વે જાતિના,
પહેરાવશે મામી મારાં નંદકિશોર...હાલો ................. ૯

નંદન મામા મામી સુખલડી બહુ લાવશે,
નંદન ગજવે ભરશે લાડુ મોતીચૂર,
નંદન મુખડા જોઈને લેશે મામી ભામણા,
નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર...હાલો .......... ૧૦

નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજી ને બેન તમારી નંદ,
તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે,
તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ...હાલો ....... ૧૧

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો,
વળી સુડા મેના પોપટ ને ગજરાજ,
સારસ હંસ કોયલ તીતર ને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ...હાલો ........... ૧૨

છપ્પન કુમરી અમરી જલકળશે નવરાવિયા,
નંદન તમને અમને કેલીઘરની માંહી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને મંડલે,
બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહી...હાલો ..... ૧૩

તમને મેરુગિરિ પર સુરપતિએ નવરાવિયા,
નીરખી નીરખી હરખી સુકૃત લાભ કમાય,
મુખડા ઉપર વારું કોટિ કોટિ ચંદ્રમા,
વળી તન પર વારું ગ્રહ-ગણનો સમુદાય...હાલો ....... ૧૪

નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
ગજ પર અંબાડી બેસાડી મોટે સાજ,
પસલી ભરશું શ્રીફળ ફોકળ નાગરવેલશું,
સુખલડી લેશું નિશાળિયાને કાજ...હાલો ................ ૧૫

નંદન નવલા મોટા થાશો ને પરણાવશું,
વહુવર સરખી જોડી લાવશું રાજકુમાર,
સરખા વેવાઈ વેવાણને પધરાવશું,
વર-વહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર...હાલો .......... ૧૬

પીઅર સાસર માહરા, બેહુ પખ નંદન ઊજળા,
મારી કૂખે આવ્યાં તાત પનોતા નંદ,
માહરે આંગણે વુઠા, અમૃત દૂધે મેહુલા,
માહરે આંગણે ફળિયા, સુરતરુ સુખના કંદ...હાલો .... ૧૭

ઈણી પેરે ગાયું માતા ત્રિસલા સુતનું પારણું,
જે કોઈ ગાશે લેશે પુત્રતણા સામ્રાજ,
બીલીમોરા નગરે વર્ણવ્યું વીરનું હાલરું,
જય જય મંગલ હોજો, દીપવિજય કવિરાજ...હાલો .... ૧૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરપ્રભુનું ૨૭ ભવનું સ્તવન (પાંચ ઢાળ)

(દોહા)

શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય .............. ૧

સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય
જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય ................ ૨

વીર જિનેશ્વર સાહિબો, ભમિયો કાળ અનંત
પણ સમકિત પામ્યા પછી, અંતે થયાં અરિહંત ........... ૩

(ઢાળ પહેલી)

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે,
પ્રાણી! ધરીએ સમકિત રંગ,
જિમ પામિયે સુખ અભંગ રે, પ્રાણી ....................... ૧

મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય
દાન દેઈ ભોજન કરું રે, તો વાંછિત ફળ હોય રે, પ્રાણી ૨

મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ
પૂછે કિમ ભટકો ઈહાં રે, મુનિ કહે સાથ વિયોગ રે, પ્રાણી૩

હર્ષભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ
ભોજન કરી કહે ચાલીએ રે, સાથ ભેળા કરું આજ રે, પ્રાણી૪

પગવટીએ ભેળા કર્યાં રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ
સંસારે ભૂલા ભમો રે, ભાવ માર્ગ અપવર્ગ રે, પ્રાણી .... ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવગુરુ ઓળખાવિયા રે, દીધો વિધિ નવકાર
પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યા સમકિત સાર રે, પ્રાણી ૬
શુભ ધ્યાને મરી સુર હુઆ રે, પહેલાં સ્વર્ગ મઝાર
પલ્યોપમ આયુ ચ્યવી રે, ભરત ઘરે અવતાર રે, પ્રાણી .. ૭
નામે મરચી યૌવને રે, સંયમ લીએ પ્રભુ પાસ
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે, પ્રાણી ૮

(ઢાળ બીજી)

નવો વેશ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા,
જળથોડે સ્નાન વિશેષે, પગે પાવડી ભગવે વેશે. .......... ૧
ધરે ત્રિદંડી લાકડી મહોટી, શિર મુંડણ ને ધરે ચોટી,
વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે.......... ૨
સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે
સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ.......... ૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરિચી નામ
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલાં. . ૪
ચક્રવર્તી વિદેહે થાશે, સુણો આવ્યા ભરત ઉલ્લાસે
મરિચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા. ....... ૫
તમે પુન્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો
નવિ વંદું ત્રિદંડીક વેશ, નમું ભક્તિયે વીર જિનેશ........ ૬
એમ સ્તવના કરી ઘેર જાવે, મરિચી મન હર્ષ ન માવે
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ....... ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમે વાસુદેવ ધુર થઈશું, કુળ ઉત્તમ માહરું કહીશું
નાચે કુળમદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો........ ૮

એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ...... ૯

દેશના સુણી દીક્ષા યાસે, કહે મરિચી લીયો મુનિ પાસે
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે........ ૧૦

તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરિચી એમ
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો...... ૧૧

મરિચી કહે ધર્મ ઉભયમાં, લીએ દીક્ષા યૌવન વયમાં
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર...... ૧૨

લાખ ચોરાશી પૂરવ આય, પાળી પાંચમે સ્વર્ગ સધાય
દસ સાગર જીવિત ત્યાંહી, શુભવીર સદા સુખમાંહી. ... ૧૩

(ઢાળ ત્રીજી)

પાંચમે ભવે કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેશ
એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેશે મરી ........ ૧

કાલ બહુ ભમિયો સંસાર, થુણાપુરી છટ્ઠો અવતાર
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડીક વેશ ધરાય .. ૨

સૌધર્મે મધ્ય સ્થિતિયે થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુલખ સાઠે મુઓ .... ૩

મધ્ય સ્થિતિએ સુર સર્ગ ઈશાન, દશમે મંદિર પુર દ્વિજઠાણ
લાખ છપ્પન પૂરવ આયુધરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી . ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રીજે સરગે મધ્યાયુ ધરી, બારમે ભવે શ્વેતાંબીપુરી
પૂરવ લાખ ચુમ્માલીશ આય, ભારદ્વીજ ત્રિદંડીક થાય.... ૫

તેરમે ચોથે સર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીશ લાખ પૂરવનું આય .. ૬

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સર્ગે મરીને ગયો
સોળમે ભવ કોડ વરસનું આય, રાજકુમાર વિશ્વભૂતિ થાય.....૭

સંભૂતિમુનિ પાસે અણગાર, દુક્કર તપ કરી વરસ હજાર
માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા .. ૮

ગાયે હણ્યા મુનિ પડિયા વશા, વિશાખાનંદી પિતરિયા હસ્યા
ગોશૃંગે મુનિ ગર્વે કરી, ગન ઉછાળી ધરતી ધરી.......... ૯

તપ બળથી હોજો બળ ઘણી, કરી નિયાણું મુનિ અણસણી
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા ..... ૧૦

(ઢાળ ચોથી)

અઢારમે ભવે સાત, સુપન સુચિતસતિ,
પોતનપુરીયે પ્રજાપતિ રાણી મૃગાવતી
તસ સુત નામે ત્રિપૃષ્ઠ, વાસુદેવ નીપન્યા,
પાપ ઘણું કરી, સાતમી નરકે ઉપન્યા ..................... ૧

વીશમે ભવ થઈ સિંહ, ચોથી નરકે ગયા,
તિહાંથી ચવી સંસારે, ભવ બહુલા થયાં
બાવીશમે નરભવ લહી, પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમે રાજધાની, મૂકાએ સંચર્યા ......... ૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાય ધનંજય ધારણી રાણીયે જનમિયા,
લાખ ચોરાશી પૂરવ આયુ જીવિયા
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર દશા પાલી સહી ...................... ૩

મહાશુક્રે થઈ દેવ ઈણે ભરતે ચવી,
છત્રિકા નગરીયે જિતશત્રુ રાજવી
ભદ્રામાય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી ............. ૪

અગિયાર લાખને એંશી હજાર છસ્સેં વળી,
ઉપર પિસ્તાળીશ અધિક પણ દિન રુળી
વીશ સ્થાનક માસખમણે ભવજૂજીવ સાધતાં,
તીર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા ........................ ૫

લાખ વરસ દીક્ષા પર્યાય તે પાલતા,
છવ્વીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા
સાગર વીશનું જીવિત સુખભર ભોગવે,
શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે .... ૬

(ઢાળ પાંચમી)

નયર માહણકુંડમાં વસે રે, મહા ઋદ્ધિ ઋષભદત્ત નામ
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે, પેટ ૧
બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિ-ણગમેષી આય
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કૂખે છટકાય રે, ત્રિશલા ૨
નવ માસાંતરે જનમિયા રે, દેવ દેવીએ ઓચ્છવ કીધ
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે, નામે ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ
બાર વરસે હુઆ કેવળી રે, શિવ વહુનું તિલક શિર કીધ રે, શિવ૪
સંઘ ચતુર્વિધ થાપિયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર
સંયમ દેઈ શિવ મોકલ્યાં રે, ભગવતી સૂત્રે અધિકાર રે, લગ ૫
ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર
છત્રીશ સહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે, બીજો ૬
ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ
બહોતેર વરસનું આઉખું રે, દિવાલીયે શિવપદ લીધ રે, દિવાલી ૭
અગુરુલઘુ અવગાહને રે, કીયો સાદી અનંત નિવાસ
મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે, તન . ૮
તુમ સુખ એક પ્રદેશનું રે, નવી માવે લોકાકાશ
તો અમને સુખિયા કરો રે, અમે ધરીએ તુમારી આશ રે, અમે ૯
અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરુ ઉપદેશ
લાલચ લાગી સાહેબા રે, નવિ ભજિયે કુમતિનો લેશ રે, નવિ ૧૦
મ્હોટાનો જે આશરો રે, તેથી પામિયે લીલ વિલાસ
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે, શુભ૧૧

(કળશ)

ઓગણીશ એકે વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્ધમાન જિનેશ્વરો
સંવેગ રંગ તરંગ ઝીલે, જસ વિજય સમતા ધરો
શુભવિજય પંડિત ચરણ સેવક, વીરવિજય જય જય કરો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री द्वादशांग पुरुषः




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री सरस्वती यंत्र-मंत्र




**ॐ ह्रीँ हसौँ हम्ल्व्र्यूँ हस्प्रेँ ॐ ऐँ**
**त्रिपुर शारदायै भैरव्यै देवतायै नमः**

**ॐ ह्रीँ श्रीँ क्लीँ वाग्वादिनी सरस्वती मम**
**जिह्वाग्रे वासं कुरु-कुरु स्वाहा**

ACHARYA ... GYANMANDIR
Phone : (079) ... 204-0

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર ભાગ-૧**

નવસ્મરણાદિ સ્તોત્ર

**કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર ભાગ-૨**

ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ૬ કર્મગ્રંથ, તત્વાર્થ, પંચસૂત્ર (સંપૂર્ણ)

**કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર ભાગ-૩**

શ્રમણક્રિયાના સૂત્રો, ઉપયોગી માહિતી

**કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર ભાગ-૪**

દશવૈકાલિક સૂત્ર, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ

**કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર ભાગ-૫**

વીતરાગ સ્તોત્ર, મહાદેવ સ્તોત્ર, ઈન્દ્રિય પરાજય શતક,
વૈરાગ્ય શતક, જ્ઞાનસાર, પ્રશમરતિ, શિષ્યોપનિષદ્,
જૈનોપનિષદ્ આત્માવબોધકુલક, ગુણાનુરાગકુલક,
ગૌતમકુલક, ભાવકુલક, વિકારનિરોધકુલક, સાધુનિયમકુલક

**કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર ભાગ-૬**

શાંતસુધારસ, યોગશાસ્ત્ર, અષ્ટકપ્રકરણ, ચઉશરણ પયન્ના,
આઉર પચ્ચક્ખાણ પયન્ના

**કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર ભાગ-૭**

યોગસાર પ્રકરણ, સિંદુર પ્રકરણ
અધ્યાત્મ ઉપનિષદ્, અધ્યાત્મ કલ્પદ્રુમ

**કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર ભાગ-૮**

દેવવંદન, જ્ઞાનપૂજા, મૌનએકાદશી ગણણું, દિવાળી ગણણું

**કૈલાસ-પદ્મ સ્વાધ્યાય સાગર ભાગ-૯**

પ્રવ્રજ્યા તીર્થ તપમાળ વિધિ, વિવિધ વિધિ,
સંખ્યા, ઉપયોગી સંગ્રહ

CONCEPT : BIJAL CREATION : 079-22112392

For Private And Personal Use Only